॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ।

# શ્રી તુલસી વિવાહ


પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી
છપાવી પ્રસિદ્ધ કરનાર
સ.ગુ. મહંત પુરાણી સ્વામી
ધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

સંવત્ ૨૦૬૭ મહા સુદ - ૫
વસંત પંચમી સને ૨૦૦૮
તા. ૦૮, ફેબ્રૂઆરી મંગળવાર
પ્રત ૫૦૦૦
કિંમત રૂા. ૨૫-૦૦

**શ્રી પુરુષોત્તમ વિવાહ, રૂક્ષ્મણી વિવાહ, લક્ષ્ણી વિવાહ, શ્રીજી મહારાજના શ્લોક અને વૃત્તિ વિવાહ**

-: પ્રાપ્તિ સ્થાન :-
શ્રીસ્વામિનારાયણ મંદિર
શ્રીનરનારાયણદેવ કોઠાર
શ્રીસ્વામિનારાયણ રોડ, ભુજ - કચ્છ.
ફોન :- ૨૫૦૨૩૧-૨૫૦૩૩૧

મુદ્રક :- શ્રીનરનારાયણદેવ પ્રીન્ટીંગ પ્રેસ
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.



# નિવેદન

કલૌ કીર્તનાત્ કળીયુગમાં કીર્તનભક્તિને સત્શાસ્ત્રોમાં ઘણું જ મહત્વ અપાયેલું છે. વળી કીર્તનભક્તિ એ સંપ્રદાયનું એક અગત્યનું અંગ છે. નવધા ભક્તિમાં પણ એનું સ્થાન મુખ્ય છે. તેમજ કીર્તનભક્તિને તો કળિયુગમાં કલ્પવૃક્ષ ગણવામાં આવી છે. કારણ કે, ''સંકીર્ત્ય નારાયણનામમંત્રં વિમુક્તદુઃખાઃ સુખિનો ભવન્તિ'' સ્વામિનારાયણ નામનું સંકીર્તન કરવાથી જીવાત્મા ભવસાગરની ભવાટીના દુઃખોમાંથી મુક્ત બની દિવ્ય સુખનો અધિકારી બને છે. અને આ કળિયુગમાં કીર્તન ભક્તિના માધ્યમથી મનને સહેલાઈથી પ્રભુમાં સંલગ્ન કરી શકાય છે.

**यत्फलं नास्ति तपसा न योगेन समाधिना ।**
**तत्फलं लभेत सम्यक् कलौ केशवकीर्तनात् ॥**

જે ફલ તપ કરવાથી, યોગ સાધવાથી, સમાધિ કરવાથી મળતું નથી તે ફળ કળિયુગમાં કીર્તન ભક્તિથી પ્રાપ્ત થાય છે. આ રીતે સત્શાસ્ત્રોમાં સવિસ્તાર પ્રતિપાદન કરેલ છે.

શ્રીજીમહારાજને કીર્તન ભક્તિ અતિશય પ્રિય હતી. તેથી સ્વયં પોતે સભામાં બુરાજતા ત્યારે કથા-વાર્તા સાથે નિરંતર કીર્તન ગવરાવતા. ગવૈયા સંતો જ્યારે વાજીંત્રો લઈને સંકીર્તન કરતા ત્યારે શ્રીજીમહારાજ પોતે ચપટી વજાડીને ભેળા ગાવવા લાગતા. આટલું જ નહિ પણ કથા વંચાતી હોય તોય પોતે કીર્તન સાંભળતા અને ગવૈયા સંતોના કીર્તન સાંભળી હરવખત શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને મોજ પણ આપતા તેમજ નવાં કીર્તનો રચવાની પ્રેરણા પણ આપતા. શ્રીજીમહારાજની સમીપમાં જ રહી કવિ સંતોએ નખશિખ મનોહર મૂર્તિ નિરખતાં જે ભાવવિભોર ઉદ્‌ગારો કીર્તનમાં વહાવ્યા છે, એતો ખરેખર અદ્‌ભુત અને અનુપમ છે. પ્રત્યક્ષ તેમજ પરોક્ષ ભાવે પ્રગટ પ્રભુનો અગાધ મહિમા ગાતા પદો તથા પ્રગટ પુરુષોત્તમની પ્રેમલક્ષણા ભક્તિભાવથી છલકાતાં નંદ સંતોનાં કીર્તનો આજેય સારાએ સત્સંગ સમાજને ભીંજવી રહ્યાં છે.

શ્રીજીમહારાજની આજ્ઞાથી કવિવર સદ્. મુક્તાનંદ સ્વામી, સદ્. બ્રહ્માનંદ સ્વામી, સદ્. પ્રેમાનંદ સ્વામી, સદ્. નિષ્કુળાનંદ સ્વામી, સદ્. મંજુકેશાનંદ સ્વામી, સદ્. ભૂમાનંદ સ્વામી અને સદ્. કૃષ્ણાનંદ સ્વામી જેવા સમર્થ અષ્ટ સંતોએ જુદા જુદા રાગોમાં અદ્‌ભુત કીર્તન સાહિત્ય રચી સંપ્રદાયની સેવામાં મૂક્યાં છે, જેનું ઋણ કદિ ચુકવી શકાય તેમ નથી, તેમ છતાં આપણે એ કીર્તનો યાદ કરી પ્રેરણા મેળવીએ તો આપણે એમની સેવા કરી ગણાશે. એવા હેતુને લક્ષમાં રાખી સત્સંગ અને ભક્તિનું બળ પ્રેરતાં મહામુલા કીર્તનોથી સભર ''કીર્તન રત્નાવલી'' પ્રગટ કરવાનો પ્રયાસ કર્યો છે. જેની આજ સુધીમાં ચાર આવૃતિઓ પ્રસિદ્ધ થઈ ચૂકી છે.

વિ.સં. ૨૦૩૫ પ્રથમ આવૃતિ પ્રત :- ૩૦૦૦
વિ.સં. ૨૦૪૨ બીજી આવૃતિ પ્રત :- ૫૦૦૦
વિ.સં. ૨૦૪૭ ત્રીજી આવૃતિ પ્રત :- ૧૦૦૦૦
વિ.સં. ૨૦૫૪ ચોથી આવૃતિ પ્રત :- ૧૦૦૦૦
ત્યારબાદ આ પાંચમી આવૃતિ વિ.સં. ૨૦૬૪ પ્રત :- ૫૦૦૦

શ્રીનરનારાયણદેવ પીન્ટીંગ પ્રેસમાં તૈયાર કરીને પ્રકાશન કરવામાં આવી છે. આ પુસ્તકના પ્રકાશનમાં ટાઈપ સેટીંગ તથા સંશોધન આદિ સેવામાં મંદિરના સંતોનો સહકાર સાપડ્યો છે. આ પુસ્તકના પ્રકાશનમાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો નીરક્ષીર ન્યાયે વાંચવા વિનંતી.

નિવેદક :- મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સદ્‌ગુરૂ શ્રી વૈષ્ણવાનંદ સ્વામી કૃત

# પુરૂષોત્તમ વિવાહ

## રાગ ધોળ – પદ – ૧

(ઢાળ – કુન્દનપુર વિવાહ રચ્યો.)

પુરુષોત્તમ વિવાહ થયો, શુભ ભરતખંડમાં આજ, જીવ અબળા જાનકિને, વરવા તે શ્રી મહારાજ.૧
મંડપ રચવા મોકલ્યા, ઉદ્ધવતણો અવતાર; રામાનંદસ્વામીરૂપ થૈ, વિચર્યા તે ભુમી મોઝાર.૨
ભરતખંડ ભુમી જોઇ સર્વે, પવિત્ર પશ્ચિમ દેશ; મંડપ પ્રારંભિઓ, ઉદ્ધવ મુનિવર વેશ.૩
પ્રથમ વસી ભુજ નગ્રમાં, સ્થાપન કરીઓ સ્થંભ; બીજા સ્થંભને રોપવા, શ્રીનગ્ર કર્યો પ્રારંભ.૪
ત્રીજો રોપ્યો વરતાલ મંદિર, ચોથો જીરણગઢ ત્યાંય; પાંચમો ગઢપુર સ્થાપીયો, છઠ્ઠો તે મુળીમાંય.૫
ધવલપુર વૈરાટ આદીક, સ્થાપીયા સ્થંભ આઠ; કહે વૈષ્ણવાનંદ મંડપ તે, વિવાહનો કહું ઠાઠ.૬

## પદ–૨

ચાર ધામ ને ચૌદ લોકમાં, લખિ કંકોતરી સાર; વિવાહ મંડપમાંય રે, આવો જન મુમુક્ષુ અપાર.૧
પુરુષોત્તમને પરણવાને, અવસર આવ્યો આજ; ભરતખંડમાં ભવ ધરી, કરવું તે જીવનું કાજ.૨
જીવ વરવે જીવનું, કાંઇ જીવપણું નવ જાય; પુરુષોત્તમ સ્વામી મળે, ત્યારે બ્રહ્મરૂપ થવાય.૩
સર્વે સુર મુનિ ઈશ અબળા, પુરુષ એક પુરાણ; તે હરિવર જેને મળે, તેને અવિચળ પદ નિરવાણ.૪
અક્ષરધામથી જાન આવી, મુક્ત જાનૈયા તેમાંય; ગૌલોકથી શ્વેતદ્વિપમાં, પછે રહ્યા બદ્રિમાંય.૫
બદ્રિથી આવીને ઉતર્યા, હરિ ધર્મ ભક્તિને ઘેર; વેશ વરણાગી કર્યો, કહે વૈષ્ણવાનંદ એ પેર.૬

## પદ–૩

બ્રહદ વ્રત વસ્ત્ર ધર્યાં, વૈરાગ્ય રંગ સુરંગ; જ્ઞાનભુષણ પેરી ચાલીયા, ચતુરવર નવરંગ.૧
ધીરજરથ ધારણ કરી, હરિ ધર્મ બખતર ધાર; ધર્મધુર ધરવા રથે, કરી બેસવાને ત્યાર.૨
અક્રોધ અશ્વને જોતર્યો, નિરલોભ ને નિસ્પ્રેહ; નિરમાન નિર્સ્નેહ, જોડ્યા અશ્વ પાંચ અછેહ.૩
ચૌદ લોક ને ચાર ધામમાં, કન્યા ખોળવા કાજ; જાન આવે ઉતાવળી, અબળાને વરવા આજ.૪
હિમાળો ફરી બદ્રિથી, પુલહાશ્રમમાં પામ્યા વિરામ; પુરુષોત્તમપુરી આવીયા, કરવાને મંગળ કામ.૫
ત્યાંથી રામેશ્વર ગયા, પછે આવ્યા પશ્ચિમ દેશ; સુંદરવર કહે વૈષ્ણવાનંદ, શોભે વરણી વેષ.૬

## પદ–૪

જીવ અબળા જાનકીને, વરતાં તે વિઘન અનંત, ચારધામમાં ફરી હરિ, અસુરનો આણ્યો અંત.૧
જીવ મુમુક્ષુ ખોળવા, ફરી ચારે ધામ; પછે તે પશ્ચિમ દેશમાં, આવ્યા મંડપ મધ્ય અકામ.૨
હિંસા ન કરવી પ્રાણીની, એવો રોપ્યો માણેકસ્થંભ; ચાર વ્રતની ચોરી બાંધી, રાખવા નિરદંભ.૩
શીલ સિંહાસન કર્યું, બેસવા અબળા અર્થ; કાળ માયા મા બાપથી, મુકાવવા મળ્યા સમરથ.૪
લાકડીયું શણગારીયું, જેને પુરુષોત્તમ શું પ્રીત; બત્રિશ ભમરનો મોડ ધર્યો, બત્રિશ લક્ષણ રીત.૫
વૈરાગ રંગ કસુબી રંગી, ચુનડી ચટકીદાર; બાંધ્યા તે વૈષ્ણવાનંદ હાથે, મંગળ મીંઢલસાર.૬

## પદ રાગ - ધોળ. પદ – ૫

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

ચુડો પેર્યો દાસ ગોરો રે, વરવા લેરખડો વર લેરો રે – ૧
પેર્યાં કંકણ બાજુને પુંચી રે, ચડવું દિનદિન પદવી ઉંચી રે – ૨
હૈયે હાર તે નવશેર નિતી રે, પેર્યાં કોટ આભૂષણ પ્રિતિ રે – ૩
શીલ સંતોષ નેપુર ત્રોડા રે, પગ અસત્ય ન ભરવા તે જોડા રે – ૪
નાખી નાકમાં લાજની વાળી રે, ચાલી વિવેક તે ઘુંઘટ વાળી રે – ૫
પુરણ કંકુની પીળ્ય કપાળે રે, ચોંપ્યા સત્યના ચોખા ભાલે રે – ૬

જ્ઞાન આંજન તે આંખ સમારી રે, સહન કરવું તે કંચુકી ધારી રે – ૭
પેર્યું કટિ વસ્ત્ર તે શુદ્ધ વિચાર રે, થઈ વૈષ્ણવાનંદ કે તૈયાર રે – ૮

પદ–૬

શોભે સુંદરવરરાયરે, આવ્યા મંડપ માયરામાંયરે.–૧
જોયા કેસરીયો વર કાજુ રે, બાંધ્યા પંચરંગી ફુલના બાજુરે.–૨
શિર પેચ ને છોગું કલંગી રે, જોઈ લાજે તે શત્રુ અનંગી રે.–૩
પાઘ પાંપણ પેચ ખસીલો રે, ધાર્યો ઉરમાં તે રંગ રસીલો રે.–૪
કરૂણારસ ભરી દ્રગ રસીલો રે, ભ્રૃહ વામ કબાન કસીલો રે.–૫
મુખ શરદ શશીથી રૂપાળું રે, જોઈ ઉરમાં કરે અજવાળું રે.–૬
નાશા નમણી ને ગૌર કપોળ રે, અંગે ઉપરણો રંગ ચોળ રે.–૭
કરણે કુંડળ મીનાકારી રે, કહે વૈષ્ણવાનંદ જાઉં વારી રે.–૮

પદ–૭

અધર પ્રવાળા સમ શોભે રે, જોઈ મુનિવરનાં મન લોભે રે.–૧
દાંત ડોલરની આવળિયું રે, જાણે દાડ્યમ બીજની કળીયું રે.–૨
ચિબુક રેખ રસીલી રાજે રે, કોટ શંખ શીખંડ બીરાજે રે.–૩
મોતી માળ ને કૌસ્તુભ સાર રે, પેર્યા પંચરંગી ફુલ હાર રે.–૪
વાઘો પેર્યો કસુંબલ રંગે રે, વરણાગી ધોતી ધરી અંગે રે.–૫
કસિ બાંધી કેડ્ય કેશરીયોરે, પેરી કટિ મેખલા રંગ ભરીયો રે.–૬
ચાખડીએ ચડ્યા ચિત્તચોરરે, આવ્યા તોરણે અજબ મરોર રે.–૭
પુંખી લીધા મુલ માયા સાસુરે, આવ્યા મંગલ માયરે આશુ રે.–૮
પાટ ઉપર પ્રભુ પધરાવ્યા રે, વાલો વૈષ્ણવાનંદ ભાવ્યા રે.–૯

પદ – ૮

પુજ્યા ગોત્રી સંત અપાર રે, પુજ્યા ગણપતિ સુરજ સાર રે.–૧
પુજ્યા ભવ ભવાની મહંત રે, પુજ્યા અંજની સુત હનુમંત રે.–૨
પ્રકટ અવતારે સર્વે પુજ્યા રે, પ્રકટ દેવ મુનિવર બીજા રે.–૩
હરિયે હસ્ત મેળાપન કરીયું રે, લાડડીયું એને સર્વે વરીયું રે.–૪
કર કોમળે ગ્રહણ કરીને રે, જનને અભય કરે છે વરીને રે.–૫
કાળ માયા મા બાપથી મુકાવ્યા રે,હરિને વરવા છેલે ભવ આવ્યા રે.-૬
સર્વે અબળામય  જન દેખો રે, પુરૂષ પુરુષોત્તમ વર પેખો રે.–૭
જગ જીવ છે અબળા બાળ રે, કહે વૈષ્ણવાનંદ ખાય કાળ રે.–૮

પદ – ૯

(પીઠી ચોળો પીઠી ચોળો પીતરાણીરે.)

નાની મોટી વૃત્તિયું સંભાળીને લેજો, જગતના જીવનને કોઈ દોષ ન દેજો,
હરિને હાથે હથેવાળો મેલતાં અવિદ્યા, વાણિ વદે છે લોક કવિદ્યા. ૧
વિમાને બેસીને તમે જાશો હરિ પાસે, તો વિમાન ઝાલીને અમે આવશું વાંસે. ૨
આજે કળિમાં હરિ પ્રકટ ન હોય, જુના ગુરૂ મુકી નવા કુણ કરે જોય. ૩
સર્વમાં સભર ભર્યો બોલે નહિ બીજો, માણસને પ્રભુ કર્યો કહે કુબુધિજો. ૪
શુદ્ધ ધર્મ દેખીને દુરિજન દાઝે, પતિવ્રતા દેખી જેમ શંખણી લાજે. ૫
કેણે દીઠું છે આગળ સર્વ મરી જાય, પરચો દીયો તો અમે લાગીયે પાય. ૬
એ અવિદ્યા શ્વાન ભસી ભસી થાક્યા આજ, મારો વાલો વર્યા તેનું સર્યું સર્વે કાજ. ૭

સહજાનંદ સૂર્ય ઉગ્યો થયું અજવાળું, વૈષ્ણવાનંદ કહે ઘુઘુને છે કાળું. ૮

રાગ ધોળ - પદ-૧૦

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

ચોરી બાંધી તે ચારે ઠામ, ધર્મ અર્થ મોક્ષને કામ;
યોગ અગ્નિ પ્રગટ કર્યો જાણી, હુત હોમ વદે વેદ વાણિ. ૧
પેલું મંગળ વરતીયું જયારે, વર્તમાન કર્યાં દઢ ત્યારે,
બીજું મંગળ વરતીયું ઉમંગે રે, કીધી ભક્તિ નવે દઢ અંગે રે. ૨
ત્રીજું મંગળ વરતીયું જયારે, જોગ સિદ્ધ થઈ ભવ પારે,
ચોથું મંગળ વરતાય કાજ, વેદવિધિની મેડી મારાજ. ૩
ચોથું મંગળ વરતાવ્યું સ્વામી, મહાજ્ઞાનના પાર ન પામી;
હું તો પૂરણબ્રહ્મને પરણી, કહે વૈષ્ણવાનંદ એ કરણી. ૪

પદ – ૧૧

સર્વે ધામના ધામીને પામી, સર્વે નામના નામી એ સ્વામી;
એતો સર્વેના અંતરજામી, વર મળીયા અતિ નિષ્કામી. ૧
એનું અક્ષરધામ અનાદિ, એને સેવે સર્વે બ્રહ્મવાદી;
સર્વે અવતારના અવતારી, સેવે ચતુર વ્યૂહ જેને પ્યારી. ૨
અક્ષરાદિક મુકત અપાર, પૂજે ચરણકમળ જેના સાર;
નિગમાગમ ધારીને દેહ, ગુણ ગણતાં ન પામે છેહ. ૩
મહા કાળ ને માયા મુળ, પુરૂષ અક્ષરબ્રહ્મ અતુલ;
સેવે શંકીત સર્વે અકામી, કહે વૈષ્ણવાનંદ તે હું પામી. ૪

પદ – ૧૨

કોટિ સાધન કરીને કોય, પુરુષોત્તમને ન પામે તોય;
નહિ વૈકુંઠવાસી એવા, નહિ ગોલોકવાસી જેવા. ૧
નોય ભુમા પુરુષ સુખ ધામ, આતો પૂરણ કામ અકામ;
નોય મચ્છ ને કચ્છ કે વરાહ, નોય વામન રામ અથાહ. ૨
નહિ શ્વેતદ્વિપ પતિ શ્યામ, નહિ બદ્રિકાવાસી અકામ;
આતો સર્વેના સ્વામી છે એક, એમ જાણે તે પરમ વિવેક. ૩
આવો નિશ્ચય કર્યો નિરધાર, વર વરીયો મેં સર્વથી પારય;
કહે વૈષ્ણવાનંદ સાહેલી, આવો સ્વામી વરો વેલિ વેલિ. ૪

પદ – ૧૩

એતો અવતાર સર્વ સાબેલા, જાનૈયા મુકત અલબેલા;
મુક્તિ જાનડીયું છે ચ્યાર, બીજી ભકિતમાતાદિક બાર. ૧
માયું સર્વે અવતારની જેહ, થૈ આવી જાનડીયું તેહ;
એવી જાનસુ પ્રીતિ જોડી, કાળ માયાના કૃતથી તોડી. ૨
તેતો સદા સુહાગણ રૂડી, એની અખંડ એવાતણ ચુડી;
પરણી પુરુષોત્તમ વર જેહ, નિષ્કામ થઈ રહી સર્વે તેહ. ૩
એ વર જાનને અર્થે જે કરશે, તેતો કુટુંબ સહિત ભવ તરશે;
કન્યા કાળ માયાથી મુકાણી, વરી વૈષ્ણવાનંદ કે જાણી. ૪

પદ-૧૪ રાગ ધોળ-ફટાણા

(ઢાળ – ઉઠોરે ભીમકની નાર.)

કંસાર પીરસે કંસાર, સદ્‌ગુરૂ ઘી રેડે જ્ઞાન ને વિજ્ઞાન. ૧
ગ્રાસ ભરે શ્રવણ મનનનિદધ્યાસ, જમી જમી તૃપ્ત થયા હરિદાસ.૨
હેત કરી હરિવરને મેં જમાડ્યા, દેખી દેખી અંતર દોષ ઉખાડ્યા.૩
કંસાર જમીયારે કેશરીયો, વૈષ્ણવાનંદ કહે વર વરીયો. ૪

પદ – ૧૫ રાગ ગરબી

(ઢાળ – ધન્ય ધન્ય દિન રળીયામણો, ધન્ય અવસર આજરે.)

સુખ સંસારી જીવનું, ખોટું જાણીને ખોયું; દુઃખરે દધીમાં બુડતાં, વાલે મુજ સામું જોયું. ૧
વિષરે હળાહળ પીવતાં, વાલે અમૃત દીધું; જીવપણું ટાળી શીવથઈ, પદ પુરણ લીધું. ૨
માયા કાળથી ઉપજી, જીવ ઈશ્વર કાયા; તેતો પોતાના ખાય છે, જેમ નાગણી જાયા. ૩
ફરતા ચોરાસી ફેરમાં, બાંય ઝાલીને બોલાવ્યા; વૈષ્ણવાનંદ કહે કાળના, મુખમાંથી મુકાવ્યા. ૪

પદ-૧૬

(ઢાળ – કુન્દનપુર વિવાહ રચ્યો.)

ભોજન કીધાં ભાવતાં, જમવાને બહુ તે પ્રકાર;
પ્રથમ જમી હરિ જાનૈયાની, પંગત કીધી ઉદાર. ૧
વરણી મુક્તને પાર્ષદ, શોભે તે પંગત સાર;
પાત્ર ભરી આગળ ધર્યાં, હરિ પિરસવા થયા તૈયાર. ૨
પીળાં પીતાંબર પેરીયાં, બે કચ્છ વાળ્યા જાણી;
ઉપરણી અંશે ધરી, કટી સંગે બાંધી તાણી. ૩
અંબોડો વાળી શીખાનો, ચંચળ થયા ચિત્તચોર;
પંગતમાં ફરવા સમે, શોભે મંગલ અજબ મરોર. ૪
જાનને હેતે જમાડ્યા, ફરી પંગતમાં બહુવાર;
ચતુરવર લ્યો લ્યો કહે, કરી કરી મનુવાર. ૫
રમુજ કરે હરિ પીરસતાં, લાડુ જલેબી લઈ સુખકંદ;
લે નહિ તેના શિરપર ધરે, એમ કહે વૈષ્ણવાનંદ . ૬

પદ–૧૭

જાનૈયા પુરણ થઈ રીયા, પ્રથમ જે જમ્યા હરિ હાથ;
જ્ઞાન અમૃત ભોજને, નિજ તુલ્ય કીધા નાથ. ૧
બીજી પંગત થઈ પછે, જીજ્ઞાસુ માંડવીયા તેહ;
તેને તે હરિયે જમાડીયા, સુખકંદે કરી કરી સ્નેહ. ૨
ત્રીજી પંગતમાં હરિ નવ ફર્યા, વળી પિરસવાને તેહ;
તે જાનૈયાને હાથ જમીયા, પુરણ થઈ રહ્યા એહ. ૩
હરિના શાબેલા ને જાન પાળા, જેને નાવ્યા પીરસવા ભાગ;
માંહોમાંહી પીરસી જમ્યા, તેને રહ્યો જમ્યાનો રાગ. ૪
જીવમાંથી જાણશે, આ વાતનો જે મર્મ;
તે જનની સોબત કરી, પદ પામશે તે પર્મ. ૫
હરિ સાબેલા જાનથી, જેને તે ન થયું હેત;
કહે વૈષ્ણવાનંદ તેને, જાણવો જન પ્રેત. ૬

પદ-૧૮

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

જગ માંડવીયા રીસાણા રે, જેને વિષયનાં ભરવાં છે ભાણાં રે;
શબ્દ સ્પર્શાદિ સ્વાદના સુરવૈયા રે, જોવા તેમાં તે મુખ રીયા રે. ૧
કે છે નૈ ખાય કંસાર પોળી રે, તમે કન્યાને કેમ બોળિ રે;
કે છે સત્સંગી થાય શુદ્ધ રે, તેની સ્વામી હરે સુધબુધરે. ૨
કેમ ચાલે સંસારનો વર્ગ રે, કેણે દીઠું સરગ ને નરક રે;
નાત જાતનો નાતો મુક્યો રે, અમ સાથે તે સગપણ ચુક્યો રે. ૩
વર્તમાન કઠણ કેમ કળીયે રે, અમે તમ ભેળા કેમ ભળીયે રે;
અમને જાણે તરણાને તોલે રે, કહે વૈષ્ણવાનંદ એમ બોલે રે. ૪

પદ—૧૯

હવે શું કરીયે અમે આવી રે, તમે વાત કરો ચાવી ચાવી રે;
હસવું બોલવું જોવું સાંભળવું રે, કર્યું બંધ તે હળવું ને મળવું રે. ૧
હાંસિ મશ્કરી ઠેકડી કરવા રે, તમે દ્યો નહિ શું આવીયે મળવા રે;
મસિ ભુંસીને મોઢું કાળું રે, તમે કરવા ન દ્યો લાગે રૂપાળું રે. ૨
અમને દ્યો નહિ ગાળ્યું ગાવા રે, કેમ આવીયે તમ ઘેર ખાવા રે;
કરવા ફેલ તમે મુકાવો રે, તેમાં આવ્યો છે અભાવો રે. ૩
એકે ચાલવા દ્યો નહિ અમારૂં રે, ઘર ત્યાગ્યું તે ચોખું તમારૂં રે;
મળ્યા વૈષ્ણવાનંદનો નાથ રે, રહ્યાં રીસાણાં દુરિજન સાથ રે. ૪

પદ-૨૦

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)
જાન ચાલવા થઈ છે તૈયાર, કીધી પેરામણીયું અપાર;
વર જાનૈયે તે લીધી, તે જેને તેને વેંચી દીધી. ૧
દીધો દાયજો કન્યાને બાપે, પછી માતા શિખામણ આપે;
મુળ માયા અનાદિની કુડી, છાની આપે કન્યાને મુડી. ૨
ચૌદ લોકમાં સુખ છે છોડી, તને આપીશ રાખજે જોડી;
ભર્યા અંતર ચાર પટારા, જીવ વાસના ભોગવે સારા. ૩
મારા કૃતમાં રેજે કુમારી, ભોગ ભોગવવા દઈશ ભારી;
નવા સ્થાન ને દેહ નવીન, કંપે વૈષ્ણવાનંદ દીન દીન. ૪

પદ-૨૧

કન્યા કે છે ન જોયેં કંઇ, મને પુરણપદ મળ્યું આંઇ;
મા બાપના કૃત્યમાં નાવું, એવો નિશ્ચય કર્યો જીહાં જાવું. ૧
પંચવિષયથી વૃતિ તોડી, પ્રીતિ પુરુષોત્તમ શું જોડી;
હું તો સર્વેથી આઘી ચાલી, તુંથી પરપદ લીધું આલી. ૨
પાછી આવીશ નહિ તારે ઘેર, મું પર રાખે મા તું મેર;
મેંતો કરવાનું સર્વે કીધું, વાલે અચળ એવાતણ દીધું. ૩
જડ દુઃખને મિથ્યા તું માત, ખાય સર્વેને એવો તાત;
સુણી વૈષ્ણવાનંદની વાત, મળી રોઇ રોઇ કન્યાની માત. ૪

પદ-૨૨ રાગ ધોળ

(ઢાળ – મેંતો સર્વે સંગાથે તોડી રે સાહેલી.)
કન્યા પરણી ચાલ્યો કેશરીયો રે, આનંદ વધ્યો. વર સર્વેને માથે વરીયો રે, આનંદ૦ ૧
કાળ માયાનાં કૃત્યથી તીયાં રે, આનંદ૦ અમે અક્ષર ગઢ પતિ જીત્યા રે, આનંદ૦ ૨

પામ્યા અવિચળ પદવી અનંત રે, આનંદ૦ જેને સેવે મોટા મુનિ સંત રે, આનંદ૦ ૩
હું તો આનંદ ઉદધીને પામી રે, આનંદ૦ મળ્યા વૈષ્ણવાનંદનો સ્વામી રે, આનંદ૦ ૪

પદ-૨૩ રાગ ધોળ

(ઢાળ – ગઈતી ગઈતી ભરવાને નીર.)

વરી હું તો વરણાગી વેશ.(૨) વાલમ જોઈને લીધાં વારણાંજી-માણારાજ.
ચાલી આવ્યા ચતુરવર મારે દેશ (૨) મોક્ષનાં ઉઘાડાં મેલ્યાં બારણાંજી-માણારાજ. ૧
સમજાવી કરી કરી સાન, (૨) નેણાં ને વેણાં જોઈ લાગી મોહનીજી-માણારાજ.
દેખી દેખી ડોલરીયો દીવાન (૨) શાબેલામાં છબી જગસોહરીજી-માણારાજ. ૨
પેરી પાય મોજડીયું મહારાજ (૨) પીળી પીરોજા મોતી ટાંકીયાંજી-માણારાજ.
શોભે રૂડા નખમાં રેખ (૨) ઘુંટી ઉપર પેર્યા ઝાંઝર-માણારાજ. ૩
કશી બાંધ્યો કમર કટાર (૨) ધોતી અંગે પેરી તન ઓપતી-માણારાજ.
હૈયે ધર્યો નવસર હાર (૨) બાજુ પુંચી વીંટી નંગ શોભતીજી-માણારાજ. ૪
ભાળી ભાળી ભ્રકુટીનો ખેપ (૨) શિથિલ થઈને પાંપણ ઢાંકતીજી-માણારાજ.
માથે રૂડો મોળીડાનો પેચ (૨) ભુરકી નાખી મુજને ભાંખતાંજી-માણારાજ. ૫
રાતી રાતી નયણામાં રેખ (૨) રસીક જોઈને રસ લીધલોજી-માણારાજ.
ડોલરીયા શા દાંતમાં રેખ (૨) અધર અમૃતને પ્રકાશતીજી-માણારાજ. ૬
માણીગરની જોઈ મંદહાસ (૨) શરદ શશિથી સોહામણીજી-માણારાજ.
વૈષ્ણવાનંદ એને વાસ (૨) રહી જોવું રૂપ લોભામણીજી-માણારાજ. ૭

પદ-૨૪ રાગ ફટાણા

(ઢાળ – અવિદ્યા છે નકટી નાર.)

પતિવ્રતા નારીની રીત્ય, પુરુષોત્તમ શું પ્રીતી જો; કરે સત્સંગ નિત્ય નિત્ય, તે જગ જાય જીતી જો. ૧
વર્તમાન સર્વેની વાડ્ય, આકરી રાખી અતિ જો; કરે નહિ કેદિ વઢવાડ્ય, શંખણીનો સંગ તજી જો. ૨
કરવો નહિ કોઈનો દ્રોહ, ગરીબને દુઃખવો નહિ જો; ટાળવો માયાને મોહ, સહવું વચન સહિ જો. ૩
સુખ દુઃખ સહવું શરીર, અકળાઈ જાવું નહિ જો; વૈષ્ણવાનંદ કહે ધીર, પતિવ્રતા નારી જો. ૪

ઈતિ શ્રી પુરુષોત્તમ વિવાહ સંપૂર્ણ.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સદ્‌ગુરૂ શ્રી પ્રેમાનંદ સ્વામી કૃત

## તુલસી વિવાહ

પદ-૧ - રાગ ધોળ.

(ઢાળ – પીઠી ચોળો પીઠી ચોળો પીતરાણી રે.)

સાંભળજો હરિજન થઈ સાવધાન રે; વરણવું વૃંદાતણું આખ્યાન રે. ૧
રાજા એક કુશધ્વજ બડભાગી રે; પ્રભુજીના ચરણ કમળ અનુરાગી રે. ૨
કન્યા તેની તુલસી વેદવંતિ બેય રે; મહાત્યાગી પતિવ્રતા અતિ તેય રે. ૩
પહેલો એમ કીધો બેઉએ વિચાર રે; પતિ થાઓ આપણા વિશ્વાધાર રે. ૪
બેઠી તેતો તપ કરવાને કાજ રે; તેના ઉપર રીઝ્યા શ્રી મહારાજ રે. ૫
આગે આવી ઉભા શ્રી ઘનશ્યામ રે; પ્રેમાનંદનો સ્વામી પુરણ કામ રે. ૬

-: પદ-૨ :-

બોલ્યા હરિ માગો તે વર આપું રે; બીજાં સર્વે જે દુઃખ હોય તે કાપું રે. ૧
વેદવંતી કહે તમે મારા પતિ રે; તે તો હરિવરીને પામી સુખ સતિ રે. ૨

તુલસી તો ગણપતિ શ્રાપે પતિ પામી રે; થયો એક અસુર એનો સ્વામી રે. ૩
સાગર સુત જાલંધર તેનું નામ રે; બળીયો બહુ માયાવી દુઃખ ધામ રે. ૪
પતિવ્રતા તુલસી તેની નારી રે; રૂપશિલે સુંદરી અતિ સુખકારી રે. ૫
તપ સત્ય ધર્મતણું એ ધામ રે; પ્રેમાનંદ કહે દ્રઢ સતિ નિષ્કામ રે. ૬

-: પદ-૩ :-

તેને સત્યે પતિ તેનો અવધ્ય રે; જીત્યા તેણે ઈન્દ્રાદિક દેવ સદ્ય રે. ૧
એક સમે શિવ સાથે યુદ્ધ કરવા રે; ગયો મંદમતિ શિવ પ્રાક્રમ હરવા રે. ૨
થયો યુદ્ધ શિવ સેન્યા સાથે ભારી રે; જીત્યો શિવ ગણને તે અતિ અહંકારી રે. ૩
આવ્યા શિવ કોપ કરી અભિરામ રે; થયો ત્યારે અતિ દારૂણ સંગ્રામ રે. ૪
થયું યુદ્ધ શિવ જાલંધરને કેવું રે; વાણિયે તે વર્ણવ્યું નવ જાય એવું રે. ૫
ત્યારે દૈત્યે ગાંધ્રવી માયા વિસ્તારી રે; પ્રેમાનંદ કહે મોહ પામ્યા ત્રિપુરારી રે. ૬

-: પદ-૪ :-

પછી દૈત્યે શિવતણું રૂપ ધારી રે; ગયો સતિ છળવા તે દુષ્ટ ભારી રે. ૧
સતિ જોઇ થયો કામાતુર રે; જાણ્યું સતિએ લેશે લાજ જરૂર રે. ૨
પામ્યાં સતિ તે થકી ઘણી ત્રાસ રે; થયા તરત અંતરધ્યાન અવિનાશ રે. ૩
સતિએ તે હરિતણું ધ્યાન કીધું રે; પ્રભુજીએ આવીને દરશન દીધું રે. ૪
ગીરજાએ વિનંતી કીધી બહુ પેર રે; શાંતિ આપી સધાવ્યા પ્રભુ ઘેર રે. ૫
હરિએ તે લીધું તપસ્વિનું રૂપ રે; બેઠા વન ધ્યાન ધરીને અનુપ રે. ૬
પ્રેમાનંદનો સ્વામી શ્રી મહારાજ રે; થયા જોગી વૃંદાને છળવા કાજ રે. ૭

-: પદ-૫ રાગ ધોળ :-

(ઢાળ – કુન્દનપુર વિવાહ રચ્યો.)

વૃંદાનું વૃતાંત કહું, સાંભળજો કરિ પ્રિત; સ્વપ્નમાં નિજ સ્વામીને, દીઠો તે અતિ વિપરિત. ૧
તેલે નાયો નગ્ન બેઠો, પાડા ઉપર ધિર; આભુષણ કાળાં ફુલનાં, કીધાં તે ધારણ શરીર. ૨
માંસ ખાનારા જીવે વિટાણો, દક્ષિણ દિશામાં જાયે; નિજપુર બોળ્યું સાગરે, એમ દીઠું તે સ્વપ્નમાંયે. ૩
સો છિદ્રસોતા ઉગતા દીઠા, તે આદિત્ય દેવ; તેજ રહિત મહા ભયંકર, જોઇ પામી દુઃખ તત્ખેવ. ૪
વૃંદા વિચારે ચિત્તમાં, આવ્યું તે કષ્ટ અપાર; પ્રેમાનંદ કહે વ્યાકુલ થઇ, કરે રૂદન વારંવાર. ૫

-: પદ-૬ :-

શાંતિ ન પામે ક્યાંયે સુંદરી, ભમે વિકળ અનાથ;
ગૃહ તજી ગઈ બાગમાં, બે સખિ લઈને સાથ. ૧
બાગમાંથી વનમાં ગઈ, ગહન વનમાં નારી;
ભ્રમણ કરે બહુ ભયે કરી રોવે, ઉંચે સ્વરે પોકારી. ૨
ત્યાં દીઠા બે વ્યાઘ્ર વદન, રાક્ષસ તે વિકરાળ;
તેને જોઇ અતિ ત્રાસ પામી, ખાશે આ તત્કાળ. ૩
ભાગી જાયે ત્યાં દીઠા મુનિ એક, શાંત પરમ દયાલ;
ચરણે પડી થર થર કંપે, રક્ષા કરો હે કૃપાલ ! ૪
શર્ણાગત અતિ વિકળ જોઇ, કીધો મુનિવરે હું કાર;
પ્રેમાનંદ કહે અદશ્ય થઇ ગયા, રાક્ષસ બેઉ તે વાર. ૫

-: પદ-૭ રાગ ધોળ :-

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

કરિ પ્રણતિ જોડી બે પાણી રે, વૃંદા બોલી તે માધુરી વાણી રે;

મારી રક્ષા કીધી તમે ભારી રે, મહા ભય થકી નાથ ઉગારી રે. ૧
મારી વિનંતી છે એક દેવ રે, મને કહેજો જથારથ ભેવ રે;
મારો ભરથાર જાલંધર નામરે, ગયો શિવ સાથે કરવા સંગ્રામરે.૨
તે જીવે  છે કે મુઓ નાથ રે, મુને કેજ્યો જથારથ વાત રે;
એમ કેતાં કપિ બે આવ્યા રે, તેનું માથું ને ધડ બે લાવ્યા રે. ૩
મુઓ દીઠો પોતાનો સ્વામી રે, તુલસી તરત મુર્છા પામી રે;
મુનિયે કમંડળનું છાંટી પાણીરે, પ્રેમાનંદ કહે ઉઠાડી દયા આણીરે.૪

-: પદ-૮ :-

ઉઠી વિલાપ કરી બહુ વાર રે, કીધો મુનીવરને નમસ્કાર રે;
કહે મુનીવરને દીનબંધુ રે, આપો પતિદાન તે કૃપા સિંધુ રે. ૧
પતિ વિના અનાથ હું નાર રે, સ્વામી વિના તે ધિક અવતાર રે;
તમે સાંભળો મુનિ સુજાણ રે, પતિ વિના ન રાખું હું પ્રાણ રે. ૨
તમે ધર્મજ્ઞ પરમ પુનિત રે, જાણો પતિવ્રતા નારીની રીત રે;
પતિવ્રતાને વ્હાલું ન કોઈ રે, પ્રેમાનંદ કહે જીવે પતિ જોઈ રે. ૩

-: પદ- ૯ રાગ ધોળ

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

તમે સર્વજ્ઞ ધર્મજ્ઞ ધીર, જાણો અંતરની પરમ પ્રવિર;
એને જીવાડો મુનિવર જ્ઞાની, મારી ઈચ્છા છે પતિને મળ્યાની. ૧
મારી ઈચ્છા પુરો મહારાજ, આપો પ્રાણદાન મને આજ;
મને પ્રાણથી પતિ ઘણો વ્હાલો, મુનિ જીવતદાન તમે આલો. ૨
ત્યારે હસીને બોલ્યા મુનિરાયે, શિવે માર્યો તે જીવતો ન થાયે;
વૃંદા તુજપર દયા મારે અતિ, માટે જીવતો કરૂં તારો પતિ. ૩
મુનિયે કૃપા કરી જોયું જ્યારે, થયો બેઠો જાલંધર તે વારે;
પ્રેમાનંદ કહે પ્રવેશ થયા હરી, વૃંદા હસીને મળિ ભુજ ભરી. ૪

-: પદ-૧૦ :-

હરિ સાગર સુત રૂપ થઈને, રમ્યા વૃંદા સંગે વન રહીને;
પતિ રૂપ હરિ વર સંગે, એમ થઈ વૃંદા પતિવ્રત ભંગે. ૧
એમ વૃંદા છળી હરિયે જ્યારે, શિવે માર્યો જાલંધર ત્યારે;
બહુ કાળ કીધો વિહાર,વૃંદા સંગે હરિયે સુખ સાર. ૨
એક સમે હરિનું સ્વરૂપ, દીઠું વૃંદાએ પરમ અનૂપ;
શંખ ચક્ર ગદા પદ્મ હાથ, અતિ સુંદર ત્રિભુવન નાથ. ૩
વૃંદા બોલી તિરસ્કાર કરી, કીધું નિંદિત કર્મ તેં હરિ;
દીઠું શીલ પરદારા ગામી, માયાવિ છું પ્રેમાનંદના સ્વામી. ૪

-: પદ-૧૧ :-

(''હવે ભવજલ પાર ઉતરીયાંરે આનંદ ભર્યા.'')

તમે ધર્મ ધુરંધર કા'વો રે, શામળીયા, સહુને ધર્મમાં રાખો રખાવો રે, શામળીયા. ૧
તમને ધર્મ મૂર્તિ સૌ જાણે રે, શામળીયા; તમને નિગમ પુરાણ વખાણે  રે, શામળીયા. ૨
તમે જુગોજુગ ધરી અવતાર રે, શામળીયા; કરો ધર્મ રક્ષણ વારંવાર રે, શામળીયા. ૩
એવા ધર્મશીલ તમે થઈને રે, શામળીયા; મુને છળી કપટરૂપ લઈને રે, શામળીયા. ૪
તમે પર સ્વારથને કાજ રે, શામળીયા; કરી કપટ લીધી મારી લાજ રે, શામળીયા. ૫

બીજો હોય તો કરૂં બાળી છાર રે, શામળીયા; તમને કાંઇ નવ થાયે કિરતાર રે, શામળીયા. ૬
તોય એટલો દેઉં તમને શ્રાપ રે, શામળીયા; થઇ પત્થર પુજાઓ આપ રે, શામળીયા. ૭
પ્રેમાનંદનો નાથ કહે પ્યારી રે, શામળીયા; તું થા વૃક્ષ વૃંદા સુકુમારી રે, શામળીયા. ૮

-: પદ-૧૨ :-

રહો સદાયે જોગ તારે મારે રે, સુણ પ્યારી; તુજ વિના ન રહું ક્ષણ ન્યારો રે, સુણ પ્યારી. ૧
વૃંદા તું મુજને ઘણી વ્હાલી રે, સુણ પ્યારી; તારે વશ થયો હુંતો આલી રે, સુણ પ્યારી. ૨
યજ્ઞ ભોગ પુજા ઉપચાર રે, સુણ પ્યારી. તુજ વિના ન કરૂં અંગીકાર રે, સુણ પ્યારી. ૩
સુર અસુર મનુષ્ય નર નારી રે, સુણ પ્યારી; તુજ વિના ન કરે પુજા મારી રે, સુણ પ્યારી. ૪
હરિયે રાજી થઇ વર દીધો રે, સુણ પ્યારી; વૃંદાએ શ્રાપ અંગીકાર કીધો રે, સુણ પ્યારી. ૫
એમ હરિ થયા શાલીગ્રામ રે, સુણ પ્યારી; તુલસી વૃક્ષ થયાં ગુણ ધામ રે, સુણ પ્યારી. ૬
એમ વૃંદા હરિને વરીયાં રે, સુણ પ્યારી; મન વાંચ્છિત કારજ સરીયાં રે, સુણ પ્યારી. ૭
એમ તુલસી શાલીગ્રામ જોડ રે, સુણ પ્યારી; પુરો પ્રેમાનંદના કોડ રે, સુણ પ્યારી. ૮

-:પદ- ૧૩ રાગ ધોળ :-

(ઢાળ – મેં તો સગપણ કીધુંરે.) અથવા

હવે તુલસીનો વિવાહ રે કે ગાવું કરી ખાંત, રૂડી રીતે વર્ણવું રે કે સાંભળો એ વૃત્તાંત. ૧
થયું સૂરજ ગ્રહણ રે કે એક સમે ભારી, પૃથ્વી પર સર્વે રે કે જાણે નર નારી. ૨
કુરૂક્ષેત્ર નામે તિરથ રે કે વિખ્યાત જગમાંહી, આવ્યા જાત્રાએ ન્હાવા રે કે લોક અસંખ્ય ત્યાંહી. ૩
પૃથ્વીપતિ રાજારે કે ત્યાં અગણીત આવ્યા, વસુદેવ આદિ જાદવ રે કે આવ્યા સૌને મનભાવ્યા. ૪
પટરાણી સહિત રે કે કૃષ્ણ બલભદ્ર ગયા, રૂક્મણિ તાત ભિમક રે કે સઉ ત્યાં ભેળા થયા. ૫
તિરથમાં નાહિને રે કે સહુએ દાન દીધાં, પ્રેમાનંદ કે વસુદેવે રે કે યજ્ઞ ત્યાં બહુ કીધા. ૬

-: પદ-૧૪ :-

જમાડ્યા સાધુ રે કે બ્રાહ્મણ પ્રિત કરી, દક્ષિણા બહુ દીધિ રે કે સહુને ફરી રે ફરી. ૧
મળ્યા સગાં સંબંધી રે કે રાજા સઉ સઉના, મળ્યાં માતાને પિતા રે કે દીકરીને વઉના. ૨
ભીમક ને વસુદેવ રે કે મળીયા બહુ ભાવે, મિઠું મિઠું બોલી રે કે પ્રિતી ઉપજાવે. ૩
વસુદેવ વેવાઇનો રે કે પ્રીતે ગ્રહિ પાણી, લઇ આવ્યા ઉતારે રે કે હરખ અતિ ઉર આણી. ૪
બળદેવ શ્રી કૃષ્ણ રે કે મળ્યા ઉઠી અતિ હરષે, રાણી રૂક્મણી મળ્યાં રે કે પીતાને ઘણે વરષે. ૫
પધરાવ્યા પ્રિતે રે કે બહુ કરી સન્માને, પ્રેમાનંદ કે જમાડ્યા રે કે મેવા ને મિષ્ટાને. ૬

-: પદ-૧૫ રાગ ધોળ :-

ભીમકને ને વસુદેવ રે, બેઉ કરે વિનોદ, બોલે હસતા વચન રે, આણી ઉરમાં મોદ. ૧
ભીમક કહે વસુદેવ રે, સાંભળો એક વાત, સઉ કરતાં તે ઈશ્વર રે, બળીઆ સાક્ષાત. ૨
પહેલી મેં તો મારા મનમાં રે, દ્રઢ આંટી વાળી, સત્ય કીધું તે દૈવ રે, ગમતું મારૂં ટાળી. ૩
બીજા મનોરથ સરવે રે, રહિ ગયા મનમાંઇ, સગપણનું જે સુખડું રે, લેવાયું ન કાંઇ. ૪
હવે એક છે મનસુબો રે, કો તો લ્હાવો લીજે, અતિ ઉત્તમ છે કામ રે, ધારો તો કીજે. ૫
દાન પુન્ય બહુ યજ્ઞ રે, તમે કીધા ઉદારૂ, પ્રેમાનંદ કહે ભીમક રે, એ કરો તો થાય સારૂં. ૬

-: પદ-૧૬ :-

વસુદેવ કહે સ્નેહી રે, જે કહો તે કરીએ, અમે વચન તમારૂં રે, પાછું નવ ફેરવીએ. ૧
ભીમક કહે કુરૂક્ષેત્ર રે,પુન્ય તિરથ ભારી, કોતો તુલસી વિવાહ રે, આપણ કરિયે વિચારી. ૨
રૂક્મણી રૂપે તુલસી રે, કન્યા તે મારી, શાલીગ્રામ તમારો રે, પુત્ર સુખકારી. ૩
મારો મનોરથ એ છે રે, રૂચે જો તમને, આપો અલૌકિક સુખડું રે, સ્નેહી અમને. ૪
વસુદેવ કહે ભીમક રે, તમે રૂડું વિચાર્યું, લીજે લ્હાવો ફરીને રે, તમે રૂડું ધાર્યું. ૫

આ કામમાં તમે ભીમક રે, હવે વાર ન કરજો, પ્રેમાનંદ કહે વસુદેવ રે, શંકા નવ ધરજો. ૬

-: પદ-૧૭ રાગ ધોળ :-

(ઢાળ – પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામરે.)

કહે વસુદેવ રે જાઓ તતખેવ રે, ભિમકરાય તમે મહામતિ રે;
વિપ્રને બોલાવોરે જોશ જોવરાવોરે, વિલંબ ન કરશો હવે રતિરે,
જોઈ મુહૂર્ત સારાં રે લખી તીથી વારરે, લગ્ન વેલાં મોક્લાવજો રે. ૧
લખશો તમે જેમરે કરશું અમે તેમરે. તે સારૂં લખીને વ્હેલું કાવજોરે. ૨
તુલસી વિષ્ણું વિવારે જાણે સઉ દેવો રે, ત્રિભોવનમાં વિદિત છે રે.
વિવાહની વધાઈ રે જાણે જગમાંઇ રે, કંકોતરી મોકલ્યાની રીત છે રે. ૩
લખજો સંભારી રે દેવ નરનારી રે, સુરપુર કંકોતરી મોકલો રે;
શિવ બ્રહ્મા આદિ રે નારદ સનકાદિ રે, તેડાવો અવસર આવ્યો ભલો રે. ૪
લખજો કરિ પ્રિત રે પત્નિયો સહિત રે, બ્રહ્મઋષિ સર્વેને તેડાવજો રે;
સપ્ત સ્વર્ગવાસી રે દાસને દાસી રે, હરખે ભર્યાં સરવે આવજોરે. ૫
અવની નગ સિંધુ રે આદીત્ય ને ઇંદુ રે, વરૂણ કુબેર વિશ્વકર્મા આવે રે;
શારદા ને શેષ રે તેડાવો ગણેશ રે, પ્રેમાનંદ કે રીતભાત બતલાવેરે. ૬

-: પદ-૧૮ :-

વસુદેવ વાણીરે ભીમકે વખાણી રે, સાંભળીને મનમાં મગન થયા રે;
ભીમક ભુપાલ રે બુદ્ધિના વિશાળ રે, હસતા હસતા આનંદી આશ્રમ ગયારે. ૧
જાઇને તે વારરે સર્વે સમાચાર રે, વિવાહનાં વૃત્તાંત સંભળાવિયાં રે;
સાંભળીને જન રે પ્રફુલિત મન રે, હરખે ભર્યા સૌ ઉઠી આવિયાંરે. ૨
કહે ભીમકરાય રે વિલંબ ન થાય રે, ઝટપટ સામગ્રિ કરાવિયે રે;
સર્વે વસ્તુ સાર રે મંગાવો તૈયાર રે, કોઠાર ભંડાર ભરાવિયે રે. ૩
આજ્ઞા અનુસાર રે અપરમ પાર રે, સેવક બ્રહ્માંડમાં પરવર્યા રે;
દિવ્યને અમુલ્ય રે વિવાહ અનુકુળ રે, સર્વે વસ્તુ લાવીને ભંડાર ભર્યા રે. ૪
અતિ વિસ્તાર રે મણિમય સારી રે, કચેરીના મંડપ રચાવિયા રે;
રૂડા ભીમકરાય રે બેઠા મંડપ માંય રે, પ્રવિણ જોશીને તેડાવિયારે. ૫
જોશ જોવરાવ્યા રે મુહૂર્ત રૂડાં આવ્યાં રે, ગુરુવાર પુન્યમના પ્રણામ કર્યાં રે;
લખિ તે પ્રમાણે રે જન સહુ જાણે રે, દેશે દેશે કંકોતરિયા ફર્યા રે. ૬
ચતુરાઇ કરી રે લખિ કંકોતરી રે, વાયુ લઇ સ્વર્ગે સધાવિયા રે;
વાંચી દ્વિજ દેવ રે ઉઠયા તતખેવ રે, પ્રેમાનંદ કહે આવવાને તૈયાર થયા રે. ૭

-: પદ-૧૯ રાગ ધોળ :-

(ઢાળ – સખી આજ આનંદ વધામણા.)

વિશ્વકર્મા તે વેલેરા આવિયા રે, કોડે કરવારે રચના અનુપ;
સાહેલી શોભા તે શી કહું; ટેક.

રચ્યાં બાગ બગીચા બેઠકું, ઉતારારે અતિ સુખ રૂપ. સાહેલી૦
રચ્યો મંડપ અતિ રળીયામણો, હિરા માણેકરે રતન જડાવ સાહેલી૦
રચ્યા અગણિત થંભ અતિ ઓપતા, નાના રંગનારે ચિત્ર બનાવ.સાહેલી૦
મેલ્યા ગોખ ઝરોખાને બારિયું, માંહે કિધલાંરે મિનાકારી કામ. સાહેલી૦
છાયો મંડપ કલ્પવૃક્ષે કરી, શોભે કંચનરે કળશ અભિરામ. સાહેલી૦
રંગ્યા કેળનાં વૃક્ષો સોહામણાં, ફુલી રહ્યાંરે કલ્પતરૂં વૃંદ. સાહેલી૦

ફુલ્યાં ચંપા ચંમેલી ને કેતકી, ફુલ્યાં પંકજરે ઉડે મકરંદ. સાહેલી૦
શોભે કનકલતા દ્રુમ વેલિયું, શોભે સુંદર અશોક ને અંબ. સાહેલી૦
ફુલ્યાં પોંહ પારીજાતના દ્રુમ, શોભે કુંજરે કદળી ને કદંબ. સાહેલી૦
બાંધ્યાં ચંદ્રવા સોનેરી ચિત્રના, મોટા મોતીનારે તોરણ દ્વાર. સાહેલી૦
કોટી રતનોના દિપક દિપતા, પ્રેમાનંદકે રે જાણે શુક્રની હાર. સાહેલી૦

-: પદ- ૨૦ રાગ ધોળ :-

(ઢાળ – મેંતો થાળ ભર્યો સગ મોતીયે રે.)

રચ્યું રતન સિંહાસન સાર, તેની તે શોભા શી કહું;
જાણે ઉગ્યા તરણી અપાર, જોઇને તે જન મોહ્યા સહું. ૧
નાના રંગના રતન પ્રવાલ, જડયું હિરામણિ મોતીયે;
પન્ના પીરોજા ચુનિયું લાલ, શોભે છે ઝગમગ જ્યોતિયે. ૨
રચી ચોરી ચતુરાઈ આણી, કુંદન મણિમય શોભતી;
રચી વેદિયું પરમ અનૂપ, સુર નર મુની મન લોભતી. ૩
જડ્યાં કંચન કુંભ અનૂપ, કંચન ઝારિયું સુંદર;
જડ્યા પલંગ સરસ સુખરૂપ, પંચરંગ પાટી મનોહર. ૪
જડ્યાં બાજોઠીયાં બહુ ભાત, નવરંગ રત્ન મણિયે કરી;
રચ્યો હવન કુંડ કરિ ખાંત, ઉપમા તે નવ જાયે ઉચરી. ૫
રચી ઓટલીયું અભિરામ, કંચન મણિમય શોભતી;
છાંટ્યાં સુગંધી જળ સુખધામ, નિરખીને લાજે રતિપતી. ૬
કીધા અગરૂના ઉત્તમ ધૂપ, છાંટ્યાં કસ્તુરી ને કેસરી;
શોભા જોઈ મોહ્યા સૂર ભૂપ, આનંદ જાય તે ઉભરી. ૭
ગાયે માનનિ મંગલ ગીત, વાજાં વાજે રળીયામણાં;
પ્રેમાનંદ પ્રફુલિત ચિત, ગાયે તે ગુણ ગોવિંદતણા. ૮

-: પદ-૨૧ રાગ ધોળ :-

(ઢાળ – ધન્ય ધન્ય દીન રળીયામણો.)

આણે માંડવે જે જે દેવ આવ્યા, નામ લઈને ઓળખાવું;
આવ્યા બ્રહ્મા મૂર્તિમાન દેવરે, હેતે કરી વધાવું. ૧
આવ્યા વસુ આદિક બહુ દેવરે, ધન્વંતરી વૈદરાજ;
આવ્યા ઈન્દ્ર આદિક દેવ વૃંદરે, સર્યાં સઘળાં કાજ. ૨
આવ્યા ચંદ્ર સૂરજ ધરિ રૂપરે, અગ્નિ વાયુ વરૂણાદિ;
આવ્યા સિદ્ધ ચારણને ગંધર્વરે, બાલ વૃદ્ધ તરૂણાદિ. ૩
આવ્યા લોકપાલ દિગપાલરે, પરવત વન સાગર;
આવ્યાં કામધેનું કલ્પ વૃક્ષરે, રિધિ સિધી નાગર. ૪
આવ્યાં ગંગાદિક નદી વૃંદરે, પરવત પત્નિ આવિયાં;
આવ્યાં સચિ સહિત દેવ ત્રીયરે, સહુને મન ભાવિયાં. ૫
આવ્યા ચંદ્ર સૂરજ અગ્નિ નારીરે, વાયુ વરૂણ ભામની;
આવ્યાં ઉર્વશી રંભા આદિરે, અપસરા ગણ કામની. ૬
આવ્યા નારિએ સહિત અગણિતરે, મોટા મોટા મહિપતી;
આવ્યા મેના આદિક નરનારીરે, પતિએ સહિત રતિ. ૭
ગણ્યાં સુર મુનિ દ્વિજ નરનારીરે, માંડવિયાનાં નામ;

પ્રેમાનંદ કહે ભીમકરાય, નિરખી થયારે પુરણ કામ. ૮

-: પદ-૨૨ રાગ ધોળ :-

(ઢાળ – સખા શોધે ઘનશ્યામને.)

ગંગા જમનારે સરસ્વતિ, આવ્યા મુરતિરેમાન.
સરજુ કાવેરી કૌશકી, રેવા તાપી રૂપવાન. – તુલસીજીનેરે માંડવે.૧
ચંદ્રભાગા ગોદાવરી, સિંધુ સહિત અપાર.
ઉર્વશી રંભા ને ઘ્રતાચિ, મેનકા તીલોતમા નાર. – તુલસી૦ ૨
સિદ્ધિ અણીમાદિ આવિયો, શંખ પદ્માદિનિધિ.
મુરતી ધરિ સહુ આવિયાં, પુરવા નાના વિધ રિધિ. – તુલસી૦ ૩
કામધેનું ચિંતામણી, કલ્પવૃક્ષનાં રે વૃંદ.
મુરતીમાન સહુ આવિયાં, કરવા જનને આનંદ. – તુલસી૦ ૪
વન ને પરવત ધરિ મૂરતિ, હરખે આવ્યા ધરિરૂપ.
શુક સનકાદિ આવિયા, પ્રેમાનંદ કહે મુનિ ભૂપ. – તુલસી૦ ૫

-: પદ-૨૩ રાગ ધોળ :-

(ઢાળ – સૂતાં ઉઠીરે સમરૂં સહજાનંદ કે,)

સુખે થયાં રે સંત જનને સવાર કે – શ્રીહરિ સૂરજ ઉગીયો રે.
પામ્યા નાશ રે માયાનો અંધકાર કે – શ્રી હરિ૦ ૧
હરખે ઉઘડ્યાં રે હરિજન રૂપી કમળ કે, શ્રીહરિ. સેજે બિડયાં રે કુમતિ કુમોદનિ ખળકે - શ્રીહરિ.૨
અતિ છાયો રે ત્રીભોવનમેં પ્રકાશકે - શ્રીહરિ. મતવાદિ ઘુડ રે પામ્યા પળકે ત્રાસ કે - શ્રીહરિ. ૩
ઘટિ ગયું રે ખળખદ્યોતનું જોર કે - શ્રીહરિ. ઝલાણા રે કામ ક્રોધાદિક ચોર કે - શ્રીહરિ. ૪
છાનાં રહ્યાં રે નિંદ્યા કરતાં તમર કે - શ્રીહરિ. ગુંજી રહ્યા રે સંત રૂપિ ભમર કે - શ્રીહરિ. ૫
બંધન છુટ્યાં રે મુમુક્ષુ રૂપિ ગાય કે - શ્રીહરિ. પરાજય પામ્યા રે નીશીચર ગુરુ રાય કે - શ્રીહરિ.૬
કરે સોર રે કુબુદ્ધિ કુકડા ને કાગ કે - શ્રીહરિ. જે જે બોલે રે સંત હંસ બળ ભાગ કે - શ્રીહરિ. ૭
આનંદ પામ્યા રે ભાવિક જનનાં વૃંદ કે - શ્રીહરિ. બલિહારી જાય રે નિત પ્રેમાનંદ કે - શ્રીહરિ. ૮

-: પદ-૨૪ રાગ ધોળ :-

જોશી તેડાવ્યા ને મુહૂર્ત જોવરાવ્યાં,
બહુ રૂડાં મુહૂર્ત આવ્યાં રે. – ચાલો ગણેશ વધાવા. ૧
કલશ સ્થાપન કરી આવાહન કીધાં, ગણેશને નોતરાં દીધાં રે. ચાલો.૨
વેદ વચને કરિ ગણપતિ આવિયા, સહુ જનને મન ભાવિયા રે. ચાલો.૩
ગણેશ બેઠા ને વર્યો જય જયકાર, રાજી થયાં સહુ નર નાર રે. ચાલો.૪
લાવો સર્વે વસ્તુ મંગલકારી, પૂંજીયે પાટે બેસારી રે. ચાલો.૫
લંબોદર ગજવદન વિશાળ, લાડુ જમાડો ભરિ થાળ રે. ચાલો. ૬
રાજી થાય કૃપાસિંધુ દયાળ, નાસે વિઘન તત્કાળ રે. ચાલો.૭
પ્રેમાનંદ કહે પૂજી ચરણે લાગો, મનવાંચ્છિત વર માગો રે. ચાલો .૮

-: પદ-૨૫ રાગ ધોળ :-

ગણેશ દુંદાલોને દુઃખ ભંજન નામ,
શંભુ કુંવર સુખ ધામ રે. – રૂડો ગણેશ દુંદાલો. ૧
ગૌર વરણ ગજવદનો અવિનાશી; સરવે સુખનો રાસી રે. રૂડો. ૨
એકદંત ત્રીલોચન પ્યારો; મોદકનો જમનારો રે. રૂડો. ૩
સરસ આભૂષણ શોભે રે અંગે; નારિ સિદ્ધિ બુદ્ધિ સંગે રે. રૂડો. ૪

ગણ નાયક વર ઉંદર ગામી; વિઘન વિનાશન બહુનામી રે. રૂડો. ૫
વિદ્યાસાગર બુદ્ધિ વિશાલ; ચંદ્ર વિરાજે ભાલ રે. રૂડો. ૬
ચૌદ વિદ્યા ગુણ જાણ સુજાણ; સુર મુનિ કરે વખાણ રે. રૂડો. ૭
પ્રેમાનંદ કહે આનંદકારી; પુજો ગણપતિ ભયહારી રે. રૂડો. ૮

-: પદ-૨૬ રાગ ધોળ :-

(ઢાળ – સખીરે આજ આનંદ મારા ઉરમાં.)

સખીરે ગણપતિ પુજન કીધલાં, હવે માત્રિકા થાપન થાય રે;
વધાઈ વાજે આજ તુલસીજીને માંડવે.
સખીરે વેદ ધુનીરે વિપ્ર ઉચરે, હરખે માનની મંગલ ગાયરે. – વધાઈ૦ ૧
સખીરે પીળા પિતાંબર ઉપરે, પધરાવ્યાં માત્રિકા લઈ નામરે. – વધાઈ૦
સખીરે પદ્મા ગૌરી ને સચિ સાવિત્રી, મેધા વિજ્યા જયા સુખધામરે. – વધાઈ૦ ૨
સખીરે દેવયાની ને સ્વદ્ધા દેવિયો, સ્વાહામતિરે લોકમાત રે. – વધાઈ૦
સખીરે ધ્રતિ પુષ્ટિ ને તુષ્ટિ માનની, ગોત્ર દેવિયોસોહે સાક્ષાત રે. – વધાઈ૦ ૩
સખીરે સાત વસુંધરા ધૃતની સહિત, પુજ્યા દેવિયો રે કરી પ્રિત રે. – વધાઈ૦
સખીરે નંદી શ્રાદ્ધ સંપુરણ કીધું, વેદ વિધિયે સહિત રે. – વધાઈ૦ ૪
સખીરે ગોત્રદેવિને ગોત્રી સહુ મલી, આપે આશિર્વચન વારંવાર રે. – વધાઈ૦
સખીરે પ્રેમાનંદ કહે રહો અવિચલ, જોડી તુલસી ને કૃષ્ણ કિરતાર રે. – વધાઈ૦ ૫

-: પદ- ૨૭ રાગ ધોળ :-

(ઢાળ - મારે હેડેરે સખી હરખ ન માય,)

ભૂપ ભીમકે રે જન જાત્રાએ આવ્યાં, નોતરીયાં તે કરિ પ્રિતશું;
જમાડ્યા રે કરી બહુ પકવાન, નર નારીતે રસ રીતશું. ૧
પહેલા ભુદેવરે કરી બહુ સન્માન, ઈછ્યાં ભોજન જમાડિયાં;
હરખે દીધાં રે હીરા મોતીનાં દાન, વિપ્રને આનંદ પમાડિયા. ૨
આવ્યા નવા નવા રાજા દેશદેશના, અતિ આદર કરી નોતર્યા;
જમાડીયા રૂડી રાજની રીતશું, પકવાન વિધ વિધનાં કર્યાં. ૩
જમાડ્યા રે સાધુ ભિક્ષુક અભ્યાગત, અન્ન ધન વસ્ત્ર બહુ આપિયાં;
જે જે આવ્યા રે જન માગણ જાચક, તેનાં તે દાલીદર કાપિયાં. ૪
ભુપ ભીમકરે અતિ મનના ઉદાર, નાકારો જેના મુખમાં નઈ;
પાસે આવે રે જન જે કોઈ જાચવા, રાજી કરે જે માગે તે દઈ. ૫
પગરણ માંડ્યાંરે તુલસી વિવાહનાં હેતશું, રાજી કરવા તે ઘનશ્યામને;
પ્રેમાનંદ કહેરે લેવા લાખેણો લાભ, કન્યા આપી સુખધામને. ૬

પદ ૨૮ રાગ ધોળ

(ઢાળ – કંકુ છાંટી કંકોતરી મોકલી)

નૃપ ભિમકે લખી કંકોતરી, લખ્યાં લગ્ન, મુહૂર્ત તિથિવાર. જાદવ વેલા આવજો;
દેશદેશના નૃપતિ તેડાવજો, ચતુરંગણી સેના લઈ સાર. જાદવ૦ ૧
સરવે જાદવ સહિત પધારજો, ઉગ્રસેન ભુપતિ સહિત. જાદવ૦
સજી જાન સુભટ સરવે આવજો, રામકૃષ્ણ સહિત રણજીત. જાદ૦ ૨
ગર્ગાચાર્ય ગુરૂ તેડી લાવજો, બીજા વિપ્ર નિગમ શ્રુતિ જાણ. જાદવ૦
ડાહ્યા પંડિત ભટ આવજો, જાણે અર્થ શાસ્ત્ર પુરાણ. જાદવ૦ ૩
સ્વર્ગવાસી અમરને તેડાવજો, શિવ બ્રહ્મા આવે સુરરાજ. જાદવ૦

પત્નિ સહિત બ્રહ્મા ઋષિ તેડાવજો, સચી સહિત અમર ત્રિયા સાજ. જા૦૪
લઈ લગ્ન તરત વિપ્ર પહોંચીયો, વસુદેવતણે દરબાર. જાદવ૦
પ્રેમાનંદ કહે વસુદેવે આદરે, પૂજ્યો વિપ્ર કરી બહુ પ્યાર. જાદવ૦ ૫

-: પદ-૨૯ :-

વાંચી લગ્ન વસુદેવ હરખિયા, વધાવ્યા મોતીડે ભરી થાળ; લગ્ન શાલીગ્રામનાં. ટેક.
વસુદેવે કંકોતરી મોકલી, તેડ્યા સ્વર્ગ મૃત્યુ ને પાતાળ. લગ્ન૦ ૧
વસુદેવે ગણેશ તેડાવીયા, વેદ વચને કરી મૂર્તિમાન. લગ્ન૦
આવ્યા ગણેશ મોરથી ઉતાવળા, હરવા વિઘ્ન સર્વે બુધ્ધિમાન. લગ્ન૦ ૨
કીધાં ગણપતિ થાપન પ્રિતશું, પૂજ્યા વિધિવત્ ગણપતિરાય. લગ્ન૦
કીધાં માત્રિકા થાપન પૂજન, નાંદિશ્રાધ્ધ સહિતજે કહેવાય. લગ્ન૦ ૩
પેલા વિશ્વકર્મા દેવ આવિયા, કરવા રચના તે ચતુર સુજાણ. લગ્ન૦
રચ્યાં મંડપ મંદિર ચોવટા, ઉતારા અધિક નિરવાણ. લગ્ન૦ ૪
મણિ રત્ન માણેક બહુ ભાતના, હિરા મોતી પિરોજા પ્રવાલ. લગ્ન૦
પ્રેમાનંદ કહે મોહે જોઈ દેવતા, એવાં રચ્યાંરે ઠેકાણાં વિશાળ. લ૦ ૫

પદ - ૩૦ રાગ ધોળ

આવ્યા સુરપુર વાસી નરનાર, વાજે દેવ નગારાં વેમાનમાં;
આવ્યા બ્રહ્મા પ્રજાપતિ શંકર, મનુ મહર્ષિ આદિત બાર. વાજે૦
આવ્યા વસુ રૂદ્ર વાયુ દિગ્પતિ, સાધ્ય વિશ્વદેવાદિ અપાર. વાજે૦
આવ્યા સિધ્ધ ચારણ કિન્નર ગંધર્વ, વરૂણ કુબેર અશ્વનિકુમાર. વાજે૦
આવ્યા ધર્મ અગ્નિ ઈંદ્ર ચંદ્રમા, આવ્યા શેષાદિ વૈષ્ણવ નાગ. વાજે૦
આવ્યા પારષદ વૈકુંઠ ગોલોકના, ગરૂડ શ્રીદામા આદી બડભાગ. વાજે૦
આવ્યા દેવ દ્વિજ ત્રિયા ગાવતાં, સતી સાવીત્રી પારવતી આદિ. વાજે૦
પૃથ્વી સરસ્વતિ ગૌરીને રોહિણી, સ્વાહા સંજ્ઞા રૂધિને શિવાદી. વાજે૦
મુર્તિ આદિ ધર્મપત્ની આવીયાં, દેવ માતા અદિતી નામ. વાજે૦
અનસુયા અરૂંધતિ આદિ જે, પ્રેમાનંદ કહે સપ્તઋષિ ભામ. વાજે૦

-: પદ-૩૧ :-

(ઢાળ – ધર્મકુંવર હરિકૃષ્ણની રે, મૂર્તિ મારે.)
વસુદેવે ગ્રહશાંતક કિધલાંરે, વિધિયે સહિત કરી પ્રીતરે.
સાહેલી આનંદ છાયો ત્રીલોકમાંરે. ટેક. ૧
ગર્ગાદિ ગોર તેડાવિયારે, કરવા ગ્રહ યજ્ઞ પુનિતરે. સાહેલી૦ ૧
વસુદેવને માંડવે જે આવિયારે, તેમનાં સંભળાવું નામ રે. સાહેલી૦
નંદીશ્વર સેનાપતિરે આવ્યા, તે શિવ સુખ ધામ રે. સાહેલી૦ ૨
પાતાળથી શેષ આવિયારે, વાસુકી આદિ નાગ રે. સાહેલી૦
પાર્ષદ આવ્યા વૈકુંઠથી રે, નંદસુનંદ બડભાગ રે. સાહેલી૦ ૩
ગોલોકમાંથી આવિયારે, શ્રીદામાદિ અપાર રે. સાહેલી૦
સુરપુર વાસી આવિયા રે, દેવ સરવે નરનાર રે. સાહેલી૦ ૪
મહર્ષિ દ્વિજવર આવિયા રે, સપ્તઋષિ મુનિ વૃંદ રે. સાહેલી૦
શુક નારદાદિક આવિયા રે, સનકાદિક સુખકંદ રે. સાહેલી૦ ૫
ઈંદ્રાણિ સહિત દેવાંગના રે, પારવતી આદિ અનૂપ રે. સાહેલી૦
સપ્તઋષિની ત્રિયા આવિયાં રે, અનસુયા આદિ સુખરૂપ રે. સાહેલી૦ ૬

પૃથ્વીપતિ બહુ આવિયા રે, ગણતાં ન આવે પાર રે. સાહેલી૦
છપ્પન કુળ તે જાદવતણાં રે, પાંડવ આદિ ઉદાર રે. સાહેલી૦ ૭
માંડવડે વસુદેવને રે, માંડવીયા ન સમાય રે. સાહેલી૦
વાજે વાજાં ગાયે માનની રે, આનંદ ઉભરાણો જાય રે. સાહેલી૦ ૮
લાવ્યા પેરામણી ભુપતિ રે, સુરપુર વાસી અમર રે. સાહેલી૦
પ્રેમાનંદ કહે મણિ ભૂષણ રે, રત્નના છત્ર ચમર રે. સાહેલી૦ ૯

-: પદ-૩૨ :-

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

વરઘોડે ચડયા હરિ રાયે, જન જોઈ જોઈ રાજી થાય;
વરઘોડાની શોભા તે જોઈ, રહ્યા સુરનર મુનિવર મોહી. ૧
શણગાર્યા છે ઘોડા ને હાથી, રૂડા શોભે છે હરિના સાથી;
ચડયા જાદવરાય વરઘોડે, શોભે જાદવ તોડે મકોડે. ૨
દેવ હરખ ભર્યા સર્વે આવ્યા, નિજ નારીયો સંગ લાવ્યા;
વાજે દેવનાં વાજાં અપાર, શબ્દ છાઈ રહ્યો દિશ ચાર. ૩
નાચે અપસરા ગાંધર્વ ગાય, ઉપર પુષ્પની વૃષ્ટિ થાય;
હરિ મોર મુગટ શિર ધરિયો, કોટી મદનતણો મદ હરિયો. ૪
કીધો શૃંગાર રસ અંગિકાર, મુરછા પામ્યા દેવ નરનાર;
હરિવર હાથીયે બેસી નીસર્યા, જોઈ મુનિવર લોચન ઠારીયાં. ૫
ગાય માનની મંગળ ગીત, જોઈ હરિવર ઉપજી છે પ્રિત;
હરિને ચમર છત્ર શિર છાજે, આગે અગણિત વાજાં વાજે. ૬
આગે ઉડે છે આતશબાજી, થાયે નર ત્રિયા જોઈને રાજી;
આગે બોલે બહુ છડીદાર, દેવ વરસે સુમન વારમવાર. ૭
અસવારી ને આગે ગણેશ, ઈંદ્ર બ્રહ્મા શિવજીને શેષ;
શોભા જોઈ દેવ થયા રાજી, દેખી દુરીજન બળિયા દાજી. ૮
જન જુવે પ્રભુજીને પ્રીતે, જાણે ચિત્ર આલેખ્યાં ભીતે;
થયા પ્રફુલિત જોઈ મુનિ વૃંદ, બલીહારી જાય પ્રેમાનંદ. ૯

-: પદ-૩૩ :-

(ઢાળ – ધર્મકુંવર હરિકૃષ્ણની રે, મૂર્તિ મારે.)

જાન સજીને જદુપતિરે, ઉઘલીને ઉભલા બહાર રે
કેસરીયો પરણવા જાય પ્રભુ તુલસી રે.

જાનૈયા બહુ શોભતા રે, ગજ રથ અશ્વે અશવાર રે. કેશરીયો૦ ૧
કસુંબલ કેશરિયા બણ્યા રે, જાનૈયા રંગ ચોળે રે. કેશરીયો૦ ૨
રતન મણિ મોતીડે કરી રે, શોભે છે ઝાકમ ઝોળ રે. કેશરીયો૦ ૩
જાન બની જગદીશની રે, સરવે છબીનું રે ધામ રે. કેશરીયો૦ ૪
રતિ વરવા જાણે ચાલિયા રે, જાન સજી કામ રે. કેશરીયો૦ ૫
પાલખીમાં બહુ પોઢીયા રે, મુનિવર ને દ્વીજરાય રે. કેશરીયો૦ ૬
અમર શોભે છે વિમાનમાં રે, માનુનિ મંગળ ગાય રે. કેશરીયો૦ ૭
છત્ર ચમર શીર શામને રે, ઝળકે છે કનક નિશાન રે. કેશરીયો૦ ૮
છડીદાર બોલે બહુ આગળે રે, ચતુરંગણી ચાલી જાન રે. કેશરી૦ ૯
વાજાં વાજે બહુ ભાતનાં રે, ગોમુખ પણવ શરણાઈ રે. કેશરી૦ ૧૦

દેવનાં દુંદુભી ગડગડે રે, પ્રેમાનંદ કહે સુખદાઈ રે. કેશરીયો૦ ૧૧

-: પદ-૩૪ :-

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

શકન થાય છે બહુ સારાં રે, અહોનિશ આનંદનાં કરનારાં રે;
સામી કન્યા મળી છે કુંવારી રે, માથે કુંભ ભર્યો છે વારી રે. ૧
સામો મળ્યો છે વનમાળી રે, આનંદ પામ્યો પ્રભુજીને ભાળી રે;
કોટે આરોપ્યા લઈ હાર રે, ગજરા બાંધ્યા તે કરી પ્યાર રે. ૨
તોરા ખોંસ્યા છે પાઘમાંય રે, જોઈ જોઇ જન તે રાજી થાય રે;
શકને મળી નાયકા સામી રે, પ્રભુજીને જોઈ આનંદ પામી રે. ૩
કુમતિ ખર બોલે વામ ભાગે રે, હરિજન હરખ્યા અનુરાગે રે;
શકને બોલે તેતર મોર રે, નોલીયો પંખી ચાસ ચકોર રે. ૪
સારાં શકન થાય વારંવાર રે, પ્રભુજી ચાલ્યા ચોંપે થઈ તૈયાર રે;
જદુપતિ જાન સજીને નિસરિયા રે, પ્રેમાનંદ નિરખી નેણાં ઠરિયાં રે. ૫

-: પદ-૩૫ :-

(ઢાળ – સખીરે આજ આનંદ મારા ઉરમાં.)

જીરે કુંવરીયે કૃષ્ણજીને કાવીયું, અલબેલા ઉતાવળો આવ; મુખડું તે જોઈ સુખ ઉપજે રે.
જીરે આવડી તે વાર તમને ક્યાં થઈ, સુંદરવર નટવર નાવ. મુખડું૦ ૧
જીરે વાટડી મેં જોઉં ઉભી ક્યારની, વરણાગીયા વર તારે કાજ. મુખડું૦
જીરે રાત દિવસ રટણા લાગી રહી, મારાં નેણાં સફળ કરો રાજ. મુખડું૦ ૨
જીરે કેશરીઆ તમ કારણે, મારા જીવમાં જંપ ન થાય. મુખડું૦
જીરે વદન જોયા વિના જાદવ, મારે પળ જુગ જેવડી જાય. મુખડું૦ ૩
જીરે રૂપ તારૂં રંગ છેલડા, મારે ખુતું છે ચિત્તડા માંય. મુખડું૦
જીરે માળા રટું છું તારા નામની, પળે પળે લાગું તારે પાય. મુખડું૦ ૪
જીરે દીન જાણીને દયા આણજો, હું તો દાસી ચરણની નાથ. મુખડું૦
જીરે અલબેલડા આવી ઉતાવળા, હરિ ગ્રહણ કરો મારો હાથ. મુખડું૦ ૫
જીરે સંભારતાં સમાચાર આવિયા, આવિ કેશરીયા કુંવરની જાન. મુખડું૦
જીરે પ્રેમાનંદ પ્રભુજી પધારિયા, ઉતર્યા ગગનથી અમર વેમાન. મુખડું૦ ૬

-: પદ-૩૬ :-

(ઢાળ – આવોને ઓરા છેલ છબીલા મારી શેરીએ.)

પધાર્યા વાલો શામળિયો સુખકંદ રે. પધાર્યા. જગત પતિ જગવંદ રે. પધાર્યા૦ ૧
અખિલ ભુવનનો આધારરે. પ૦ વરત્યો તે જયજયકાર રે. પધા૦ ૨
સામૈયું લઈ થાઓ તૈયારરે. પ૦ માનની સજો શણગાર રે. પધા૦ ૩
માનની મંગલ ગાઈએરે. પ૦ વાલો વધાવવાને જાઈએ રે. પધા૦૪
થાળભરો ગજ મોતીયે રે. પ૦ ચાલો વેલા જઈ પોતિયે રે. પધા૦ ૫
શ્રીફળ સોપારી અક્ષત લીજીયેરે. પ૦ કેશર કુંકુમનાં તિલક કીજીયેરે.પધા૦ ૬
લોને સુગંધી ફુલ હારરે. પ૦ ગજરા બાજુ ને તોરા સાર રે. પધા૦ ૭
સામયું લઈને સામા નિસર્યાંરે. પ૦ મુખ જોઈને દુઃખ વિસર્યાં રે. પધા૦૮
અગણિત વાજાં વાજીયાંરે. પ૦ દુરિજન દેખી બહુ દાઝીયા રે. પધા૦ ૯
પ્રીતે પ્રભુને પધરાવિયારે. પ૦ પ્રેમાનંદે ગુણ ગાવિયા રે. પધા૦ ૧૦

-: પદ-૩૭ :-

(ઢાળ – ધર્મકુંવર હરિકૃષ્ણની રે, મૂર્તિ મારે.)
ભુપ ભીમક સામા આવ્યા રે, સુરનર મુનિ લઇ સાથ. નિરખી નાથનેરે.
વિનયે તે વંદન કીધલાંરે, મળ્યા હરખે ભરી બાથ. નિરખી૦ ૧
પ્રીતે પૂજ્યા રામ કૃષ્ણને રે, ભીમક ભુપ સુજાણ. નિરખી૦ ૨
વસુદેવ ભીમકને મળ્યા રે, પુછી કુશળ ને ક્ષેમ. નિરખી૦ ૩
સાકરનાં જળ પાવિયાંરે, પુરણ કરીને પ્રેમ. નિરખી૦ ૪
વાજતે ગાજતે ચાલિયા રે, ઉતારે લઇ જાન. નિરખી૦ ૫
ઉતારા જોઇ જુગતના રે, જાનૈયા ગુલતાન. નિરખી૦ ૬
રત્ન મણિમય ઝળહળેરે, સ્વર્ગને કરે તિરસ્કાર. નિરખી૦ ૭
બાગ કલ્પવૃક્ષના બણ્યા રે, સર વાવ કુવા અપાર. નિરખી૦ ૮
હવેલીયું સાત માળની રે, પલંગ હીંડોળા ખાટ. નિરખી૦ ૯
જે જે જોયે તે તૈયાર છે રે, નિધિ સિધિયે રચ્યા ઠાઠ. નિરખી૦ ૧૦
હાથી ઘોડા રથ પાલખી રે, ઉતર્યાં અમર વેમાન. નિરખી૦ ૧૧
તરત જાનૈયા જમાડિયા રે, વિધવિધનાં પકવાન. નિરખી૦ ૧૨
ઇચ્છ્યાં ભોજન તે જમાડિયાં રે, કરી કરી બહુ મન વાર. નિર૦ ૧૩
અમર તે અચરજ પામિયા રે, પ્રેમાનંદ બલિહાર. નિરખી૦ ૧૪

-: પદ-૩૮ :-

જમો કલવો હરિવર હેતશું, સાસુ જમાડે તમારી પ્રીતશું;
સાસુ થાળ ભરીને લાવી રે, તમને પ્રીતે જમાડવા આવી રે. ૧
ઘાલ્યું કલવામાંઇ ઘી ઘણું રે, એ લક્ષણ હરિ હેતતણું રે;
સુંદર વર કમલા નાથ રે, આજ જમો સાસુજીને હાથ રે. ૨
જે જે જોઇએ તે અમને દાખો રે, હરિ જમતાં તે લાજ ન રાખો રે;
ઉભી ઝારી લઇને બાલિ રે, ચળુ કરાવે તમારી સાળી રે. ૩
ખોસે તમારી પાઘમાં કેવડો રે, આ સાળો તમારો તમ જેવડો રે;
એમ બોલે હરિને નારી રે, જાયે પ્રેમાનંદ બલિહારી રે. ૪

-: પદ-૩૯ :-

(ઢાળ – વરઘોડો વાલાજીનો નીસર્યો રે.)
હરિતો સુરનર મુનિ ચિત્ત ચોરવા રે, બન્યા અલબેલોજી શોભા ધામ રે,
કેશરીયો વર જોયા જેવો રે.
શાલીગ્રામ તે શ્રીકૃષ્ણરૂપ થયા રે, શોભા જોઇ લાજે કોટી કામરે. કેશ૦
હરિયે મોર મુગટ શિર પર ધરીયોરે, કાને કુંડળ મકરાકારરે. કેશ૦
કડાં વેઢ વીંટીને બાજુ બેરખારે, શોભે રતન જડાઉ કોટે હારરે. કેશ૦
હરિને રત્ન જડિત કટી મેખલારે, ચરણે તોડા તે રતન જડાવરે. કેશ૦
હરિને રત્ન જડિત ચરણે મોજડીરે, શોભે સુંદર નટવર નાવરે. કેશ૦
હરિને કેશરિ વાઘા અંગે શોભતારે, પટકા કેશરીયા જોવા લાગરે. કેશ૦
હરિને કેશરતિલક કિધાં ભાલમાંરે,ચોખા ચોડયા છે આણિ અનુરાગરે. કે૦
સરવે સુરનર મુનિ થયા ઘેલડારે, નિરખી શોભા નિધિ સુખકંદરે. કે૦
એવા સુંદરવર હરિ ઉપરેરે, જાયે બલિહારી પ્રેમાનંદરે. કેશ૦

-: પદ-૪૦ :-

વરઘોડો વાલાજીનો નિસર્યો રે, શોભા મુખે કહી નવ જાયરે; ત્રાંબાલું ઉંટે ગડગડેરે. ટેક.

શોભે સુંદરવર સૂરજ સરખારે; ઘોડલાની ઘુમર માંયરે. ત્રાંબાલું૦ ૧
શણગાર્યા હાથી ઘોડા પાલખીરે; રથ માફા તે રતન જડાવરે. ત્રાંબાલું૦ ૨
શોભે જાનૈયા રૂડા જગદીશનારે; હિરા માણેક મોતીડે ગરકાવરે. ત્રાંબાલું૦ ૩
શોભે મુનિવર દ્વિજ બેઠા હાથીયેરે; છાયાં ગગને તે અમર વેમાનરે. ત્રાંબાલું૦ ૪
કરે કુસુમ વૃષ્ટિ સર્વે દેવતા રે; નાચે અપસરા ગાંધર્વ કરે ગાનરે. ત્રાંબાલું૦ ૫
ઉડે આતશબાજી બહુ આગળે રે; બોલે જે જે બહુ છડિદારરે. ત્રાંબાલું૦ ૬
છત્ર રત્ન જડિત શિર શોભતા રે; રૂડા ચમર ઢળે લખ ચારરે. ત્રાંબાલું૦ ૭
વાજે વાજાં આગળ બહુ ભાતનાં રે; ગાયે માનીની ઓચ્છવ થાયરે. ત્રાંબાલું૦ ૮
શોભા જોઇ સુંદર ઘનશ્યામની રે; પ્રેમાનંદ બલહારી જાયરે. ત્રાંબાલું૦ ૯

-: પદ-૪૧ :- રાગ ધોળ

માણકી છે ઘોડી ને મોતીડે જડાવ, અલબેલોજી અસવાર રે.
નિરખી નેણાં લોભાણાં. ટેક૦
મણીનો છે મોરડો જરીનાં પલાણ; રતન જડીત કોટે હાર રે. નિરખી૦ ૧
રતન જડીત કલંગી શિર શોભે; મોતીડે ગુંથી કેશવાળી રે. નિરખી૦ ૨
રતને જડીત સુંદર શોભે લગામ; હરિવરના હાથમાં મેં ભાળી રે. નિરખી૦ ૩
પચરંગી પાટીનો જેર બંધ કશિયો; પેંગડે રતન જડ્યાં રે. નિરખી૦ ૪
રતને જડિત ડુમચીનીરે શોભા; રતન ઝાંઝર ઝણકાર રે. નિરખી૦ ૫
ચંચળ છે ઘોડી ચતુર અસવાર રે; જોઇને ચકિત નરનાર રે. નિરખી૦ ૬
જાનૈયા યુથમાં શોભે સુંદરવર; શામળીયો શીરદાર રે. નિરખી૦ ૭
ઉડુગણમાં જેમ શોભે ઉડુપતિ; એમ શોભે અલબેલો રે. નિરખી૦ ૮
પ્રેમાનંદ કહે પ્રભુ આવ્યા બજારે; સુંદરવર રંગ છેલો રે. નિરખી૦ ૯

-: પદ-૪૨ :-

(ઢાળ – હરિ તારાં છે હજાર નામ, કયા નામે લખવી કંકોતરી)
વરઘોડે બેસી વાલો આવે રે વિહારીલાલ,
સામો મળ્યો માલિડો લઇ હાર, સેહરો સરસ બન્યો રે લાલ. ટેક.
જાઇ જુઇ ચમેલી ને માલતી મોગરો, સેહરામે સુંગધ છે અપાર- સેહરો. ૧
ગુલાબના ગજરા સોહે બોરસડિના બાજુ, ગુલછબાની છડી લીધી હાથ- સેહરો. ૨
કેતકીની કલંગી ને કેવડાની ટોપી, સેવતીનાં છોગાં સોહે માથ- સેહરો. ૩
ગુલદાવદિ ગુલાબ ગેંદીગુલમેંદી ગુલબાસ, ચંપાની સુગંધી ચારે પાસ- સેહરો. ૪
ફુલડાંમાં ફુલી રહ્યો કેશરિયોવર કાનજી, શોભા જોઇ આનંદ હરિના દાસ- સેહરો. ૫
પોહોપ ફુલને પારિજાત વરસેરે વૃંદારકા, સુગંધીમાં શામળિયો ગરકાવ- સેહરો. ૬
પ્રેમાનંદ નિરખી જાય વારંવાર વારણે, રૂપાળો રંગ બાંકો રાવ- સેહરો. ૭

-: પદ-૪૩ રાગ ધોળ :

(ઢાળ – સખી રે આજ આનંદ મારા ઉરમાં.)
રાયરે ભીમક તારૂં શહેર સાંકડું, મારા હરિવરના હાથીડા ન માયરે; વિઠ્ઠલ વર આવે વાંકડો. ટેક.
રથ પાલખીને સાંકડ બહુ થાયરે-વિઠ્ઠલ૦ ૧
રાયરે ભીમક તારા ચૌટા બહુ સાંકડા; ચૌટે આતશબાજી નવ ઉડવાયરે-વિઠ્ઠલ૦ ૨
રાયરે ભીમક તારી શેરી બહુ સાંકડી; મારા હરિવરના જાનૈયા કચરાયરે-વિઠ્ઠલ૦ ૩
રાયરે ભીમક તારી મેડી બહુ સાંકડી; મેડીએ અમર વેમાન અટકાયરે-વિઠ્ઠલ૦ ૪
રાયરે ભીમક તારાં બારણાં બહુ સાંકડાં; બારણે અસવારી ઉભી અકળાયરે-વિઠ્ઠલ૦ ૫

રાયરે ભીમક તારે આંગણીએ ઉભા રયા; ત્રિભુવન પતિ પરબ્રહ્મરાયરે-વિઠ્ઠલ૦ ૬
રાયરે નિરખીને નેણાંરે શીતલ થયાં; તન મન પ્રેમાનંદ વારી જાયરે- વિઠ્ઠલ૦ ૭

-: પદ-૪૪ રાગ ધોળ :-

ઉઠોરે ભીમકની નાર, તોરણ આવ્યા જગ આધાર;
ક્યારના વર ઉભા બાર, આવડલી શી લાગી વાર. ૧
ક્યારના શું સજો શણગાર, પોંખવા સારૂ થાઓ તૈયાર;
ઉભાં થઇ છે ઘડી બે ચાર, તમને તો નહિ લાજ લગાર. ૨
દ્વાર ઉભા ખોટી થાએ, જાનૈયા ઉભા અકળાયે;
ક્યારની આવી ઉભી જાન, આકાશે ઉભાં વેમાન. ૩
રોક્યાં સરવે શેરી બજાર, જાનૈયાનો વાર ન પાર;
આજ તમારાં ઉઘડ્યાં ભાગ, પ્રેમાનંદ કે વર પોંખ્યા લાગ. ૪

-: પદ-૪૫ રાગ ધોળ :-

(ઢાળ — મારી સાર લેજો અવિનાશી રે.)
સાસુ આવ્યાં ઉઠી હરખે રે, વરને ઘુંઘટડામાં નિરખેરે;
સાસુ પોંખે લઇ ધુંસરૂં રે, કે છે નેણાંથી ન્યારા ન કરૂંરે. ૧
સાસુ પોંખે મુસળ લઈ રે, વરને નિરખી રાજી થઈ રે;
સાસુ પોંખે લઇ રવાયો રે, જેને વેદ પુરાણે ગાયો રે. ૨
સાસુ પોંખે સંપુટ લઇ સરીયોરે, હરિવર નિરખી અંતર ધરિયો રે;
સાસુ પોંખે છે લઇ ત્રાક રે, હરિવર હસિયા જોઇને જરાક રે. ૩
સાસુ ઇંડી પીંડી ઉતારેરે, હરિવર નિરખીને ઉર ધારે રે;
એમ વર કેશરીયો પોંખાય રે, પ્રેમાનંદ નિરખી રાજી થાય રે. ૪

-: પદ-૪૬ રાગ ધોળ :-

(પીઠી ચોળો પીઠી ચોળો પિતરાણીરે. એ ઢાળ.)
તુલસીજીયે રૂપ અનુપમ કીધું રે, સુરનર મુનિને દર્શન દીધું રે;
શોભા તે ત્રિભોવન નૂતન ધારી રે, વરવા શ્રીકૃષ્ણજી કુંજવિહારી રે. ૧
કુંવરીને રતન બાજોઠે બેસાર્યાં રે, મલિયાગર મ્રગમદ ઘશીને ઉતાર્યાં રે;
પીઠી ચોળી દેવકી દ્વિજ ત્રિયા આવી રે, ગંગા આદિ નદીયો તે નિર ભરી લાવી રે. ૨
દિગ્ગજતે ચાર સાગરનાં વારિ રે, કનક કુંભ આઠે સુંઢમાં ધારી રે;
લાગ્યા હરખે તુલસીજીને નવરાવા રે, પ્રેમાનંદ કહે દેવ ત્રિયા લાગ્યા ગાવા રે. ૩

-: પદ-૪૭ :-

ઋષિ પત્નિ નવરાવે કરિ પ્યાર રે, મંત્ર ભણે મૂર્તિમાન વેદ ચાર રે;
મિઠે સ્વરે ગંધર્વ કરે છે ગાન રે, અપ્સરા નાચે છે તોડિ તાન રે. ૧
દેવગણ વાજાં વજાડે બહુ પેર રે, સહુ જનને થઇ લીલા લેર રે;
વાજે દેવ દુંદુભી તુલસીજી નાચે રે, તાલ મૃદંગ વાજે ઓછવ થાયે રે. ૨
કરે સુર પુષ્પ વૃષ્ટિ વારંવાર રે, કરે જન જે જે શબ્દ ઉચાર રે;
પ્રેમાનંદ કહે રૂડિ રીતે નવરાવ્યારે, પિતાંબર પેરાવી મંડપમાં લાવ્યારે. ૩

-: પદ-૪૮ :-

(ઢાળ - મંગળ ગાવો રૂડાં વાજીંત્ર વાજે.)
ભીમક ભુપ ઉર હરખ ન માયરે; ગ્રહશાંતિ પૂજન થાય. હો માનની;
મંગળ ગાવો રૂડાં વાજીંત્ર વાજે. ૧

બ્રહ્માજી આવ્યા રૂડા વિપ્રને લાવ્યા; વપ્રને વરૂણ વરાય. હો માનની. ૨
પૃથ્વી પુજન કરી અગ્નિ પધરાવ્યા; ગણપતિ સ્થાપન કીધા. હો માનની. ૩
પૂજા સામગ્રી જે જે જોઇએ તે લાવ્યા; ગ્રહના આવાહન કીધાં હો માનની. ૪
આવ્યા નવે ગ્રહ મૂર્તિ ધરીને; ગુરૂ શુક્ર ને રવિ સોમ. હો માનની. ૫
આવ્યા રાહુ ને કેતુ શશિસુત બુદ્ધ; શનિશ્ચર અવનીસુત ભોમ. હો માનની. ૬
વિધિયે સહિત ગ્રહનાં સ્થાપન કીધાં; પુજ્યા પાંચે ઉપચારે. હો માનની. ૭
ચંદન પુષ્પ અક્ષત દધિ દુર્વાતિલ; ધુપદિપક કીધાં પ્યારે. હો માનની. ૮
હોમ થાયે ને વેદ મંત્ર ભણાયે; યજ્ઞ આહુતિ દેવાયે. હો માનની. ૯
સભા ભરાઈ સર્વે દેવ બિરાજ્યા; અપ્સરા નાચે ગાંધર્વ ગાયે. હો માનની. ૧૦
પત્નિ સહિત ભુપ ભિમક આવ્યા; કન્યાને લીધાં છે ખોળે. હો માનની. ૧૧
પુષ્પ વરસે દેવ દુંદુભી વાજે; જોવા મળ્યા છે જન ટોળે. હો માનની. ૧૨
અર્ઘ્ય શ્રીફળ દિધાં દંપતિ હાથે; ગ્રહશાંતિ વિપ્ર કરાવે. હો માનની. ૧૩
વર કન્યાની જોડી અવિચળ રેવા; દેવને ચરણે લગાવે. હો માનની. ૧૪
ભુપતિ આવ્યા સર્વે લાવ્યા પેરામણી; ભીમકરાયનાં સગાંવાલાં. હો માનની. ૧૫
પ્રેમાનંદ કહે ઘરેણાં થાન સોનેરી; ઉત્તમ શાલ દુશાલા. હો માનની. ૧૬

-: પદ-૪૯ :-

(ઢાળ – એવું સુણીને બોલી સુંદરી.)

તુલસીજીને આવિયાં રે મોસાળાં; હીરા મોતી રતન પરવાળાં-તુલસી૦
ભાત ભાતનાં રતન અપાર; લાવ્યા દેવ કરિ બહુ પ્યાર-તુલસી૦
લાવ્યા અમર આભુષણ ભારી; અંગે પેરી ઓપ્યાં સુકુમારી-તુલસી૦
લાવ્યા દેશ દેશના ભૂપ; અંબર ભૂષણ અતિ અનૂપ-તુલસી૦
લાવ્યા સોનેરી રૂપેરી થાન; નર નારી જોઈ ગૂલતાન-તુલસી૦
મોસાળું લાવ્યા સુર રાજ; અતિ હરખે તુલસીજીને કાજ-તુલસી૦
અંગો અંગનાં અંબર અલંકાર; લાવ્યા સુરપતિ અતિ ઉદાર-તુલસી૦
આવ્યા અમર ત્રીયા બડ ભાગ; લાવ્યા અંગો અંગના સોહાગ-તુલસી૦
સજ્યા સરવે અંગે શણગાર; પ્રેમાનંદ જાયે બલિહાર-તુલસી૦

-: પદ-૫૦ :-

ઉર વાધ્યો ઉર વાધ્યો આનંદ અપાર, ત્રિભોવનવાસી નર નારને રે.
પુજા લાવ્યાં પુજા લાવ્યાં તુલસીજીને કાજ, સજવા તે સોળ શણગારને રે.
બહુ મુલાં બહુ મુલાં રતન જડાવ, આભુષણ સાગર લાવિયા રે.
પધરાવ્યાં પધરાવ્યાં ઇંદ્ર આસનમાંય, વિશ્વકર્માયે કાંકણ પેરાવિયાં રે.
વેઢ વિંટી વેઢ વિંટી તે રતન જડાવ, આંગળીયે સુંદર શોભતી રે.
કર પોંચી કર પોંચીને ચુડિયું જડાવ, શોભે કરમાંહી મન લોભતી રે.
નાકે વાળી નાકે વાળી તે મોતીડે જડાવ, આપી ચંદ્રમાયે અતિ પ્રીતશું રે.
રૂડાં મોતી રૂડાં મોતીયે સમારી છે પાગ, ચંદ્રનારી રોહિણીયે રીતશું રે.
અજે આપ્યું અજે આપ્યું કમળ કરમાંય, સરસ્વતિયે મોતીહાર ધરાવિયા રે.
શેષ લાવ્યા શેષ લાવ્યા તે કુંડળ જડાઉં, પ્રેમાનંદ કહે પેરાવી કાજ સારિયાં રે.

-: પદ-૫૧ :-

પારવતિયે પારવતિયે આપ્યો સોહાગ, આંખે અંજન કંકુ ભાલમાં રે;
અતિ સારો અતિ સારો ચાંદલીયો જડાવ, સાવિત્રીયે આપ્યો વ્હાલમાં રે.

સચી લાવી સચી લાવી બિડાં પાનપાત્ર, પિકદાની તે રતન જડાવને રે;
વૈજયંતિ વૈજયંતિ માલા પંચરંગી, લાવ્યા વરૂણ સરસ મન ભાવની રે.
ફુલ હાર ફુલ હાર સુગંધી સાર, સુરરાજ લાવ્યા રચના રચી રે;
કંઠ સુત્ર કંઠ સુત્ર તે લાવ્યા શિવ, લાવ્યા કુબેર દર્પણ રતને ખચી રે.
અગ્નિ લાવ્યા અગ્નિ લાવ્યા કંચુકી બહુ મુલી; જમદેવ તે લાવ્યા વિજણો રે.
સર્વે ભુપ સર્વે ભુપ લાવ્યા તે અપાર, બહુ મુલાં અંબર ભુષણ ઘણાં રે;
શણગાર્યાં શણગાર્યાં લાડલિ બહુ ભાત, જોઈ મોહે સુંદર વર શ્રી હરિ રે.
પ્રકાશું પ્રકાશું પ્યારીએ રૂપ, પ્રેમાનંદ કહે શોભે ઘણાં સુંદરી રે;

-: પદ-પર - રાગ ધોળ :-

(ઢાળ – વરઘોડો વાલાજીનો નીસર્યો રે.)

પંચ શબ્દે વાજીંત્ર વાજીયાંરે, માનનીયો ગાય મંગળ ગીત;
ત્રીકમરાય પરણે તુલસીને રે,
માયરે તે મોહનવર પધારિયારે, કનકાસને પધરાવ્યા કરિ પ્રિત- ત્રીકમ.
વરૂણીમાં વિપ્રને વરાવિયારે, તેડાવ્યા તે ભીમક પત્નિ સહિત- ત્રીકમ.
ચોરી મધ્યે આવી બેઠાં બેઉ જણારે, બ્રહ્મા મંત્ર ભણે રૂડી રીત- ત્રીકમ.
ભીમક રાયે ગણેશ પૂજન કીધલાંરે, અર્ઘ પ્રદાન આપ્યું વરને હાથ- ત્રીકમ.
અર્ઘ આપી મધુપર્ક આપિયાંરે, ચરણ પખાળ્યા નિરખી નાથ- ત્રીકમ.
ભીમકરાયે ધોયા પગ કન્યા તણારે, રત્ન જડિત આપ્યાં અલંકાર- ત્રીકમ.
પીતાંબરે અંતર પટ કિધલાંરે, વરકન્યા વચ્ચે અતિ સાર- ત્રીકમ.
કન્યાયે તે વરમાળા પ્રિતશુંરે, નાખી હરીને કોટે કરી પ્યાર- ત્રીકમ.
વરકન્યાના છેડા ગાંઠ બાંધીયારે, કરાવ્યા છે ગોત્રના ઉચાર- ત્રીકમ.
લાખ ગાયું સોનું રત્ન ભુષણરે, આપ્યાં હરખે સહિત દઈ માન- ત્રીકમ.
સરસ્વતિવાચન ભણી હોમ કીધલોરે, મંગળ ફેરા ફરે હરિરાય- ત્રીકમ.
મુર્તિમાન વેદ મંત્ર ઉચરેરે, અપ્સરા નાચે ગાંધર્વ ગાય- ત્રીકમ.
દેવતાએ દુંદુંભી વજાડીયાંરે, રૂડે સ્વરે ગાય ત્રિયા વૃંદ- ત્રીકમ.
સુરપતિ પુષ્પની વૃષ્ટિ કરેરે, નિરખી બલિહારી પ્રેમાનંદ- ત્રીકમ.

-: પદ-પ૩ :-

("પીઠી ચોળો પીઠી ચોળો પિતરાણીરે" એ ઢાળ.)

મંગળ ફેરા ફરે ત્રિભોવનરાય રે, ત્યાં તો આઠ મહાદાન દેવાયરે;
પહેલું મંગળ ફર્યાં વરકન્યા જોડરે, ભીમકરાયે દીધી સોનામોર ક્રોડરે.
બીજું મંગળ ફર્યાં વરકન્યા જ્યારેરે, દીધા અશ્વ દશ સહસ્ર તે વાર રે;
ત્રીજું મંગળ ફર્યાં હરિ તુલસી દેવીરે, દીધી ગાયું દશ લાખ જોયા જેવીરે.
ચોથું મંગળ ફર્યાં તુલસી ભગવાનરે, દીધાં દશ સહસ્ર હાથી કેરાં દાનરે;
ભીમકરાય બહુ મનના ઉદારરે, દીધી દાસી સહસ્ર સજી શણગારરે.
ભીમકરાયે લીધો લાખેણો લાવરે, દીધા રથ અયુત રતને જડાવરે;
ભીમકરાયે કીધો મનમાં વિચારરે, આવો અવસર નહિ આવે વારંવારરે.
એમ જાણી આપી ભૂમી કરી પ્યારરે, સુધી સારી શત જોજન વિસ્તારરે;
ભીમકરાયે એમ કન્યાદાન દીધાંરે, પ્રેમાનંદ કહે જન્મ સફળ કરી લીધાંરે.

-: પદ-પ૪ રાગ ધોળ :-

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

એમ વરત્યાં તે મંગળ ચાર, હરિ પરણ્યા તુલસી કરી પ્યાર;
વરકન્યા જમે કંસાર, ધન્ય નિરખ્યા તેના અવતાર. ૧
કન્યા કોળિયો કરમાં લઇને, આપે હરિ મુખમાં ધિરી રહીને;
આપે કન્યાના મુખમાં હરિ, નિરખે સુર નર મુનિ નેણાં ભરી. ૨
લાડીએ તે કૌતક કીધું, હરિની હાંસી કરીને સુખ લીધું;
વાળી કોળિયો મુખમાં દીધો, મુખમાં દેતાં પાછો તાણી લીધો. ૩
જન હસ્યા તે હરિ શરમાણા, શોભા જોઇને નેણાં લોભાણાં;
વળતી વાળ્યો હરિએ દાવ, જોવા જનને ઘણો ભાવ. ૪
કરમાં કોળિયો લઇ હરિ રાય, મોંમાં દેતાં દીધો આંખ માંય;
હસ્યાં વર પક્ષનાં નર નારી, લજ્યા પામ્યાં ભીમક સુકુમારી. ૫
સાસુ આવ્યાં ધોવરાવવાને હાથ, ચળુ કરે ત્રિભોવન નાથ;
સાસુ હાથ ધોવરાવીને ચાલ્યાં, હરિએ હસીને ચીર તાણી ઝાલ્યાં. ૬
આપ્યો સાસુએ મોતીનો હાર, જાયે પ્રેમાનંદ બલિહાર.

-: પદ-૫૫ રાગ ધોળ :-

જમો જમો હરિ કંસાર રે, લાજ રાખશોમાં લગાર રે;
જમો કંસાર જગદાધાર રે, અમે ગાઇએ ગુણ કરી પ્યાર રે. ૧
અમને સાચું કેજો હરિ આપરે, લોક કે છે તમારે બે બાપ રે;
તમારાં માબાપ રૂડાં રૂપાળાં રે, તમે તાવડી જેવા કેમ કાળા રે. ૨
સહુથી ઉંચું કુળ તમારૂં રે, તમે રીંછ ઘેર પરણ્યા શા સારૂં રે;
તમે જાદવ કુળના ભૂપ રે, શું મોહ્યા રીંછડીને રૂપ રે. ૩
તમને પોંખ્યા હશે કેમ કરી રે, કરડ્યા હશે રીંછડીયે હરિ રે;
તમને કન્યા કુણે નવ દીધી રે, કુબજા પટરાણી કીધી રે. ૪
તમને લાજ તો ન મળે શ્યામ રે, પરણ્યા ગોત્ર માંઇ સત્યભામા રે;
તમારા ગુણનો ન પામીયે પાર રે, પ્રેમાનંદ જાયે બલિહાર રે. ૫

-: પદ-૫૬ રાગ ધોળ :-

આ જાદવ કુળના અધિપતિ, બોલે માધવ હો બાઇ જાદવ. એને સેવે મોટા મુનિ મહામતિ- બોલે. ૧
એમાં અકલ તો કાંઇ ઝાઝી નથી - બોલે૦ શું સમજી વરી કમલા પતિ - બોલે૦ ૨
આ જગમાં એવું કોઇ ના કરે - બોલે૦ આવું નીદિંત દેહ તે ના ધરે - બોલે૦ ૩
આ તો માછલાં કાચબા થઈ રમ્યા - બોલે૦ આ તો ભુંડ તનુ ધરી વન ભમ્યા - બોલે૦ ૪
એણે સાવજનો દેહ ધારીયો - બોલે૦ એણે હરણાં કંસને મારીયો - બોલે૦ ૫
એ તો કપટ રૂપ ધરી વામન - બોલે૦ કીધું બલી રાજાનું પાવન - બોલે૦ ૬
એણે ફરસી લઇ પૃથ્વી ફરી - બોલે૦ કીધી એકવીશ વાર નક્ષત્રી - બોલે૦ ૭
થઇ રામ જગત જસ થાપિયા - બોલે૦ સુર્પનખાનાં નાક કાન કાપિયાં - બોલે૦ ૮
હવે જાદવ કુળે જનમિયા - બોલે૦ મેલી મા બાપને ગોકુળ ગીઆ - બોલે૦ ૯
એ તો ત્યાં જઇને અઢળક ઢળ્યા - બોલે૦ પહેલા માસી પૂતનાને મળ્યા - બોલે૦ ૧૦
વળતી કેતાં થાકાં મન વાણી રે - બોલે૦ એમની કીર્તિ વ્યાસે વખાણી રે - બોલે૦ ૧૧
એ તો સર્વે ગુણના ભરિયા રે - બોલે૦ પ્રેમાનંદે અંતરમાં ધરિયા રે - બોલે૦ ૧૨

-: પદ-૫૭ રાગ ધોળ :-

(સુખ દાયક રે સ્વામી સહજાનંદ)

પરણી ઉભારે વર કન્યાની જોડ, માંડવડે બહુ શોભતા;

સર્વે પૂર્યા રે ભૂપ ભીમકના કોડ, સુરનર મુનિ મન લોભતા. ૧
ઉલંઘ્યાં રે પ્રભુ પરવત સાત, વેદ વિધિયે કરી પ્રીતશું;
વંદન દીધાં રે સૂરજને સાક્ષાત, વર કન્યાયે રસ રીતશું. ૨
કરાવ્યાં રે ધરૂ તણાં દરશન, અવિચળ રહેવા જોડી શામની;
આપે વિપ્ર રે રૂડાં આશિર્વચન, વધાવે અક્ષત લઈ ભામિની. ૩
આવ્યાં સરવેરે કન્યા વરના સંબંધી, ચાંદલો કરવાને કારણે;
આપ્યાં અંબર રે રત્ન ભુષણ વંદી, જાય વાલાજીને વારણે. ૪
હરિયે દીધાં રે દ્વિજવરને તે દાન, કંચનમણિ રતન આપીયાં;
પ્રેમાનંદ કહે રે કીધાં બહુ સનમાન, વાંછિત આપી દુઃખ કાપિયાં. ૫

-: પદ-૫૮ રાગ ધોળ :-

(“વેવાઈ વાનાં મેલાવ, વાનાં નવ સરિયાં રે.” એ ઢાળ)

ભૂપ ભીમક મનના ઉદાર લાવ્યા, પેરામણી રે વરને રતન જડાઉ હાર - લાવ્યા૦
કાને કુંડળ મકરાકાર લાવ્યા, કડાં વેઢ વીંટી અતિ સાર - લાવ્યા૦
જામા જર કસિયા કરી પ્યાર લાવ્યા, સેલાં સરસ સોનેરી તાર - લાવ્યા૦
બીજા વિધિ વિધના શણગાર લાવ્યા, મણિરત્ન તણા અલંકાર - લાવ્યા૦
કીધા રાજી જગદાધાર લાવ્યા, લાગી ચરણે વારંવાર - લાવ્યા૦
એના ભાગ્ય તણો નહીં પાર લાવ્યા, જાએ પ્રેમાનંદ બલિહાર - લાવ્યા૦

-: પદ-૫૯ :-

નૃપ ભીમક વેવાઈ કાજ, લાવ્યા હરખ ભર્યા રે; પેરામણીનો સાજ - લાવ્યા૦
ચમર છત્ર ને રતન જડાવ, - લાવ્યા૦ અંગે સોનેરી શીરપાવ. - લાવ્યા૦
મોંઘે મોતીડે ભરિયા થાળ, - લાવ્યા૦ હિરા રતન મણિને પ્રવાળ. - લાવ્યા૦
ઘણાં સોનેરી રૂપેરી થાન, - લાવ્યા૦ આપ્યાં કરી કરી સનમાન. - લાવ્યા૦
મોતી રત્ન તણા અલંકાર, - લાવ્યા૦ આપ્યાં કરીકરી મનવાર. - લાવ્યા૦
માની ભાગ્ય ભીમક બહુ પેર, - લાવ્યા૦ એવા વરને વેવાઈ કેને ઘેર. - લાવ્યા૦
ભૂપ ભીમક હરખ ભારી, - લાવ્યા૦ નાખે વરપર વિશ્વ તે વારી. - લાવ્યા૦
આપી પેરામણી બહુ ભાત, - લાવ્યા૦ પ્રેમાનંદ કહે કરીકરી ખાંત. - લાવ્યા૦

-: પદ-૬૦ રાગ ધોળ :-

(ઢાળ – ધન્ય ધન્ય દીન રળીયામણો.)

અવસર આવ્યો આજ સપરમો, આનંદ અંગે ન માયરે;
જાનૈયાને પેરામણી, લાવ્યા ભીમકરાય રે. ૧
ભાત ભાતનાં રતન અમોલિક, માણેક મોતી હીરા રે;
શાલ દુશાલા પટ પિતાંબર, જરકસિયા ચીરા રે. ૨
કસુંબલ કેશરીયાં ને, અંબર બહુ રંગ રે; જેને જેવા જોયે તેવાંને, આપ્યાં તે ઉમંગ રે. ૩
શિરપેચ સોતિ પાઘ કસુંબી, કલંગીને તોરા રે; કાને મોતી કુંડળ જડાઉં, કોટે ઉતરી દોરા રે. ૪
બાજુબંધ ને કડાં સાંકળાં, પોંચી વીંટી વેઢ રે; તોડા પગમાં રતન જડાઉં, કંદોરા સોહે કેડ રે. ૫
બ્રાહ્મણ ક્ષત્રી દેવ મુનિને, જેવા જોઈએ તેવા રે; ભુષણ અંબર ઢગલા, કીધા જાનૈયાને દેવા રે. ૬
ભીમક રાયે આજ્ઞા આપી, જોઈએ તેવાં પેરો રે; હરીવરને માથે મેલ્યો, મોતીડાંનો સેરો રે. ૭
અંબર અમોલિક ભુષણ માંઇ, જાનૈયા ગરકાવ રે; પ્રેમાનંદ કહે શોભે જાણે, રાજાના ઉમરાવ રે.૮

-: પદ - ૬૧ :-

દેવ મુનિને પેરામણી, કરી ભીમક ભૂપે રે; જોયે તેવાં વસ્ત્રભુષણ, આપ્યાં તે અનુપે રે. ૧

દિવ્ય વસ્ત્ર ભુષણ ગંધર્વ, અપ્સરાને આપ્યાં રે; સિદ્ધ ચારણ ને કિન્નર, કેરાં દાલીદર કાપ્યાં રે. ૨
દેવ ત્રિયા ને રૂષિ પત્નિને, વસ્ત્ર ભુષણ ભારી રે; અંગોઅંગ સોહે તેવાં આપે, ભીમક નારી રે. ૩
રિદ્ધિ સિદ્ધિ કરજોડીને, આગે ઉભી ત્યારે રે; જે જોઇએ તે તરત આપે, વસ્ત્ર અલંકાર રે. ૪
લેતાં લેતાં થાકી રહ્યા, સુરનર રૂષિ રાય રે; ત્રીભોવન વાસી નર નારીને, અતિ અચરજ થાય રે. ૫
જે જે આવ્યા જાચક લોક, ત્રીભોવન વાસી રે; જે જે માગ્યાં તે તે આપ્યાં, ભીમકે તપાસી રે. ૬
સોનાં રૂપા મોતી માણેક, વસ્ત્ર અલંકાર રે; હાથી ઘોડા રથ પાલખીઓ, આપ્યા તે અપાર રે. ૭
ત્રીભોવનવાસી રાજી થૈને, ચાલ્યાં સરવે ઘેર રે; પ્રેમાનંદ કે ભીમક ઘેર, થઇ રહી લીલા લેર રે. ૮

-: પદ-૬૨ રાગ ધોળ :-

(ઢાળ – સખા શોધે ઘનશ્યામને.)

પ્રભુજી પરણ્યારે તુલસી, જનને હરખ અપાર,
જદુપતિ સજીરે જાનને, ચાલવા થયા તૈયાર.-પ્રભુજી૦ ૧
ગગને દુંદુંભી ગડગડે, વરસે સુમન વરસાત,
વિવાહ જોઇને જદુરાયનો, અમર થયા રળિયાત.-પ્રભુજી૦ ૨
શિવ બ્રહ્મા ને સુરપતિ, આવ્યા શ્રીહરિ પાસ,
આજ્ઞા માગી મહારાજની, વિમાન ઉડ્યાં આકાશ.-પ્રભુજી૦ ૩
વસુદેવ મળ્યા વેવાઈને, હરખે ભેટયા ભરી બાથ,
ભીમક રાય નેણે રે નીર વહે, ઉભા જોડીને હાથ.-પ્રભુજી૦ ૪
ભીમક ભક્ત હરિરાયનાં, થયા અતિશે દીલગીર,
પ્રભુજીની વિછડ્યાની વેદના, નેણે વહેરે નીર.-પ્રભુજી૦ ૫
ભીમકે કન્યા વળાવિયાં, દીધી સેના બહુ સાથ,
રથમાં બેસી પ્રભુજી ચાલીયા, પ્રેમાનંદનોરે નાથ.-પ્રભુજી૦ ૬

-: પદ-૬૩ રાગ ધોળ :-

રે હરિ કેજ્યો અમારા જઇ રામરામ;

રામ રામ રામ રામ રામ રામ રે,હરિ સઉનાં તે લઈ લઈ નામ નામ.
નામ નામ નામ નામ નામ નામ રે, હરિ કે જો તે વિગતે સહુને;
સઉને સઉને સઉને રે તમારી, વાલી તે રીંછડી વહુને. ૨
વઉને વઉને વઉને રે હરિ, બીજી તમારી પટરાણીયો;
રાણીઓ રાણીઓ રાણીઓ રે તમે, જ્યાં ત્યાંથી ઝુંટીને આણીયો. ૩
આણીયો આણીયો આણીયો રે તમે, જાત ભાત કોઈની ન ગણી;
નગણી નગણી નગણી રે લાવ્યા, રીંછડી રૂપાળી રૂપની મણી. ૪
નિમણી નિમણી નિમણી રે એને, હરિ ભાભી તમારી ઓળખીખરી;
ખિખરી ખિખરી ખિખરી રે, હળમાં તાણી ટુંકી કરી. ૫
કિકરી કિકરી કિકરી રે હરિ, બહેન તમારી બહુ ગુણ ભરી;
ગુણ ભરી ગુણ ભરી ગુણ ભરી રે, એતો જોગી સાથે ચાલી નીસરી. ૬
નિસરી નિસરી નિસરી રે તમારી, ફઇને તો જાઇએ બલિહારીયે;
હારિયે હારિયે હારિયે રે એક, પુત્ર તો જાયો કુંવારીયે. ૭
વારિયે વારિયે વારિયે રે બીજાં, નામ લેતાં સકુંચાઇએ;
ચાઇયે ચાઇયે ચાઇયે રે, સમજી મનમાને હરખાઇયે. ૮
ખાઇયે ખાઇયે ખાઇયે રે હરિ, કુલ તમારૂં અતી પાવન;
પાવન પાવન પાવન રે સર્વે, પાપના પુંજ નસાવન. ૯

સાવન સાવન સાવન રે એવા, ગુણ તમારા ગાયે સાંભળે;
સાંભળે સાંભળે સાંભળે રે, પ્રેમાનંદ કહે પાપ તેનાં બળે. ૧૦

-: પદ-૬૪ રાગ ધોળ :-

(ઢાળ – ધન્ય ધન્ય દીન રળીયામણો.)

તુલસી પરણી પ્રભુ ચાલીયા, બેસી રથમાંયે શ્યામ રે;
કુંવરીને મોંયે બેસારીયાં, વામ ભાગે તે સુખ ધામ રે. ૧
વાજાં વાજે બહુ ભાતનાં, ગાયે માનની ગીત રે;
ભીમક વળાવાને નિસર્યા, પ્રભુજી સાથે બહુ પ્રીત રે. ૨
ગદ ગદ થઈ વાણી ઉચરે, રૂડા ભીમક ભૂપ રે;
નાથ વિસરજોમાં મુજને, સુખ નિધિ સુંદર રૂપ રે. ૩
દાસ જાણીને સંભારજો, અવગુણ કરજો માફ રે;
અખંડ રેજો રે મારા ઉરમાં, ટળે ત્રીવિધીના તાપ રે. ૪
જાન વળાવી પાછા વળ્યા, ભીમકરાય નરદેવ રે;
જનમ સફલ કરી લીધલો, ભલી કીધી જે સેવ રે. ૫
પ્રભુજી વેગે પધારીયા, આવ્યા પોતાને ધામ રે;
ગાજતે વાજતે મંદિરમાં પ્રભુ, આવ્યા પુરણ કામ રે. ૬
આવીને તોરણ ઉભા રહ્યા, પોંખ્યાં માતાએ પ્રીત રે;
એકી બેકી રમ્યા વરલાડલી, જાદવરાય જીતે રે. ૭
ગણપતિ પુજી પાય લાગીયા, વર કન્યાની જોડ રે;
લાડો લાડી છોડે દોરડા, પુરો પ્રેમાનંદના કોડ રે. ૮

-: પદ-૬૫ રાગ ધોળ :-

દોરડો નવ છુટે હો હરિવર, દોરડો નવ છુટે- હરિવર૦
એ તો ધનુષ્ય નહિં જે તુટે હો. - હરિવર૦
તમે શીદરે આકરા થાઓ હો; - હરિવર૦ પિતા વસુદેવને બોલાવો હો. - હરિવર૦ ૧
એ તો કન્યાના કરનું કાંકણ હો; - હરિવર૦ નથી ખાવું મહિ ને માંખણ હો. - હરિવર૦ ૨
એ તો કન્યાના કરનો સોહાગ હો; - હરિવર૦ નથી નાથવો કાલી નાગ હો. - હરિવર૦ ૩
એ દોરડો છુટશે જ્યારે હો; - હરિવર૦ આવશે બલભદ્ર વીર ત્યારે હો. - હરિવર૦ ૪
તમે શીદને થાઓ હેરાન હો; - હરિવર૦ લાગો વહુને પગે મેલો માન હો. - હરિવર૦ ૫
બોલે લાડીના પક્ષની નારી હો; - હરિવર૦ જાયે પ્રેમાનંદ બલિહારી હો. - હરિવર૦ ૬

-: પદ - ૬૬ :-

(ઢાળ – કુન્દનપુર વિવાહ રચ્યો.)

વૃંદાતણું વ્રતાંત જે, વર્ણવ્યું કરી ઉમંગ; સાંભળતાં નર નારીને, વધે પ્રિત હરિસંગ. ૧
વરતિ આખ્યાન જે, વૃંદાતણું અનૂપ; તે સંક્ષેપે વરણવ્યું, હરિ સહિત સુખરુપ. ૨
તુલસી વિવાહ વર્ણવિયો, પદ છાસઠ કરી પ્યાર; ઢાળ રમણિક રસ ભર્યાં, અડતાલિસ અતિસાર. ૩
હરણ સકલ સંતાપ દુઃખ, સકલસુખદ અભિરામ; ગણ્યા ચરણ અંક ચારસો, છાંસઠ અતિ સુખધામ.
દોહા પાંચ સંકેતના, ઉપર લખ્યા રસાલ; પ્રેમાનંદ કહે પ્રસન્ન રહો, હરિજન હરિ ક્રિપાલ. ૫

ઈતિશ્રી પ્રેમાનંદ મુનિ વિરચિતે તુલસી વિવાહ સંપૂર્ણ.

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સદ્‌ગુરૂ શ્રી મુક્તાનંદ સ્વામી કૃત.

## શ્રીરૂક્મણી વિવાહ

-: રાગ ધોળ - પદ - ૧ :-

કુન્દનપુર વિવાહ રચ્યો, સુણી ભુપતિ ભીમકરાય;
કન્યા તે દેવા શ્રીકૃષ્ણને, આનંદ ઉર ન સમાય. ૧
રૂકમૈયે તે જાણ્યું, ઉર વ્યાપ્યો અતિશય કાળ;
કન્યા ન આપું શ્રીકૃષ્ણને, એ છે ગાયો તણોરે ગોવાળ. ૨
રૂકમૈયાનું મન મેલું ને, તેડાવ્યો શિશુપાળ;
રૂક્ષ્મણીએ તે ખબર જાણી, ને અંતર ઉઠી જાળ. ૩
દૂર ઘણી દ્વારા મતિ, રહ્યો લગ્ન વચ્ચે દિન એક;
અંતરજામી આવજો, રાખજો મારી ટેક. ૪
એવું તે કહીને કુંવરી, કરી કાગળ લખવા આશ;
મુક્તાનંદ કહે માનીની, થઇ જક્તથકી રે ઉદાસ. ૫

પદ - ૨

મારી સાર લેજો અવિનાશી રે, જાણી જન્મો જનમની દાસીરે;
વાંચી કાગળ વેલેરા આવો રે, મારા તનના તે તાપ બુઝાવોરે. ૧
દિન એક લગ્ન વચ્ચે જાણીરે, વ્હેલા આવજો સારંગપાણીરે;
મેંતો તમ અર્થે તન કરીયું રે, મેંતો તમ ચરણે ચિત્ત ધરીયું રે. ૨
જોતાં વાટ નહિ આવો વ્હેલા રે, તજું પ્રાણ લગન થકી પહેલાંરે;
કહે મુક્તાનંદ મોરારીરે, વ્હાલા રાખજો ટેક અમારીરે. ૩

પદ - ૩

લઈને કાગળ વિપ્ર સિધાવ્યો રે, હરિની કરૂણાથી દ્વારીકા આવ્યો રે;
દેખી દ્વારીકા મહા સુખધામરે, જેના રાજા છે સુંદર શ્યામ રે. ૧
વ્હાલે વિપ્રને આવતો જાણીરે, ઉઠ્યા સનમુખ સારંગપાણી રે;
પુછી ક્ષેમને કાગળ લીધો રે, વાંચી પત્ર હૈયે દ્રઢ કીધો રે. ૨
પુજ્યા વિપ્રને દઈ ઘણું માનરે, જાવા તૈયાર થયા ભગવાન રે;
સાથે વિપ્રને રથમાં બેસારી રે, ચાલ્યા કુન્દનપુર શ્રીમુરારી રે. ૩
એવા ભક્તવત્સલ ગીરીધારી રે, જાય મુક્તાનંદ બલીહારી રે;

પદ - ૪

માનુની મનમાં ચિંતવે, કેમ નાવ્યા સુંદર શ્યામ; વાર કેમ થઈ વિપ્રને, નવ સરીયું મારૂં કામ. ૧
જો નહિ આવે જદુપતિ તો, તજીશ મારા પ્રાણ; એવામાં દ્વિજ આવીયો, જેમ આવે રામનું બાણ. ૨
વિપ્ર વદન જોઇ વનિતા, મન આનંદ વાધ્યો અપાર; પ્રાણજીવન પધારીયા, જગજીવન જગ આધાર. ૩
કુન્દનપુર હરિ આવીયા, સુણી ભુપતિ ભીમકરાય; સામા જઇ સન્માન કીધું, આનંદ ઉર ન સમાય. ૪
ત્રીકમ તોરણ આવીયા, વર્ત્યો ત્યાં જયજયકાર; મુક્તાનંદ કહે માનનીના, પુણ્યતણો નહિ પાર. ૫

પદ - ૫

દેવી પૂજાનો મસ લઇ પ્યારીરે, ચાલી નીરખવા કુંજવિહારીરે;
સાથે લીધો પૂજાનો સામાનરે, નેણે નીરખવા શ્રીભગવાન રે. ૧
હરિના ભક્ત અનાદિના માનીરે, ભાવે પુજીયાં ભવને ભવાનીરે;
વળતાં રૂપ પ્રકાશીયું ભાળીરે, પ્રેમે પામવા શ્રીવનમાળીરે. ૨

સંગે અસુર હતા રખવાળરે, દેખી રૂપ પડ્યા તત્કાળરે;
વેગે આવીયા અંતરજામીરે, મળીયા મુક્તાનંદના સ્વામીરે. ૩

પદ - ૬

કરસાઈને રથ પર લીધાં રે, મનવાંછીત કારજ સીધાંરે;
કન્યા હરણકરીને હરિવળીયારે, સૈન્યસોતાત્યાં બળભદ્ર મળીયારે.૧
વાંસે રૂકમૈયો ચડ્યો શિશુપાળરે, લેશે કેમ કરી કન્યા ગોવાળરે;
બાંધી દ્વારકામાંહીથી લાવુંરે, નહિ તો પુરમાંહી પાછો ન આવુંરે.૨
જઈને જદુપતિસંગ જુધ કરીયોરે, વ્હાલે સર્વે તણો મદહરીયોરે;
રૂકમૈયાની વાઢી છે દાઢીરે, કાપી કેશને મુક્યો છે કાઢીરે.૩
રૂકમણીનો શોક નિવારીરે, મુક્તાનંદ કહે પધાર્યા મોરારીરે;

પદ - ૭

માધવપુરનો માંડવો, આવે જાદવકુળની જાન; પરણે તે રાણી રૂકમણી, વર વાંછીત શ્રીભગવાન. ૧
જાદવ જાનૈયા થયા, વળી માંડવીયા પણ સોય; વિધિસહિત વિવાહ રચ્યો, કસર ન રાખી કાંય. ૨
માણેક સ્થંભ મંડપ રચ્યો, મધ્યે ચોરી બાંધી સાર; મોહન આવ્યા માયરે, કોટી ભુવનના કીરતાર. ૩
માથે તે મુગટ જડાવનો, કાને કુંડળ મકરાકાર; બાંયે બાજુબંધ બેરખા, કોટે કૌસ્તુભ મણિનો હાર.
શોભે ઘણા શણગારમાં, પીતાંબર અતિ ઉદાર; હેમકડાં બેઉ હાથમાં, પાયે ઝાંઝરનો ઝણકાર. ૫
વ્હાલાનું વદન સોહામણું, જાણે ઉગ્યો પુનમચંદ; મુક્તાનંદ કહે મોહનવરને, જોઈ થયો રે આનંદ.

પદ - ૮

વળતી લાડડીને શણગારીરે, પીઠી ચોળીને પાટ બેસારીરે;
લીલી સાડી ધરી તન સારીરે, જેણે રીઝે તે શ્રીમુરારીરે. ૧
સોળે શણગાર અંગોઅંગ ધારીરે, ચાલી ભેટવા દેવ મુરારીરે. ૨
સંગે માનની મંગળ ગાયરે, તેની શોભા વર્ણવી ન જાયરે. ૩
એવી રીતે મંડપ મધ્યે આવ્યાંરે, તેડી પીયુજી પાસે પધરાવ્યાંરે.૪
કર સાહ્યો ચરાચર સ્વામીરે, નારી માયરે મહાસુખ પામીરે. ૫
શોભે માયરે મહાસુખકારીરે, જાય મુક્તાનંદ બલિહારીરે. ૬

પદ - ૯

વરકન્યાની જોડ બિરાજેરે, જોતાં કોટી કામછબી લાજેરે;
વાજે દેવનાં વાજાં અપારરે, પરણે અખીલ ભુવનના આધારરે. ૧
બ્રહ્મા ઉચરે વેદ વચનરે, જયજયકાર થયો ત્રિભુવનરે. ૨
ચારે ફેરા હરિસંગ ફરીયા રે, નારી જગના જીવનને વરીયાંરે. ૩
શોભે અખંડ અલૌકિક જોડરે, માથે બત્રીશ ભમરનો મોડરે; ૪
લાડો લાડી જમે છે કંસારરે, જેનો નિગમ ન પામે પારરે. ૫
મુક્તાનંદ કહે મહાસુખકારીરે, એવાં ચરિત્ર કરે ગીરધારીરે. ૬

પદ - ૧૦

કંસાર જમતાં કામની, બોલે વિવિધ વચન રસાળ;
શામ સુંદર તે સાંભળે, હસતા તે દીનદયાળ. ૧
બંદીજન જય જય કરે, ગાય ગાંધર્વ મધુરાં ગાન;
અનંત નાચે અપ્સરા, સુર આવ્યા ચડી વિમાન. ૨
બ્રહ્માદિક સુર પુષ્પની, વૃષ્ટિ કરે તે વારમવાર;
ઢોલ નગારાં ગડગડે, વાજીંત્રનો નહિ પાર. ૩

ચારે મંગળ વરતીયાં, વરકન્યાની ભલી બની જોડ;
રૂકમણી લઈને આવિયા, દ્વારીકા શ્રીરણછોડ. ૪
દીન જાણીને દયા આણી, પુરી મનની આશ;
મુક્તાનંદ કહે ચરણ સેવા, દઈને રાખ્યા પાસ. ૫

પદ - ૧૧

શ્રીકૃષ્ણ પરણ્યા રૂકમણીને, આવ્યા તે નગર મોઝાર;
જેણે એ વિવાહ નીરખીયો, તેના પુણ્યતણો નહિ પાર. ૧
પ્રેમશું માતાએ પોંખીઆ, જગજીવન જગદાધાર;
લઈ ઉમંગે શ્યામનાં, વારણાં વારમવાર. ૨
પુરવાસી સહુ પ્રેમશું, નીરખતાં નટવર નાથ;
જન્મ સુફળ કરી જાણીયો, મહાસુખી થયો સર્વે સાથ. ૩
રૂકમણીએ જે ધારીયું, તે સાચું કીધું શ્યામ;
ભક્તજનના લાડ પાળે, એવા છે કરૂણાના ધામ. ૪
અધમ જન ઓધારવા, થયા મનુષ્યરૂપે મહારાજ;
પાવન જશ વિસ્તારીઓ, સુણતાં તે સીજે કાજ. ૫
નરનારી જે રૂકમણીનો, વિવાહ શીખે ને ગાય;
તેને તે રીઝે શ્રીહરિ, સર્વે પાતક પ્રલય થાય. ૬
શેષજી પાર ન પામીયા, કહેતાં તે હરિયશ સાર;
તોય તેના ગુણ ગાવવા, જાણીને અધમ ઓધાર. ૬
મુક્તાનંદ કહે મહાપ્રભુની, અચળ જુગ જુગ જોડ;
શ્રોતાજન જે સાંભળે, તે બોલે જય રણછોડ. ૭

પદ-૧૨-રાગ ફટાણા

અવિદ્યા નકટી છે નાર, પ્રભુથી પાછી ભાગે જો;
એનુ કહ્યું કરશે તેની સાથ, જમનું લારૂં લાગે જો. ૧
જમનું જબરૂં જોર, મારશે મોહેડું બાંધી જો;
બોલો શું ફુટડા બોલ, આવડી શી આવી આંધી જો. ૨
બુડી મરો લાગે છે લાજ, વેણ શું વાંકાં કાઢો જો;
પ્રભુ વીના જે બોલે બોલ, જીભલડી ઘશી કાઢો જો. ૩
હરિ ભજતાં આવે લાજ, ફુડમાં કેવાં રાજી જો;
મુક્તાનંદ કહે મુરખ લોક, પાધરાં દિસે પાજી જો. ૪

-: પદ-૧૩ :-

નાની મોટી વરતીયું સાંભળીને રેશો, જગના જીવનને કોઇ દોષ ન દેશો. ૧
શ્રુતીને સાંભળ્યા વિના ભ્રષ્ટ મતી થાશો, વિમુખ થઇને ઘણાં ખાસડાં ખાશો. ૨
સમજુને શીખામણ લાગે ભજે અવિનાશી, મુરખ ન માને તેને જમડાંની ફાંસી. ૩
પ્રભુને ભજે તેને સઘળે છે સારૂં, મુક્તાનંદ મુરખને સઘળે અંધારૂં. ૪

-: પદ-૧૪ :-

(ઢાળ – ધન્ય ધન્ય દીન રળીયામણો.)

દુરલભ અવસર આવ્યો રે, પ્રાણી ભજી લ્યો અવિનાશી; પ્રગટ થયા છે વહાલો, વૃંદ્રાવન વાસી.૧
દર્શન દઇને દુઃખ, કાપે ગીરધારી; શ્વાસે ઉશ્વાસે, ભજે દેવ મોરારી. ૨
આ અવસર નહી ચેતો, તો ઘણું દુઃખ સહેશો; ઉંટને ગધેડાં થઇને, ભાર તે વહેશો. ૩

પ્રભુને વિસારી કોઇ, બીજે ચાળે ચઢશે; મુક્તાનંદ કહે મતી મુઢ, નરકમાં પડશે. ૪

-: પદ - ૧૫ :-

(ઢાળ — મેંતો સર્વે સંગાથે તોડી રે. સાહેલી.)

આજ ભવજળ પાર ઉતરીયારે આનંદ ભરયાં,
મારાં સેજે તે કારજ સરીયાં રે આનંદ ભરયાં. ૧
મારી મતી મોહન સંગ લાવી રે આનંદ ભરયાં. ૨
મદ મોહને રોતાં કરીયાં રે આનંદ ભરયાં; મેં તો સુંદર વર ઉર ધરિયારે આનંદ ભરયાં. ૩
ત્રિલોકમાં તિરથ કરીયાંરે આનંદ ભરયાં; શામળીયાને ચરણે દીધારે આનંદ ભરયાં. ૪
મુક્તાનંદ મોહન મન ધારી રે આનંદ ભરયાં; મેં તો દુશ્મન દુગ્ધા વિસારી રે આનંદ ભરયાં. ૫

॥ ઈતિશ્રી રૂક્ષ્મણી વિવાહ સંપૂર્ણમ્ ॥

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

-: સદ્ગુરૂ ગોપાલદાસ કૃત :-

## શ્રીલક્ષ્મી વિવાહ

-: પદ-૧ રાગ ધોળ :-

(ઢાળ — કુન્દનપુર વિવાહ રચ્યો.)

સિંધુ સુતાલઈ અંકમાં, બેઠા સિંહાસન સુખરૂપ;
પુત્રી તુલ્ય વર કયાં હશે, સર્વ ભૂપોના એક ભૂપ. ૧
કન્યા કરમાં લઈ રમાડે, ને વિચારે એમ તાત;
બ્રહ્મા ભવ સુર દેવમાં, નવ ઘટે વિવાહની વાત. ૨
લક્ષ્મી માતા સર્વની, એમ કહે વિરંચી વેદ;
પુરુષોત્તમ એના પતિ, થાશે એમાં નહિ કાંઈ ભેદ. ૩
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, જોયું વિચારીને આપ;
સુતા સમ કોઈ વર નવ દીઠો, એવા વિવેકી બાપ. ૪
રત્નાકરે રાજી થઈ, મન કર્યો તે શુદ્ધ વિચાર;
દાસ ગોપાલ કહે વર અલૌકિક, જેરાયા જગ આધાર. ૫

-: પદ-૨ ઢાળ બીજો :-

(ઢાળ — મારી સાર લેજો અવિનાશી રે.)

લક્ષ્મી કહે છે પિતાજીને વાણી રે, વર વરવા તે સારંગ પાણી રે. ૧
મેંતો ટેક અચળ એવી ધારી રે, વર પરણાવો કુંજ વિહારી રે. ૨
પિતા પુરુષોત્તમ વર જોજો રે, નહિ તો લાજ મારી નવ ખોજો રે. ૩
મારો મનમાં છે એવો વિચાર રે, પ્રભુ વિના નથી બીજે પ્યાર રે. ૪
દાસ ગોપાલ કહે હરિ સાચા રે, બીજા પતિ છે સર્વે કાચા રે. ૫

-: પદ-૩ :-

હાથ કલમ ને ખડીયો લીધો રે, લખી કાગળ બ્રહ્માજીને દીધો રે. ૧
તમો જાઓ વિરંચી વહેલા રે, કહેજો વચન વિચારીને પહેલા રે. ૨
સિંધુ સુતા કુમારી છે એક રે, માટે આવીને રાખજો ટેક રે. ૩
અષ્ટ આવરણની પર રહે છે રે, કૃષ્ણ મૂર્તિ સાકાર જેને કહે છે રે. ૪
દાસ ગોપાલ કહે નિરધારી રે, વિવાહ હરિસંગ કરજો વિચારી રે. ૫

-: પદ-૪ ઢાળ પ્રથમ :-

(ઢાળ – કુન્દનપુર વિવાહ રચ્યો.)

બ્રહ્મા ગયા ગૌલોકમાં, દીઠા દૂર થકી અવિનાશ;
સનમુખ જૈને શ્રી હરિ, કર ઝાલી બેસાર્યા પાસ. ૧
કાગળ દીધો કૃષ્ણ ને, બ્રહ્મા બોલ્યા જોડીને બે હાથ;
હું છું સેવક રાજનો, તમે અખિલ બ્રહ્માંડ નાથ. ૨
સિંધુ સુતાને કારણે, મને મોકલ્યો મહારાજ;
કેશવ કાગળ વાંચીને, તમે કરજો વિચારીને કાજ. ૩
કાગળ વાંચીને કૃપા સિંધુ, કહે બ્રહ્માજીને વાત;
ઘડિયાં લગ્ન લેવરાવજો, કન્યા પરણીશ હું સાક્ષાત. ૪
બ્રહ્મા વિવાહ કરી, લગ્ન લૈને આવ્યા સિંધુની પાસ;
દાસ ગોપાલ કહે રાજી થયા, મન ચિંતા પામી નાશ. ૫

-: પદ-૫ ઢાળ બીજો :-

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

જોષી તેડાવ્યા વિદ્વાન સાર રે, લીધાં લગ્ન જોવરાવીને ત્યાર રે.
ગોળ વેંચ્યો ઘરોઘર જૈને રે, થાલ સુંદર હાથમાં લઈને રે.
ગીત મંગલ કારી ગાવે રે, લખી કંકોતરી હુલસાવે રે.
મેલ્યા બ્રાહ્મણ ચારે દિશે રે, ચોખા પિલા ઘરોઘર દેશે રે.
દાસ ગોપાલ કહે લઈને વારીરે, આવ્યાં ગંગા જમુના તે વાર રે.
બેઠા સિંધુ સુતાને લૈને રે, વાત કરે છે તાળી દૈને રે.
વિશ્વકર્માને બોલાવી કે છે રે, પોતે સામાન સર્વેને દેછે રે.
રચ્યો મંડપ માણિક્ય મણિએરે, મુને માલ આપ્યો છે એ ધણિયે રે.
દાસ ગોપાલ કહે ફુલહારી રે, બાંધ્યો ચંદરવો તે સુધારી રે.

-: પદ-૬ :-

(ઢાળ – કુન્દનપુર વિવાહ રચ્યો.)

સિંધુ સુતાને કારણે, આવી પુરુષોત્તમની જાન;
અક્ષર ધામથી આવીયા, સૌને દેવા દર્શન દાન. ૧
હસ્તી ઘોડા રથ પાલખી, તેની મારગમાં ભીષ્યાણ;
દુંદુભિ વાગે અતિ ઘણાં, શ્વેત ચમરને નિશાન. ૨
ત્રિકમ પધાર્યા તોરણે, લૈને સર્વે પોતાનો સાથ;
શ્રીફળ લૈ ઉભા શામળો, હેમ કડાં શોભે બે હાથ. ૩
સિંધુ પત્નિ આવ્યાં પોંખવા, ભરી મોતીડાનો થાળ;
પ્રભુ પોંખી લીધા માયરે, ચોખા ચોડ્યા સુંદર ભાલ. ૪
મંડપમાં પધારિયા, મૂક્યો કનક બાજોઠ સાર;
દાસ ગોપાલ કહે ઉપર બેઠા, હસિને ધર્મ કુમાર. ૫

-: પદ-૭ ઢાળ બીજો :-

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

લક્ષ્મીજીને પીઠી કરાવી રે, સાડી સુંદર અંગે ધરાવી રે. ૧
ચૂડો પેરાવ્યો સુવર્ણનો સારો રે, જોઈને રીઝ્યો તે નંદ દુલારો રે. ૨
સર્વે આભરણ પેરાવ્યાં અંગે રે, દાંત રંગ્યા છે રાતે રંગે રે. ૩

લક્ષ્મી પધરાવ્યાં પિયુજીની જોડ રે, માથે બત્રીશ ભમરીનો મોડ રે. ૪
ચાર મંગળ સ્વામી સંગ ફરિયાં રે, દાસ ગોપાલ કહે હરિ વરિયા રે. ૫

-: પદ-૮ :-

કંસાર જમે લાડી લાડો બે હાથે રે, ધન્ય ભાગ્ય સ્વામી એવા માથે રે.૧
દશે દિશાના દિગ્ગજ આવ્યા રે, નીર ઉન્મત્ત ગંગાનાં લાવ્યા રે. ૨
સિંધુ ચરણ પખાળીને લુવે રે, દેવ દૈત્ય રૂષિ સર્વે આ જુવે રે. ૩
બ્રહ્મા બોલે છે વેદની વાણી રે, ઉઠ્યા પરણીને સારંગપાણી રે. ૪
રત્નાકરે કન્યા દાન દીધાં રે, દાસ ગોપાલ કહે પુન્ય લીધાં રે. ૫

-: પદ-૯ ઢાળ પ્રથમનો :-

(ઢાળ – કુન્દનપુર વિવાહ રચ્યો.)

મુખ કમળ સોહામણું, રૂડું શોભે ભાલ વિશાળ. બાંયે બાજુ બંધ બેરખા, પહેરી ગળે મોતિની માળ.૧
કુંડલ પહેર્યાં કાનમાં, માથે મુગટ રત્ન જડેલ. નખ શિખ મૂર્તિ નાથની, જોઈ મનમાં રંગ ચડેલ. ૨
જામો જરિનો ઝળહળે, પેર્યો સોનેરી સુરવાલ. કમર કટારો વાંકડો કસ્યો, બંકો બિહારી લાલ. ૩
જાચક સૌ ભેળા થઈ, વાજાં વજાડે બહુ રીત. અપસરાઓ નૃત્ય કરે ને, ગંધર્વ ગાયે ગીત. ૪
મંડપ છાયો મોતીએ, વળી ચોરી બાંધી સાર. દાસ ગોપાલ કહે લક્ષ્મીના, પુણ્ય તણો નહિ પાર.૫

-: પદ-૧૦ ઢાળ બીજો :-

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

કન્યા લઈ નારાયણ વળિયા રે, ત્રણ લોકના તાપ ટળિયા રે.
આપી પહેરામણી બહુ સારી રે, તેણે રાજી થયા ગિરધારી રે.
લક્ષ્મીને વિમાને બેસારી રે, પુગ્યા ગૌલોકમાં મુરારી રે.
એના મહિમાનો પાર ન આવે રે, તોય ભક્તને લાડ લડાવે રે.
સિંધુ સુતા વળાવિને આવ્યા રે, દાસ ગોપાલ કહે ઘણું ફાવ્યા રે.

-: પદ-૧૧ :-

(વાણેલાં ભલે વાયાં રે - એ ઢાળ)

જાગિ જુઓ અવસર આવ્યો આજ કે, હરિ વિચરિયા રે,
પ્રભુ પ્રગટ્યા રે લૈ સંત સમાજ કે, હરિ વિ૦ ૧
કળી મધ્યે રે બાંધી ધર્મની પાજ કે, હરિ વિ૦ જેને કેછે રે બ્રહ્મ મહોલના રાજ કે, હરિ વિ૦ ૨
એને ભજતાં રે સુધરે સર્વે કાજ કે, હરિ વિ૦ શિદ રાખો રે ઉંચા કુળની લાજ કે, હરિ વિ૦ ૩
અજ્ઞાની રે નવ જાણે એ વાત કે, હરિ વિ૦ જાણી જોઈ કરે પોતાની ઘાત કે, હરિ વિ૦ ૪
દાસ ગોપાલ કહે ગુણ કેરા ઝાજ કે, હરિ વિ૦ શિવ બ્રહ્મા રે સુર મુનિ શિરતાજ કે, હરિ વિ૦ ૫

-: પદ-૧૨ :-

(આવ્યો આવ્યો દ્વારિકાનો ચોર - એ ઢાળ)

કરિ લ્યોને સુકૃત કરમાંઈ, હરિ ઘેર આવિયા રે;
ચંચળ મૂર્તિ ચટકંતી ચાલ, મોહન મન ભાવિયા રે. ૧
ઘણે પુણ્યે ઘેર બેઠાં આજ, મલ્યા મુને માવજી રે;
અખિલ બ્રહ્માંડના આધાર, એ સર્વેના રાવજી રે. ૨
અમરવર વર્યા અવિનાશ, અચળ પદ જાણીને રે;
બીજા પતિ પામે સર્વેનાશ, વિષય સુખ માણીને રે. ૩
નરનારી પરણી પસ્તાય, જનમ એળે જાય છે રે;
હરિવર વર્યા વિના કાળ, નિરંતર ખાય છે રે. ૪

સહજાનંદ ઓળખીને આજ, સદા સુખ માણજો રે;
કહે દાસ ગોપાલ આ વાત, સત્ય કરી જાણજો રે. ૫

-: પદ-૧૩ :-

(અવિદ્યા છે નકટિ નાર - એ ઢાળ)

વરિ લ્યોને વિઠ્ઠલવર, અવસર આવ્યો રૂડો જો, વર જાસે બીજા જરૂર, પેરીયો અમર ચુડો જો. ૧
હરિવર સાચા અખંડ, બીજું સર્વે કાળે ગળ્યું જો, અજ્ઞાની સર્વે લોક, સહેજે તેમાં ભળ્યું જો. ૨
પ્રભુ મેલી પામર લોક, ઠાલાં ઠાલાં ફુલ્યાં ફરે જો, વિષય સુખ લેવાને કાજ, વલખાં મારી મરે જો.૩
શ્યામ મેલી સુનો સંસાર, ત્રણે તાપે જરે જો, ઝેર બીજ ખાવાં જરૂર, અમર કેને કરે જો. ૪
ધર્મ હીન થાશે ફજેત, જૈને હિમાલય ગળે જો, કહે દાસ ગોપાલ વાત, નિશ્ચય આવિ મળે જો. ૫

-: પદ - ૧૪ :-

આજ જનમ સુફળ થયો મારો રે, ઘનશ્યામ વરી, મળિયા નટવર નંદ દુલારો રે, ઘનશ્યામ વરી. ૧
મારાં પુણ્ય તણો નહિ પાર રે, ઘનશ્યામ વરી, પરણી અખિલ ભુવનના આધાર રે, ઘનશ્યામ વરી.૨
મનવૃતિ મોહન સંગ જોડી રે, ઘનશ્યામ વરી, આશ સર્વે જગતથી તોડી રે, ઘનશ્યામ વરી. ૩
મને મળિયા સહજાનંદ સ્વામી રે, ઘનશ્યામ વરી, સર્વે તીરથનું ફળ હું પામી રે, ઘનશ્યામ વરી. ૪
દાસ ગોપાલ કહે શિશ સાટે રે, ઘનશ્યામ વરી, અંગ અર્પ્યું હરિને માટે રે, ઘનશ્યામ વરી. ૫

-: પદ - ૧૫ :-

(હું તો થાળ ભરૂં રે સગ મોતીયે - એ ઢાળ )

હું તો વર વરી રે વરણાગીઓ૦ ટેક૦

પોતે સહજાનંદ ભગવાન; રૂડી મૂર્તિ મનોહર માવની;
બહુ શોભે છે ભિને વાન, હું તો વર૦ ૧
જેને નિગમ નિરંતર વર્ણવે, તોય પાર ન પામે લવ લેશ;
એતો પ્રગટ પ્રણામ મુજને મલ્યા રે, વાલો થઈને નટવર વેશ. હું તો વર૦ ૨
મુને ઘણા દિવસ ગયા રે નિહારતાં, ઘેર બેઠાં આવી જાન;
સાચું સગપણ ઠેર્યું ઘનશ્યામ શું, પરણી પુરુષોત્તમ કરી તાન. હું તો વર૦ ૩
દાસ ગોપાલ કહે સત્ય વારતા, સ્વામિ પ્રગટ થયા છે આપો આપ;
એવા પતિ શિર ઉપર ધારજો, મટે જન્મ મરણના સંતાપ. હું તો વર૦ ૪

-: પદ - ૧૬ :-

મારે દિનરે મંગલકારી આવિયો રે, કર્યો વિવાહ વિઠ્ઠલ વર સંગ;
બીજા પુરુષ સામું રે હવે નવ જોવું, મનમાં ચડિયો મોહન કેરો રંગ. મારે૦ ૧
મારો કરૂણા કરી કર ઝાલિયો, હવે નથી બીજાની તે આશ;
જેનાં દર્શન દુર્લભ દેવને, નિત્ય રહે તે મારે પાસ. મારે૦ ૨
આવ્યા અક્ષર ધામથી અલબેલડો, કરવા જીવ અસંખ્ય બ્રહ્મરૂપ;
એવા વર વરતાં રે શાની લાજડી, બીજા વર માયાના છે કુપ. મારે૦ ૩
દાસ ગોપાલ કહે રે મુજને વર્યા, આજ થઈને ધર્મ કુમાર;
એનું શરણું ગ્રહે રે સુખ પામીએ, ટળે સર્વે ચોરાસીનો માર. મારે૦ ૪

-: પદ - ૧૭ :-

શોભા શીરે કહું ઘનશ્યામની, બની છબી અલૌકિક આજ;
એને જોવા સારૂં રે મેં તો ત્યાગીઓ, સર્વે કુટુંબ કેરો સમાજ. શો૦ ૧
રૂડાં ચરણ હરિનાં રળીયામણાં, વળી નખની અરૂણતા લાલ;
ગોળ પાન ઘુંટી રે તેની ઉપરે, બેઉ પગે ઝાંઝર કેરો તાલ. શોભા૦ ૨

રૂડો સુરવાલ પેર્યો તે શોભતો, નાડી લટકે છે હીરની સાર;
બાંધ્યો કટિ કંદોરો જડાવનો, કશ્યો કમરે સોનેરી કટાર. શોભા૦ ૩
દાસ ગોપાલ કહે સુખ આપવા, આવ્યા અખિલ ભુવનના આધાર;
ઝાઝું જતન કરીને મારા જીવનમાં, રાખું નિત્ય મૂર્તિ સાકાર. શો૦ ૪

-: પદ - ૧૮ :-

સખી મનડું મોયું રે એના રૂપમાં, દેખી સર્વે અંગે શણગાર;
એવી શોભા ત્રિલોકીમાં નવ મળે, જોતાં ઝેર થયો છે સંસાર. સખિ૦ ૧
સખી જામો જર કસીયો રે જદુનાથજી, પેરી ઉભા છે ધર્મ કિશોર;
માંહી ભરત ભર્યા બહુ ભાતનાં, શોભે સુંદર સોનેરી કોર. સખિ૦ ૨
સખી વેઢ વીંટી કડાં બેઉ હાથમાં, પેરી દર્શન આપે દયાળ;
ગળે અજબ સોનેરી રે ઉતરી, રાજે ઉપર મોતીની માળ. સખિ૦ ૩
સખી મંદ હાસ અધર અતિ રાતડા, દંત પંક્તિ કરે છે પ્રકાશ;
દાસ ગોપાલ કહે એને નિર્ખતાં, દુઃખ દારિદ્રય પામે તે નાશ. સખિ૦ ૪

॥ ઈતિ શ્રીલક્ષ્મી વિવાહ સંપૂર્ણમ્ ॥

-: સૃષ્ટિ વર્ણન :-

ધોળ રાગ -: પદ - ૧ :-

(સર્વે સખી જીવન જોવાને ચાલો રે - એ ઢાળ)

અક્ષર થકી બીજા બ્રહ્મ કહે છે ભિન્નરે, તે તો પામે બ્રહ્મ સુપુપ્તિમાં લીન રે. ૧
માયામાંથી નિસરવા નવ પામે રે, કોટિ કલ્પે મનુષ્ય જન્મ નહિ આવે રે. ૨
વાચકતાજ્ઞાને બ્રહ્મ શીખીને લીધો રે, મૂર્ખાઈ માંથી નર દેહ ખોટો કીધો રે. ૩
બ્રહ્મ થઈને અધર્મ કરે છે અપારરે, મુવા કેડે ખાય છે જમના માર રે. ૪
વેદે માર્ગ બાંધ્યો તે તોડીને વર્તે રે, દાસ ગોપાલ કહે પાપિ તે સૌ કરતે રે. ૫

-: પદ - ૨ :-

વેદે કરી બોલે છે નરનાર રે, કે છે મારો મત છે વેદથી બાર રે. ૧
નીચ કર્મ કરે છે નરનારી રે, માત સુતા ભગીનીમાં બ્રહ્મ ધારી રે. ૨
લોભે કરી જીવ મારે છે જાણી રે, બ્રહ્મ થઈને લોપ કરી વેદ વાણી રે. ૩
સભરબ્રહ્મ ભર્યો એમ કહે વાત રે, પાપ પુણ્ય કેને છે સાક્ષાત રે. ૪
મુખે બ્રહ્મ શિખિને પામ્યા છે રીજ રે, દાસ ગોપાલ કહે ન મળે માંહી બીજ રે. ૫

-: પદ - ૩ :-

અક્ષર બ્રહ્મ જેને કે છે નિરાકાર રે, બીજે રૂપે રહ્યો છે સાકાર રે. ૧
બ્રહ્મ જ્યોતિ એ છે તે જ નિરાકાર રે, એને વિષે પુરુષોત્તમ છે સાકાર રે. ૨
દિવ્ય સિંહાસને બેઠા કરી વાસ રે, કોટિ સૂર્ય સરખો છે એનો પ્રકાશ રે. ૩
દિવ્ય મૂર્તિ સર્વનું કારણ જાણોરે, એના તેજે અજ્ઞાની જીવ ભરમાણો રે. ૪
પુરુષોત્તમ વિના કર્તા નથી કોઈ રે, દાસ ગોપાલ કહે પ્રગટને જોઈ રે. ૫

-: પદ - ૪ :-

એકશ્રુતિ કહે છે અપાણિ ન પાદ રે, બીજીશ્રુતિ કહે છે વેદે કર્યો સાદ રે;
ત્રીજી શ્રુતિ કહે છે અખિલ બ્રહ્મ ભાસે રે, ચોથી શ્રુતિ કહે છે ઘટવત સર્વે નાશે રે. ૧
બ્રહ્મમૂર્તિ ભગવાનની એક જાણોરે, બીજા સર્વે માયાના છે તાંણો રે;

હરિનાં સર્વે કિરણ છે દિવ્યાકારરે, ભૂપર આવી જણાવે માયાના આકારરે. ૨
અક્ષરાતીત અખંડ અંતર જામી રે, એનો મહિમા જાણે છે ભક્ત નિષ્કામીરે;
અગણિત બ્રહ્માંડ સરજ્યાનું મન ધારીરે, એવા સંકલ્પ કરીને કુંજ વિહારીરે. ૩
અક્ષર રૂપ દૃષ્ટી કરી જોયું જ્યારે રે, માયા રૂપે સ્ત્રીયે ગર્ભ ધાર્યો ત્યારે રે;
પ્રકૃતિ પુરુષમાંથી પ્રધાન પુરુષ થાયરે, એમાં સર્વે કોટાનકોટિ યુથ કહ્યાંરે. ૪
સર્વેમાંથી એક પ્રધાન પુરુષ કૈયે રે, દાસ ગોપાલ કહે ધારિને લેજો હૈયે રે. ૫

-: પદ - ૫ :-

પ્રધાન પુરુષમાંથી મહતત્ત્વ થયું રે, એનું બાળક સમઝી વિચારીને કહ્યું રે. ૧
ત્રિવિધિ અહંકાર મહતત્ત્વમાંથી થયો રે, જગના અંકુર રૂપે એનો સુત કહ્યો રે. ૨
તામસ અહંકારમાંથી શબ્દ થયો જાણો રે, એનો સુત આકાશ થયો પરમાણો રે. ૩
વિયતમાંથી સ્પર્શ થયો રૂડિ રીત રે, એનો સુત વાયુ છે પરમ પુનિત રે. ૪
વાયુમાંથી રૂપ થયું તત્કાળ રે, દાસ ગોપાલ કહે તે તેજનું લાલ રે. ૫

-: પદ - ૬ :-

તેજમાંથી રસની ઉત્પતિ કેવી રે, એની સુતા જલ ધારી ને લેવી રે. ૧
અંબુમાંથી ગંધ થયો છે તે કૈયે રે, એની સુતા પૃથ્વી ધારીને લૈયે રે. ૨
એવી રીતે અંડ ઘટ બન્યો જેહ રે, આદ્ય બ્રહ્મા વૈરાટનો છે એ દેહ રે. ૩
નાભિમાંથી બ્રહ્મા થયા તત ખેવ રે, હૃદયથી થયા છે વિષ્ણું દેવ રે. ૪
લલાટથી થયા છે શિવજી અનૂપ રે, દાસ ગોપાલ કહે સંહાર રૂપ રે. ૫

-: પદ - ૭ :-

રજોગુણી બ્રહ્માએ વિશ્વ સરજી દીધું રે, સત્વગુણી વિષ્ણુએ પોષણ કીધું રે. ૧
ભાગવતમાં શિવ કહ્યા છે ભૂત નાથ રે, પ્રલય કાળે ત્રિશુલ લે છે બે હાથ રે. ૨
અતલ વિતલ સુતલ તલાતલ ધારી લૈયે રે, રસાતલ મહાતલ પાતાલ કૈયે રે. ૩
ભૂર્ભુવર સ્વર મહરને જન રે, તપ સત્ય બ્રહ્માનું ભુવન રે. ૪
ચૌદ લોકે કાળ કરે પ્રવેશ રે, દાસ ગોપાલ કહે બ્રહ્માથી લૈને શેષ રે. ૫

-: પદ - ૮ :-

જંબુ પ્લક્ષ ને શાલ્મલી કુશ કૈયે રે, ક્રૌંચ શાક પુષ્કર ધારિને લૈયે રે. ૧
જમ્બુદ્વિપ લાખ જોજનનો કેવો રે, બે લાખ જોજન પ્લક્ષ દ્વિપને લેવો રે. ૨
ચાર લાખ જોજન શાલ્મલી દ્વિપને જાણો રે, આઠ લાખ જોજન કુશ દ્વિપ પરમાણો રે. ૩
સોળ લાખ જોજન ક્રૌંચ દ્વિપ અતિ પ્યારો રે, બત્રીશ લાખ જોજન શાક દ્વિપ સારો રે. ૪
ચોસઠ લાખ જોજન પુષ્કર દ્વિપ જોઈ રે, દાસ ગોપાલ કહે મન મોઈ રે. ૫

-: પદ - ૯ :--

લાખ જોજન ખારા જલનો સિંધુ કહ્યો રે, બે લાખ જોજન ઈક્ષુ રસનો રહ્યો રે. ૧
ચાર લાખ જોજન સુરાનો છે ભરેલો રે, આઠ લાખ જોજન ઘીનો છે ઠરેલો રે. ૨
સોળ લાખ જોજન ક્ષીરનો છે બોળો રે, બત્રીશ લાખ જોજન દધિ મંડોદ છે સાર રે. ૩
ચોસઠ લાખ જોજન મીઠો મેરામણ સિંધુ રે, ફરતો ગિરી લોકાલોક અભિરામ રે. ૪
સપ્ત દ્વિપ સાત સમુદ્ર કહ્યા રે, દાસ ગોપાલ કહે મેરુ ફરતા રે. ૫

-: પદ - ૧૦ :-

જંબુદ્વિપ લાખ જોજનનો છે લવ રે, એના રૂપાળા ખંડ કહ્યા છે નવ રે. ૧
લાખ જોજન મેરુ સોનાનો જાણો રે, ભૂમિ મધ્યે કર્ણિકા કાર પ્રમાણો રે. ૨
મેરુ થકી ઉત્તર દિશાનો કહ્યો રે, રમ્યક નામે ખંડ ધારી લૈયે રે. ૩

એમાં મત્સ્ય રૂપે રહ્યા હરિ આપ રે, મુખ્ય ભક્ત સાવર્ણિ મનુ જપે જાપ રે. ૪
હિરણ્ય મય ખંડે કુર્મજી રહે છે રે, દાસ ગોપાલ અર્યમા મુખ્ય ભક્ત રહે છે રે. ૫

-: પદ - ૧૧ :-

કુરુ નામે ઉત્તર ખંડ છે છેલો રે, એમાં વરાહ રૂપે રહ્યા અલબેલો રે. ૧
મુખ્ય ભક્ત પૃથ્વી સેવે કરી પ્રિત રે, રાખી સર્વે ધર્મ રમાની રીત રે. ૨
મેરુ થકી પશ્ચિમની કહે વાત રે, કેતુ માલ ખંડ રહ્યો છે સાક્ષાત રે. ૩
એમાં પ્રદ્યુમ્ન રહ્યા છે પોતે રે, મુખ્ય ભક્ત લક્ષ્મીજી છે જોતે રે. ૪
ઈલાવૃત ખંડે સંકર્ષણ ઈશ રે, દાસ ગોપાલ કહે શિવજી છે શિષ્ય રે. ૫

-: પદ - ૧૨ :-

મેરુ થકી પુર્વ દિશા અતિ શોભે રે, ભદ્રાશ્વ ખંડ જોઈ મન લોભે રે. ૧
એમાં હયગ્રીવ રૂપે રહ્યા કરિ વાસ રે, મુખ્ય ભક્ત ભદ્રશ્રવા નામે દાસ રે. ૨
મેરુ થકી દક્ષિણ હરિ વૃષ ખંડ રે, એમાં નૃસિંહ રૂપે હરિ છે પ્રચંડ રે. ૩
મુખ્ય ભક્ત પ્રહલાદજી છે એક રે, શિર સાટે ભજે છે રાખિને ટેક રે. ૪
કિં પુરુષ નામે ખંડ અતિ પ્યારો રે, દાસ ગોપાલ કહે જોતાં ઘણો સારો રે. ૫

-: પદ - ૧૩ :-

એમાં રામ લક્ષ્મણ રહે સુખ દાઈ રે, મુખ્ય ભક્ત હનુમાન સેવે છે ધાઈ રે. ૧
ભારત નામે છેલો ખંડ છે એવ રે, એમાં રહ્યા નરનારાયણ દેવ રે. ૨
મુખ્ય ભક્ત નારદજી કરે સેવા રે, કથા શ્રવણ કરે ત્યાગી સર્વે મેવા રે. ૩
અષ્ટ ખંડ થકી ભરત ખંડ સાર રે, એમાં યુગે યુગે લે છે હરિ અવતાર રે. ૪
દાસ ગોપાલ કહે ભજી ઘનશ્યામ રે, યુગે યુગે પામે છે અક્ષરધામ રે. ૫

-: પદ - ૧૪ :-

વિભૂતિયું સર્વે કહી છે મેં જાણી રે, એના કર્તા સહજાનંદ પરમાણી રે. ૧
ઉત્પન્ન થૈને જેજે સ્થિતિને પામે રે, પ્રલય કાળે તેના તે દેહ વામે રે. ૨
તેની હવે રીત્ય કહી છે વિચારી રે, ક્ષણ ક્ષણ નાસે નિત્ય પ્રલયમાં દેહ ધારી રે. ૩
નિમિત્ત પ્રલય બ્રહ્માનો દિન જાણો રે, દશ લોક જલમાં જાય તણાણો રે. ૪
સત યુગ ત્રેતા દ્વાપર ને કલિ જાય રે, દાસ ગોપાલ કહે ચોકડી એક થાય રે. ૫

-: પદ - ૧૫ :-

એવી જયારે હજાર ચોકડી ચડે રે, ત્યારે ચૌદ ઈન્દ્ર ગાદી થકી પડે રે. ૧
દિન પક્ષ માસે કરી વર્ષ કાવે રે, એવાં વર્ષ સો લગી બ્રહ્મા રહાવે રે. ૨
ત્યારે એક કલ્પ થયો કેવાય રે, એની ગણના કરતાં શેષ લજાય રે. ૩
એવા સાડાત્રણ ક્રોડ કલ્પ થાવે રે, ત્યારે આવો મનુષ્ય દેહ એકવાર આવે રે. ૪
ત્રિજે પ્રલયે વૈરાટનાં દેહ જાવે રે, દાસ ગોપાલ કહે સૌ લીન થાવે રે. ૫

॥ ઈતિ શ્રી સૃષ્ટિ વર્ણન સંપૂર્ણમ્ ॥

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

-: શ્રી સહજાનંદ સ્વામીના શ્લોકા :-

પ્રથમ ગુણ સાગર સંભારી ગાઉં, મૂરતિ ચિંતવી ધ્યાનમાં લાવું – જેને ચિંતવે ૧
જેને ચિંતવે ટળે ભવશોક, એક મને સૌ સાંભળજો લોક – ગોલોક મધ્યે છે ૨
ગોલોક મધ્યે છે અક્ષર ધામ, સાકાર મૂર્તિ ત્યાં સહજાનંદ શ્યામ – કોટિ અર્કની ૩
કોટિ અર્કની શોભાની ચોર, એવી મૂર્તિ ત્યાં નંદકિશોર – રત્ન જડેલો ૪

રત્ન જડેલો મુગટ શિર ઝળકે, મકરાકૃત કુંડલ કાનુંમાં લળકે – ભ્રકુટી કુટિલ ૫
ભ્રકુટિ કુટિલ ભાલ વિશાળ, નેત્ર કમળ છે અણિયાળાં લાલ – અધર ધરીને ૬
અધર ધરીને મોરલી બેઉ હાથ, રાગ આલાપી વજાડે નાથ – પહેર્યો કંઠમાં ૭
પહેર્યો કંઠમાં કૌસ્તુભ હાર, માળા મોતીની ઉરપર સાર – પેરી ઉંતરીઓ ૮
પેરી ઉતરીઓ સોનાનો દોરો, બ્રહ્મસૂત્રને કટી કંદોરો – પેર્યું પીતાંબર ૯
પેર્યું પીતાંબર અતિ ઉદાર, ઝાંઝર કરે છે પગમાં ઝણકાર – નખશિખ મૂર્તિ છે ૧૦
નખશિખ મૂર્તિ છે નીરખવા જેવી, અષ્ટસિદ્ધિ નવ નિધિએ સેવી – હેમકડાં બેઉ ૧૧
હેમ કડાં બેઉ હાથમાં શોભે, બાંયે બાજુબંધ દેખી મન લોભે-સપ્ત ધનુષ્ય ૧૨
સપ્ત ધનુષ્ય એ પ્રમાણે ફરતો, કોટિ સૂર્યના તેજને હરતો – સપ્ત તાલ છે ૧૩
સપ્તતાલ છે ઉંચો અનૂપ, બેઠા સિંહાસન સુંદર રૂપ – સર્વ મુક્તોને ૧૪
સર્વ મુક્તોને સન્મુખ જોતા, મીઠું બોલીને મનડાંને મોતા – દ્વાદશ ગાઉમાં છે ૧૫
દ્વાદશ ગાઉમાં છે રાધાનો મોલ, રાખ્યાં સ્વામીએ દઈ કોલ – ક્રોડ જોજનમાં૧૬
ક્રોડ જોજનમાં પૂર છે વિસ્તાર, સોળ ગઢ ને સપ્ત છે દ્વાર – રાજ્યમાર્ગ ૧૭
રાજ્યમાર્ગ બાંધ્યો છે મણિએ, બે કોર મંડપની શોભા શું ગણિએ – ક્રોડ જોજન છે ૧૮
ક્રોડ જોજન છે પહોળો વિસ્તાર, તેથી અર્ધી છે ઉંડી અપાર – તેથી દશ ગણી ૧૯
તેથી દશ ગણી વ્યાપીને રહી, વિરજા નદી એ પ્રમાણે કહી – બદ્રીવનથી ૨૦
બદ્રીવનથી વૃંદાવન સારૂં, ગોપી ગોપને લાગે છે પ્યારૂં – ઊંચો ક્રોડ જોજન ૨૧
ઊંચો ક્રોડ જોજન ધારીને લઈએ, ચાળીશક્રોડ જોજન પહોળો કહી દઈએ – પચાસ ક્રોડ ૨૨
પચાસ ક્રોડ જોજનમાં શિખર સોનેરી, કલ્પવૃક્ષોની પંક્તિ ઘણેરી – શતશંગ પર્વત ૨૩
શતશંગ પર્વત એ પ્રમાણે કહ્યો, ગોપિકાનો ત્યાં સમૂહ રહ્યો – ઉપર મણિના ૨૪
ઉપર મણિનાં મંદિર સારૂં, લાખશેરની ફરતી છે હારૂં – દશ જોજનમાં ૨૫
દશ જોજનમાં ઘુમર ગાવે, તેનો શબ્દ સૌ લોકમાં જાવે – બન્યા ગોપિકા ૨૬
બન્યા ગોપિકા દીઠા ગોવિંદ, રાસ રમાડી આપે આનંદ – અર્ક ઈન્દુ ને ૨૭
અર્ક ઈન્દુ ને અગ્નિ ન ભાસે, ચૈતન્ય રૂપ ત્યાં ભૂમિ પરકાશે – આત્મારામ ને ૨૮
આત્મારામ ને પૂરણકામ, ચરિત્ર કરવાને સુંદર શ્યામ – સૌના કારણને ૨૯
સૌના કારણને સૌથી છે ન્યારા, આત્મા તુલ્ય છે ભક્તોને પ્યારા – નિજજન કારણ ૩૦
નિજજન કારણ કૃષ્ણ મોરારી, આવ્યા યુગયુગમાં નર દેહ ધારી – ધર્મ પિતા છે ૩૧
ધર્મ પિતા છે જગમાં વિખ્યાત, મૂરતિ નામે કરી છે માત – પ્રગટ થઈને ૩૨
પ્રગટ થઈને નરનારાયણ રૂપ, જુગલ મૂરતિયે શોભે અનૂપ – ધર્મના આશ્રમથી ૩૩
ધર્મના આશ્રમથી ચાલ્યા બે ભાઈ, બદરિકાશ્રમ આવ્યા છે ધાઈ – તપ કરવાનું ૩૪
તપ કરવાનું ધારી તતખેવ, આસન વાળી બેઠા બે દેવ – અતિ સમર્થ ૩૫
અતિ સમર્થ બળિયા બે વીર, તપે કરી છે કૃશ શરીર – દ્વાપર કળિની ૩૬
દ્વાપર કળિની સંધિમાં શામ, નારાયણ પ્રગટ્યા મથુરા ગામ – શ્રાવણ વદને ૩૭
શ્રાવણ વદને અષ્ટમી બુધવાર, અરધી રાત્રે થયા રાજકુમાર – વસુદેવ દેવકી ૩૮
વસુદેવ દેવકીને પરચો દેખાડ્યો, યદુકુળ સર્વેને સુખે રમાડ્યો – બળદેવ સોતા તે ૩૯
બળદેવ સોતા તે વળી ગોકુળમાં જાઈ, વૃદ્ધિ પામ્યા છે નંદ ઘેર બે ભાઈ – નર પ્રગટ્યા તે ૪૦
નર પ્રગટ્યા તે કુરુકુળમાં જઈ, સખા કૃષ્ણના સાચા છે ભાઈ – મારી દૈત્યને ૪૧
મારી દૈત્યને ભાર ઉતાર્યો, દેવાદિક સર્વેનો શોક નિવાર્યો – કૃષ્ણ કહે છે ૪૨
કૃષ્ણ કહે છે સુણો બળદેવ, લેશું જન્મ બીજો તતખેવ – તે સત્ય કરવાને ૪૩
તે સત્ય કરવાને બેઠા છે ધારી, ત્યાગ વૈરાગે શૂરા છે ભારી – પત્ની સોતા ત્યાં ૪૪

પત્નિ સોતા ત્યાં ધર્મદેવ આવ્યા, મરીચ્ચાદિક ઋષિ સૌ સાથે લાવ્યા – અધર્મ વ્યાપ્યો છે ૪૫
અધર્મ વ્યાપ્યો છે કળિયુગને પામી, તેને ટાળો તમે સમર્થ સ્વામી – ભરતખંડની ૪૬
ભરતખંડની વારતા કહી, બેઠા સભામાં તત્પર થઈ – રૂડે પ્રશ્ને કરી ૪૭
રૂડે પ્રશ્ને કરી પૂછ્યા બેઉ ભ્રાત, અધર્મ ટાળ્યાની કરે છે વાત – કૈલાસ પર્વતથી ૪૮
કૈલાસ પર્વતથી આવ્યા દુર્વાસા, સનમાન વિના ઉભા છે પાસ – કોપ કરીને ૪૯
કોપ કરીને બોલ્યા તે વાણી, મારૂં અપમાન કીધું છે જાણી – ધર્માદિ સર્વેને ૫૦
ધર્માદિ સર્વેને દીધો ત્યાં શાપ, ભરતખંડમાં જન્મ લીયો આપ – દંડ વિના શાપ ૫૧
દંડ વિના શાપ ઘટે ન તમને, તમો આવ્યાની ખબર ન અમને – ધર્મ કરશો તમે ૫૨
ધર્મ કરશો તમે વિનય ઉપાય, શાપ દીધો તે મિથ્યા નવ થાય – શાપ ભેળો અનુગ્રહ ૫૩
શાપ ભેળો અનુગ્રહ કરૂં છું એહ, દ્વિજકુળમાં ધરશો તમે દેહ – પુત્ર તમારા ૫૪
પુત્ર તમારા થાશે ભગવાન, રાજી થઈ મેં દીધું વરદાન – અસુરનાં કષ્ટ ૫૫
અસુરનાં કષ્ટથી ઉગારી લેશે, મારા શાપથી મૂકાવી દેશે – એટલી વાર્તા ૫૬
એટલી વાર્તાને કરીને રહ્યા, પાછા દુર્વાસા મૌન જ થયા – શાપ ટાળ્યામાં ૫૭
શાપ ટાળ્યામાં સમર્થ છું તોય, તમો ભેળો હું આવીશ સોય – કોશળ દેશમાં ૫૮
કોળશ દેશમાં રૈકહટપુર વાસ, ભક્તિ ભાવે કરી હરિના દાસ – બ્રાહ્મણ સરવરિયા ૫૯
બ્રાહ્મણ સરવરિયા સામ છે વેદ, સાવર્ણી ગોત્ર કૌથમી શાખાના અવિચ્છેદ–પાંડે બાળ શર્મા ૬૦
પાંડે બાળ શર્મા નામ છે સાર, પત્ની ભાગ્યવતી નામે છે ઉદાર – સંવત્ સત્તરને ૬૧
સંવત્ સત્તરને છન્નુનો માસ, પ્રગટ્યા ધર્મને થયો હુલ્લાસ – કૌશલ દેશમાં ૬૨
કૌશલ દેશમાં છપૈયા ગામ, અવધપુરી છે સમીપે ધામ – ત્રવાડી કૃષ્ણ ૬૩
ત્રવાડી કૃષ્ણશર્મા છે નામ, પત્ની ભવાની નામે છે વામ – સંવત્ સત્તાર ૬૪
સંવત સત્તર અઠાણું કહિયે, મૂરતિ પ્રગટ્યાં તે પૂનમને દીંયે – ધર્મ ભક્તિનો ૬૫
ધર્મ ભક્તિનો વિવાહ કીધો, કૃષ્ણશર્માએ લાભ જ લીધો – જમાઇ રાખ્યા છે ૬૬
જમાઇ રાખ્યા છે પોતાને ઘેર, વૃદ્ધિ પામી છે ભક્તિને લેર – ભક્તિ કરતાં જોઇ ૬૭
ભક્તિ કરતાં જોઇ પૂરણ પ્યાર, અસુર પીડવા થયા છે તૈયાર – પ્રયાગક્ષેત્રની ૬૮
પ્રયાગક્ષેત્રની યાત્રા કીધી, ઉદ્ધવસ્વામીએ દીક્ષા ત્યાં દીધી – વૃંદાવનમાં ૬૯
વૃંદાવનમાં જઇ તપ જ કીધું, ત્યારે ભગવાને દર્શન દીધું – ચિંતા કરશોમાં ૭૦
ચિંતા કરશોમાં તમે મન લેશ, સત્ય માનજો મારો ઉપદેશ – પુત્ર તમારો ૭૧
પુત્ર તમારો થઈને આવી, મુક્તમંડળને સંગાથે લાવી – કર્યો છુપૈયે ૭૨
કર્યો છુપૈયે આવી નિવાસ, પુત્ર થયાની મનમાં છે આશ – સંવત્ અઢાર ૭૩
સંવત્ અઢાર સાડાત્રીશો વરસ, જોઇ ચોઘડીયું ઉત્તમ સરસ – ચૈત્ર શુક્લને ૭૪
ચૈત્ર શુક્લને નવમી કાળ, દશ ઘડી રાત્રિએ પ્રગટ્યા છે બાળ – બાળક જોઇને ૭૫
બાળક જોઇને પૂરણ ચંદ્ર, માતપિતાને વાધ્યો છે આનંદ – ત્રિવિધ વાયુ ૭૬
ત્રિવિધ વાયુ વહે છે આનંદકારી, તારા નભની શોભા છે ભારી – વાજે વધાઇઓ ૭૭
વાજે વધાઇઓ ઉચ્છવ થાયે, નારી યૂથ મળી મંગળ ગાય – દેવ દુંદુભી ૭૮
દેવ દુંદુભી વજાડે હરખે, પુષ્પે કરીને ઉપર વરસે – આવી કોટરા ૭૯
આવી કોટરા રાક્ષસી ભારી, દૃષ્ટિ માત્રે કરીને મારી – કાલીદત્ત નામે ૮૦
કાળીદત્ત નામે દૈત્ય કઠોર, અંધ કરી માર્યો ધર્મ કિશોર – મારકંડ ઋષિ ત્યાં ૮૧
મારકંડ ઋષિ ત્યાં ધારીને આવ્યા, નામકરણ કરી ભેદ બતાવ્યા – પુત્ર તમારા ૮૨
પુત્ર તમારા પૂરણ કામ, નીલકંઠ હરિકૃષ્ણ ઘનશ્યામ – આઠ વરસે તે ૮૩
આઠ વરસે તે ઉપવીતને પામી, નૈષ્ઠિક બ્રહ્મચારી રહ્યા છે સ્વામી – પોતે ટાળીને ૮૪

પોતે ટાળીને દુર્વાસાનો શાપ, દિવ્ય ગતિને પમાડ્યાં માબાપ – એકાદશ વરસે ૮૫
એકાદશ વરસે કરી પામ્યા વૈરાગ, ચાલ્યા કરીને ભુવનનો ત્યાગ – નિત્ય સ્નાન કર્યાનું ૮૬
નિત્ય સ્નાન કર્યાનું કરીને મીશ, ચાલ્યા એકલા ઉત્તર દિશ – દશ વીશ પર્વત ૮૭
દશ વીશ પર્વત ઓળંગી રહ્યા, પછી હિમાચલ ગિરિમાં ગયા – હસ્તિ સિંહાદિ ૮૮
હસ્તિ સિંહાદિ પશુનાં વૃંદ, તેમાં નિર્ભય થઈ રહ્યા સ્વચ્છંદ – મુક્તનાથ જઈ ૮૯
મુક્તનાથ જઈ તપ જ કીધું, એક પગે ઉભા રહી અન્ન ન લીધું – એક વરસ ૯૦
એક વરસ મહાવનમાં ચાલ્યા, ખાધા પીધાના ભાગ જ ટાળ્યા – પર્વત નવલખે ૯૧
પર્વત નવલખે આવ્યા બડભાગી, નવ લખ સિદ્ધની ધૂણી ત્યાં લાગી – સિદ્ધ સરવેને ૯૨
સિદ્ધ સરવેને દર્શન દીધું, મોક્ષ સંબંધી કારજ કીધું – કપિલ દેવની ૯૩
કપિલ દેવની યાત્રા જાણી, વેગે આવ્યા ત્યાં સારંગપાણી – એક માસ ત્યાં ૯૪
એક માસ ત્યાં નિવાસ કીધો, અસુર સરવેને દંડ જ દીધો – ત્યાંથી ચાલ્યા તે ૯૫
ત્યાંથી ચાલ્યા તે કરી હુલાસ, જગન્નાથમાં જઈ કર્યો નિવાસ – દૈત્ય સરવેને ૯૬
દૈત્ય સરવેને ક્ષોભ પમાડ્યો, ધર્મ અધર્મનો માર્ગ દેખાડ્યો – બેસી વહાણને ૯૭
બેસી વહાણને ઉતર્યા સિંધું, દક્ષિણ દિશામાં ચાલ્યા દિનબંધુ – માનસપુરમાં ૯૮
માનસપુરમાં ગયા મોરારી, સત્રધર્મા રાજાને લીધો છે તારી – શિવકાંચી વિષ્ણુકાંચી ૯૯
શિવકાંચી વિષ્ણુકાંચીમાં થઈને, બે માસ રહ્યા શ્રીરંગમાં જઈને – સેતુબંધ નામે ૧૦૦
સેતુબંધ નામે જે તીરથ સાર, બે માસ રહ્યા ત્યાં ધર્મ કુમાર – ત્યાંથી ચાલ્યા તે ૧૦૧
ત્યાંથી ચાલ્યા તે હરિ મહાવનમાં ગયા, પાંચ દિવસ ત્યાં અન્ન ન મળ્યાં – છઠે દિવસે તે ૧૦૨
છઠે દિવસે તે આવ્યો ત્યાં કૂપ, બેઠા નાહીને ભુવનના ભૂપ – શાલીગ્રામનું ૧૦૩
શાલીગ્રામનું પૂજન કીધું, મીઠું સાથવો જમવાને દીધું – ભૂતપુરી થઈ ૧૦૪
ભૂતપુરી થઈ મલયાચળ ગયા, પંઢરપુરમાં બે માસ રહ્યા – દંડકારણ્ય થઈ ૧૦૫
દંડકારણ્ય થઈ શામ શીધાવ્યા, નાશિકપુરમાં ત્ર્યંબકેશ્વર આવ્યા – અડસઠ તીરથ ૧૦૬
અડસઠ તીરથ ફરી દર્શન દીધાં, મોક્ષ સંબંધી કારજ કીધાં – સંવત્ અઢાર ૧૦૭
સંવત્ અઢાર છપનમાં શામ, જાણો આવ્યા છે લોજપુર ગામ – અવતાર ઉદ્ધવનો ૧૦૮
અવતાર ઉદ્ધવનો રામાનંદ સ્વામી, તેને મળ્યા છે આનંદ પામી – સંવત્ અઢાર ૧૦૯
સંવત્ અઢાર સતાવને કરી વિધિ, ઉદ્ધવ સ્વામીએ દીક્ષા ત્યાં દીધી – ધાર્યું નામ તે ૧૧૦
ધાર્યું નામ તે સહજાનંદ સ્વામી, આશ્રિત જનની ભાંગવા ખામી – સંવત્ અઢાર ૧૧૧
સંવત્ અઢાર અઠાવને હાલ્યા, સ્વામી રામાનંદ તો સદેહે ચાલ્યા – ભુજનગરમાં ૧૧૨
ભુજનગરમાં ભુધર ગયા, પરચો દેખાડી છતરાયા થયા – જુનાગઢમાં ૧૧૩
જુનાગઢમાં જીવન જાઈ, ચાલ્યા દામોદર કુંડમાં નાઈ – ગઢપુર આવીને ૧૧૪
ગઢપુર આવીને નિવાસ કીધો, ખાચર એભલે લાવ જ લીધો – મહેર કરીને ૧૧૫
મહેર કરીને મૂળીએ આવ્યા, પ્રીત કરીને પરમારે પધરાવ્યા – ભાલ દેશમાં ૧૧૬
ભાલ દેશમાં ધોળેરે થઈને, વૈરાટપુરમાં રાત્રી એક રહીને – વાલે વરતાલે ૧૧૭
વાલે વરતાલે કીધો નિવાસ, લીલા કરીને ચાલ્યા અવિનાશ – ત્યાંથી ચાલ્યા તે ૧૧૮
ત્યાંથી ચાલ્યા તે જેતલપુર જઈને, ભારે યજ્ઞ કરાવ્યો ત્યાં રહીને – બહુ પ્રકારે ૧૧૯
બહુ પ્રકારે કરાવી વિધિ, બ્રાહ્મણ જમાડી દક્ષિણા દીધી – અમદાવાદમાં ૧૨૦
અમદાવાદમાં શામ સુજાણ, કરીને સમાધિ ખેંચ્યા છે પ્રાણ – દેવ પધરાવ્યા ૧૨૧
દેવ પધરાવ્યા બાથમાં લઈને, કર્યો યજ્ઞ તે કાંકરીએ જઈને – વિપ્ર ચોરાશી ૧૨૨
વિપ્ર ચોરાશી નાતને તેડી, ભોજન જમાડ્યાં ઝાઝાં ઘી રેડી – મહેમદાવાદમાં ૧૨૩
મહેમદાવાદમાં જમીને થાળ, ઘોડે ચડીને ગયા વેલાળ – અગણિત અસુર ૧૨૪

અગણિત અસુર આવ્યા ત્યાં ઘોર, આજ્ઞા કરીને વ્યાપ્યું છે જોર – બાણ સર્વેનાં ૧૨૫
બાણ સર્વેનાં નિષ્ફળ કીધાં, હારી દાંતમાં તરણાં જ લીધાં – પોતે બે દેશમાં ૧૨૬
પોતે બે દેશમાં આચારજ કીધા, કાશી દ્વારકા લેખ કરી દીધા – ચારે દિશમાં ૧૨૭
ચારે દિશમાં સત્સંગ પ્રવર્ત્યો, કામ ક્રોધ મદ મોહને હર્યો – મોટો અવતાર ૧૨૮
મોટો અવતાર મહાપ્રભુનો થયો, ગીતા ભાગવતમાં પોકારી રહ્યો – વિદ્વાન હોય તે ૧૨૯
વિદ્વાન હોય તે વિચારી લેજો, વૃથા જન્મ એળે ન ખોજો – દ્વિજકુળમાં ૧૩૦
દ્વિજકુળમાં નરદેહ ધારી, અગણિત જનને લીધાં છે તારી – મુક્તમંડળ ૧૩૧
મુક્તમંડળ લઈ ફરીને આપ, ટાળી નાખ્યો દુર્વાસાનો શાપ – સ્વામિનારાયણ ૧૩૨
સ્વામિનારાયણ ભજન કરશે, પેઢી ઈકોતેર તેની જ તરશે – સહજાનંદ સ્વામી ૧૩૩
સહજાનંદ સ્વામી છે સર્વેના બેલી, કરજો આશરો કુળલાજને મેલી – વેદ પુરાણો ૧૩૪
વેદ પુરાણો પોકારી રહ્યાં, પ્રગટ નિંદાએ કોઈ પાર ન થયાં – રામાવતારે ૧૩૫
રામાવતારે રાવણને માર્યો, વાંદર જાતિને વિભિષણને તાર્યો – કૃષ્ણાવતારે ૧૩૬
કૃષ્ણાવતારે કંસને મારી, ગોપી ગોપને લીધાં છે તારી – ઘોર કળિમાં ૧૩૭
ઘોર કળિમાં નરદેહ લીધી, ધર્મ ભક્તિની વૃદ્ધિ બહુ કીધી – અંત સમયે ૧૩૮
અંત સમયે હરિ વિમાન લઈને, તેડી જાય છે દરશન દઈને – અષ્ટ આવરણ ૧૩૯
અષ્ટ આવરણ ભેદીને લીધાં, સહેજે કારજ સર્વેનાં કીધાં – આ શ્લોકો ૧૪૦
આ શ્લોકો સૂણીને ગાશે, દાસ ગોપાળ કહે ધામમાં જાશે – ઈતિ શ્લોકા ૧૪૧

ઈતિ શ્લોકા સંપૂર્ણમ્

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્
સદ્ગુરૂ શ્રી નિષ્કુલાનંદમુનિ કૃત
વૃત્તિ વિવાહઃ
-: રાગ ધોળ – પદ– ૧ :-
(કુંદનપુર વિવા'રચ્યો એ ઢાળ છે)

લાગું પાયે પરબ્રહ્મને, સોયે સદ્ગુરુ શ્યામ ।
સંતવેષે શ્રીહરિ, એક રૂપ ને ત્રય નામ ॥૧॥
મંગળ ઈચ્છે જો મનમાં, તો સોંપે શરણે શિશ ।
અખંડ સુખને પામવા, ગાઉં ગુણ હરિના હમિશ ॥૨॥
વિવા' તે નામે વધામણું, માંહિ વર કન્યાની વાત ।
વૃત્તિ તે નામ વનિતા, વર શ્રીહરિ સાક્ષાત ॥૩॥
વરે વર્યાની ઈચ્છા કરી, સોપ્યું શ્રીફળ બૃહદ વૈરાગ્ય ।
ઓઢીછે અવલ ઘાટડી, મારા સ્વામી તણો જે સુવાગ ॥૪॥
સ્વાગણ થઈછે સુંદરી, પામી અખંડ એવાતણ ।
આવો સખી સરવે મળી, ગાઈએ ગોવિંદજીના ગુણ ॥૫॥
ધન્ય ધન્ય જન્મ માહેરો, થયું સગપણ શ્યામને સાથ ।
ઈચ્છા તે વર મુજને મળ્યો, નિષ્કુલાનંદનો નાથ ॥૬॥

-: રાગ ધોળ– પદ– ૨ :-
(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

ઈચ્છ્યા અલબેલો વર મળિયારે, ભય તો ભવસાગરના ટળિયારે ।

અતિ એક અમૂલ્ય ઘાટડીરે, તેતો અમને અલબેલે જો ઓઢાડી રે ।૧।
ઘાટડીતો ઘણી મુલી કે'વાયરે, તેતો અબળા વિના નવ ઓઢાયરે ।
ઘાટડી તો શુકદેવે શોભાડીરે, ઓઢીને ઋષભદેવે દેખાડીરે ।૨।
ઘાટડી તો ઓઢીછે પ્રહ્નાદેરે, ઓઢી બીજે અનેક જને આદેરે ।
ઘાટડી તો ઓઢી છે ગોપીચંદેરે, ઘાટડી તો ઓઢીછે શાહા બાજંદેરે ।૩।
ઘાટડી તો ભરથરીને ઘણી ભાવીરે, ઘાટડી તો કદરજે શોભાવીરે ।
કંઈક તો વણ ઓઢયે ફરે ફુલ્યારે, નિષ્કુલાનંદ કહે તેતો ભુલ્યારે ।૪।

-: રાગ ધોળ– પદ– ૩ :-

શોભેછે સારી શ્યામ સલુણા વરની ચુંદડીરે, ચુંદડી રંગે દિસેછે રૂપાળી; શોભેછે. ટેક.
ચુંદડી રંગે તે મોહ્યા મોટા મુનિરે, દેખી અંક અલૌકિક અનુપરે; શોભેછે૦
ચુંદડી ભવ બ્રહ્માને ભાવી ઘણુંરે, ચુંદડી સરાયે સૂર નર ભૂપરે; શોભેછે૦
ચુંદડી નયણાં ભરીને નિરખી નારદેરે, સનકાદિકે કર્યો સતકારરે; શોભેછે૦
ચુંદડી વલ્લભ ઘણી છે વ્યાસનેરે, વાલમિકે વખાણી વારમવારરે; શોભેછે૦
ચુંદડી શેષ વખાણે શારદારે, નવ પામે તે પોતનો પારરે; શોભેછે૦
ચુંદડી અંતર પ્રીતે જે ઓઢશેરે, તેને સ્વપ્ને નહિ ગમે સંસારરે; શોભેછે૦
ચુંદડી સારી સોયામણીરે, કર્યાં અનેક જનનાં જો કાજરે; શોભેછે૦
મળ્યા નિષ્કુલાનંદનો નાથજીરે, દયા કરીને આપી અમને આજરે; શોભેછે૦

-: રાગ ધોળ– પદ– ૪ :-

ધન્ય ધન્ય દિન રળિયામણો, ધન્ય અવસર આજરે ।
લગન લાડીલી મોકલે, વે'લા આવો મહારાજરે ।।૧।।
વા'લાજી વિલંબ ન કિજીયેરે, દિજે દરશન દાનરે ।
ભૂધર તમને ભેટતાં, વળે અમારા વાનરે ।।૨।।
મનરે ઈચ્છે છે મળવા, નયણાં જોવાને નાથરે ।
શ્રવણ ઈચ્છે છે સુંણવા, વા'લા મુખની વાતરે ।।૩।।
સર્વે અંગે સ્વામી તમને, સ્પરશિ પાવન કરૂંરે ।
પિયુજી વે'લેરા પધારજ્યો, આવો અંક જ ભરૂંરે ।।૪।।
અવગુણ મારા અનેક છે, રખે તે સામું જોતારે ।
અધમ ઉદ્ધારણ બિરૂદ છે, રખે તે તમે ખોતારે ।।૫।।
બિરુદ સામું જોઈ શ્યામળા, કરજ્યો અમારાં કાજરે ।
શું કહીને સંભળાવીએ, સર્વે જાણો મહારાજરે ।।૬।।
થોડે લખ્યે ઘણું જાણજ્યો, દયા કરજ્યો દયાળુરે ।
જેમ જાણો તેમ જાણજ્યો, છૈયે તમારાં પાળુરે ।।૭।।
છોડતાં છેક છુટો નહિ, તે કેમ છાંડો મહારાજરે ।
નિષ્કુલાનંદના નાથજી, બાંય ગ્રહ્યાની લાજરે ।।૮।।

-: રાગ ધોળ –પદ– ૫ :-

( પીઠી ચોળો પીઠી ચોળો પિતરાણી, એ ઢાળ છે )

શુદ્ધ વિચારથી સાબદા થાઓરે, । ચાલી ચાલીને ચિદાકાશમાં જાઓરે ।
જીયાંરે વસે છે જદુપતિ નાથરે । કે'જ્યો જઈ વિનતિ જોડી બેઉ હાથરે ।।૧।।
વે'લા પધારે હો વિશ્વાધારરે । વાટ કોઈ જુવે છે વિરહવતી નારરે ।
સર્વે સખાને તે તેડજ્યો સાથરે । ઓપે આંગણીયું અમારૂં હો નાથરે ।।૨।।

મારા કુટુંબી બો'ળાં છે બહુરે । હાંસી જો કરવા આવશે સહુરે ।
તેતો તમ થકી પામશે હારરે । લવલવ કરતાં રહેશે નરનારરે ॥૩॥
એક અમે તમે અંક જ ભરશુંરે । મનના મનોરથ પુરા કરશુંરે ।
સુખનો સમાજ સંગે લાવજ્યોરે । નિષ્કુલાનંદના સ્વામી આવજ્યોરે ॥૪॥

-: પદ – ૬ :-

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

જઇ કહી વિનતિ વિચારેરે । સુંણી સર્વે સુંદર વર તે વારેરે ।
કીધું છે કાંઇ જાદવ કુળમાં જાણરે । વાજે છે અનહદ નાદ નિશાણરે ॥૧॥
માનિની તે મળીને મંગળ ગાયરે । ઉછરંગ આનંદ અંગે ન માયરે ।
આવી સર્વે મળ્યો સખાનો જો સાથરે । આજ્ઞા તેને આપે અનાથનો નાથરે ॥૨॥
સજ્જ સર્વે થાઓ તે સખા સહિતરે । જાવું છે જાનમાં કરવી છે જીતરે ।
કોઇ જો મ આવશો કાયર કાચારે । દુઃખીયા દુર્બળ વળજ્યો પાછારે ॥૩॥
બુઢા ને બાળક રહેજ્યો બેસીરે । દુર્મતિ દેખીને કરશે હાંસીરે ।
જન બીજા અનેક મળીને જોશેરે । દુરમતિ વણવાંકે વગોશેરે ॥૪॥
આપણ સહુ આનંદ માંહિ રહેજ્યોરે । વચન તે કોઇને કટુ મ કે'જ્યોરે ।
આવજ્યો અજીત સર્વે અંગેરે । નિષ્કુલાનંદના સ્વામીને સંગેરે ॥૫॥

-: રાગ ધોળ—પદ— ૭ :-

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

સુંણી સજ્જ થયો વૈરાગ્ય, જેને તન મન ધનનો છે ત્યાગ ।
આવ્યો સંતોષ મહા શુરવીર, જેથી ધરે મુનિવર ધીર ॥૧॥
આવ્યો શીલ મહા જો સુભટ, જેથી પળાય કામના કોટ ।
સજ્જ થઇ ક્ષમા અડિખંભ, જેથી ક્રોધ ન કરે આરંભ ॥૨॥
દયા દિસે છે દલની દયાળ, સર્વે જીવતણી પ્રતિપાળ ।
ભક્તિ અદીનતા ધરી ધીર, માંહી જ્ઞાન વિજ્ઞાન ગંભીર ॥૩॥
સમદષ્ટિ સદા સુખકારી, એક આત્મા રહે ભાવ ધારી ।
શુભ ગુણ વિવેક વિચાર, એવાં કે'તાં તે ના'વે પાર ॥૪॥
એક એક થકી છે અનૂપ, સર્વે સંતને છે સુખરૂપ ।
સર્વે મળીને શોભે છે જાન, માંહિ વર દિસે કોડિલો કાન ॥૫॥
પછી આવ્યા છે પુરને પાસ, દેખી દુર્મતિ પામ્યા છે ત્રાસ ।
એક કહે છે બુઢાને બાર, વર આવ્યા છે પુર મોઝાર ॥૬॥
ત્યારે કુબુદ્ધિ કરે છે વિચાર, નાશી નિસરો પુરની બા'ર ।
હરિએ આવી કર્યો છે મુકામ, સર્વે ટાળ્યાં અવિદ્યાનાં ઠામ ॥૭॥
હાર્યો અહંકાર થઇ છે હાર, ત્યારે વરે સજ્યો શણગાર ।
વર સુંદર વર વનમાળી, કહે નિષ્કુલાનંદ નિહાળી ॥૮॥

-: રાગ ધોળ— પદ— ૮ :-

વર નિર્ગુણ રે થયા સગુણ રૂપ, ઓપે છે અનુપ ભૂપો શિરભૂપ ।
જોઇ જન રૂપ કે નિરખે નાથનેરે ॥
વર દિસેછે દિલના દયાળ, દીન પ્રતિપાળ ભૂપના ભૂપાળ ।
કાળશિર કાળ સુખદાઇ સાથમેરે ॥૧॥
વરે પે'ર્યો છે સુંદર સુરવાળ, ઝગે જામા ચાળ, કંઠે મોતી માળ ।

દિસે છે વિશાળ કે ભલેરા ભાવનીરે ॥
વરે પેર્યો છે જામો જરકસી, કમર લઈ કસી મુખે રહ્યા હસી ।
જનમન વસી કે મૂરતિ માવનીરે ॥૨॥
વરને કરે શોભે વેઢ વીંટી; પોચી પે'રી દીઠી કરે જોત્ય કોટી ।
લીધી શોભા લુંટી કે લોક ત્રણનીરે ॥
સોના સાંકળાં શોભે સુચંગ, બાંયે બાજુબંધ કુંડળ ઉત્તંગ ।
અતિ શોભા અંગ કે અશરણ શરણનીરે ॥૩॥
વરને શિરપર સોનેરી પાગ, શું કહે શેષનાગ કે'વા નહિ લાગ ।
અમારાં જો ભાગ્ય કે હેતે મળ્યા હરિરે ॥
કેશર તિલક ભાલને વચ્ચ, પાઘડીને પેચ શોભે શિરપેચ ।
લાગી છે લાલચ કે કલંગિ કેવી ધરિરે ॥૪॥
નખશિખ શોભા તે કહી ન જાય, કવિ કંઈ ગાય તે થાપ ન થાય ।
મોટો છે મહિમાય કે અકળ એ નાથછેરે ॥
વરે કરમાં લીધી લાલ છડી, પાયે મોજડી મોતીએ તે જડી ।
વર ઘોડે ચડી કે સંગે સખા સાથ છેરે ॥૫॥
પરમહંસ બ્રહ્મરસના ભોગી, સંગે સાંખ્યયોગી અંતરે અરોગી ।
જે સંત સંયોગી કે સહજાનંદનેરે ॥
નિષ્કુલાનંદના સ્વામીને જોઈ, મન રહ્યું મોઈ હૈયે સુખ હોઈ ।
વદુઃખ ખોઈ કે પામ્યા આનંદનેરે ॥૬॥

-: રાગ ધોળ—પદ— ૯ :-

(ઢાળ — પીઠી ચોળો પીઠી ચોળો પીતરાણીરે.)

સુંદર વર તોરણે પધાર્યારે, । જનમન નવલા નેહ વધાર્યારે ।
વાજીંત્ર વાજેછે બહુ વિધરે । પિયુ મારો પધારિયા પ્રસિદ્ધરે ।૧।
પોંખણું લઈને આવે પનોતિરે । વર પોંખી વળી વધાવેછે મોતીરે ।
સાંપટિયાં સુખ દુઃખનાં ભાંગ્યાંરે । પિડલિયા તે પાપ પુન્યનાં ત્યાગ્યાંરે ।૨।
અંતર પટ પરૂ લઈ લીધું રે । દયા કરી દયાળે દર્શન દીધુંરે ।
પછી પિયુ પ્રેમે પધાર્યા છે પાટેરે । મહાસુખ મુજને આપવા માટેરે ।૩।
ધન્ય ધન્ય અવસર આવ્યો છે આજરે । મે'ર ઘણી કરી પધાર્યા મહારાજરે ।
અમ ઉપર આજ અઢળ હરિ ઢળિયારે । નિષ્કુલાનંદનો સ્વામીજી મળિયારે ।૪।

-: પદ— ૧૦ :-

માયરે બેઠાછે દેવ મોરારરે, સુંદરીએ સજયો છે શણગારરે ।
પહેર્યા છે આનંદના અણવટરે, અજીત અડગ ને અમટરે ॥૧॥
ઝાંઝર પ્રેમનાં નેમનાં કા'વેરે, ઉત્તારી ઉર હરિ એક ભાવેરે ।
માળા માદળિયાં સાંકળી હારરે, શમ દમ આદિ વિવેક વિચારરે ॥૨॥
પે'ર્યો છે અખંડ વરનો ચુડોરે, સુંદરી સુંદર વર પામી રૂડોરે ।
નાકે તે પેર્યાં નિર્મળાં મોતીરે, સજ્જ થઈ પિયુને મળવા પનોતીરે ॥૩॥
ચાંદલિયો અવિચળ વરનો ચોડ્યોરે, સંશય તે સર્વે અવર બીજો તોડ્યોરે ।
મેલ્યો છે નિઃશંકનો શિર મોડરે, દેખી વાલો રાજી થયા રણછોડરે ॥૪॥
ઘાટડી વૈરાગ્યની ઘણી સારીરે, સખી એવે શણગારે શણગારીરે ।
પધરાવ્યા પછી પિયુને પાસરે, ટાળી છે લોકલાજ તનત્રાસરે ॥૫॥

બની છે સુંદર સરખી જોડીરે, બાંધી છે ગાંઠ્ય ન છુટે છોડીરે ।
વર કંઠે આરોપી વરમાળરે, પ્રભુ અમે દીન તમે પ્રતિપાળરે ।।૬।।
તન મન સોંપ્યું છે હરિ તમનેરે, તમ સંગે શોભા આવી છે અમનેરે ।
ત્યારે હરિએ હેત કરી સાયો હાથરે, સખી તારે થશેજો સનાથરે ।।૭।।
નિઃશંક નિર્ભય થઇ સર્વે અંગેરે, સુંદર શ્યામળિયા વરસંગેરે ।
સુંદરી સર્વે અંગે સુખ પામીરે, મળિયા છે નિષ્કુલાનંદનો સ્વામીરે ।।૮।।

-: રાગ ધોળ– પદ– ૧૧ :-

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

ચોરી સ્થંભ રચ્યા તિયાં ચારરે, રહે વ્રતમાને નર નારરે ।
પિયુ સ્પરશી પ્રદક્ષિણા કરેરે, તેતો ભવમાં ફેરા ન ફરેરે ।।૧।।
ધન્ય સખી સુંદર વર પરણેરે, તન મન સોંપી હરિશરણેરે ।
કામ ક્રોધના જવ તલ બાળ્યારે, સંશય શોક સર્વે તિયાં ટાળ્યારે ।।૨।।
પિયુ પરણીને પાવન થયાંરે, સુખ મુખે ન જાય તે કહ્યાંરે ।
હરિહાથે જમ્યા જે કંસારરે, તેને સ્વપને ન ગમે સંસારરે ।।૩।।
ફેરા ફરીને આજ ઉતર્યાંરે, સર્વે કાજ અમારાં તે સર્યાંરે ।
પ્રેમ નેમ ને ભક્તિ ભાવેરે, સખી ચારમળીને વધાવેરે ।।૪।।
વર વધાવી વારણે જાયરે, નાથ નિરખતાં તૃપ્ત ન થાયરે ।
નાથ નિરખીને લોભ્યાં છે નેણરે, મુખ જોઇ મન થયાં મેણરે ।।૫।।
મુખ જોઇ મેલ્યું નવ જાયરે, રહેજ્યો અખંડ અંતર માંયરે ।
વા'લા વા'લપ્ય આવે છે હૈયેરે, જાણું અંગે આલિંગન લૈયેરે ।।૬।।
પુરૂં મનોરથ મારા મનના રે, ખંગ વાળું ખોયલા દનનારે ।
સખી પુરણ પુણ્યે હું પામીરે, વર નિષ્કુલાનંદનો સ્વામીરે ।।૭।।

-: પદ–૧૨ રાગ ધોળ :-

છબિલા વાલા છોડો દેવાધિદેવ દોરડોરે, દિસે દોરડીયે દશ ગાંઠરે; છબિલા૦
ગાંઠ અનેક જનમની આવરીરે, તેને લાગશે લગારેક વારરે; છબિલા૦
કળે કળે કરીને છોડજ્યોરે, નહિ તો તુટિ જાશે નિરધારરે; છબિલા૦ ૧
અહં દેહ અભિમાન દોરડોરે, મહા વિકટ છે વિપરિતરે; છબિલા૦
તમે તોડવાને તો તૈયાર છોરે, કાંઇ રાખજ્યો છોડવાની રીતરે; છબિલા૦ ૨
પડી ગાંઠ્ય ઘુંચાઇ ઘણા દિનનીરે, માંહિ અનેક રહ્યાં છે ઉત્થાનરે; છબિલા૦
નથી કાળિનાગ જે નાથશોરે, નથી દાવાનળ જે કરો પાનરે; છબિલા૦ ૩
વા'લા આકળે અરથ સરે નહિરે, ધરી ધીરજ કરો વિચારરે; છબિલા૦
વા'લા ગાંઠ્ય છોડ્યે તમે છુટશોરે, આંટી કાઢી જોઇશે આણી વારરે; છબિલા૦ ૪
તેતો તમારે હાથે હરિ છુટશેરે, એમાં નથી અમારો કાંઇ દોષરે; છબિલા૦
દયા કરીને છોડજ્યો દોરડોરે, રખે રાંક જાણી કરો રોષરે; છબિલા૦ ૫
તમે અનેક જુગતી આદરીરે, વિધ્યે વિધ્યે કરો છો વિચારરે; છબિલા૦
સ્વામી નિષ્કુલાનંદના સમર્થ છોરે, જો છોડો તો સઇ છે વારરે; છબિલા૦ ૬

-: રાગ ધોળ પદ – ૧૩ :-

અહો આજ અમારાં હો ભાગ્ય, અમરવર વરિયારે ।
વર સુંદર શ્યામ સુજાણ, નિરખીને નયણાં ઠરિયાંરે ।।૧।।
વર નિરગુણ ને નિરલેપ, સગુણ થયા સ્વામીરે ।

વર અખંડ ને અવિનાશ, અકળ અંતરજામીરે ॥૨॥
વર અતોલનેરે અમાપ, થાય ન થાય રતિરે ।
વર હરિહર અજના આધાર, પ્રકૃતિ પુરૂષના પતિરે ॥૩॥
વર પંડ્યે બ્રહ્માંડને પાર, અકળ ન જાય કળ્યારે ।
નેતિ નેતિ કહે જેને વેદ, તેતો આજ અઢળ ઢળ્યારે ॥૪॥
વર ગુરૂવા ગુણને પાર, તેતો કેમ જાય કહ્યારે ।
વર અજર છે જો અજીત, પ્રીતે પ્રગટ થયારે ॥૫॥
વાલે ધર્યું મનુષ્ય શરીર, જન હેત કારણેરે ।
જેને દરશે સ્પરશે પાપ જાય, વારી જાઉં વારણેરે ॥૬॥
મારા પુણ્યતણો નહિ પાર, ભેટ્યા આજ ભાવે હરિરે ।
મળ્યા નિષ્કુલાનંદનો નાથ, મુને સનાથ કરીરે ॥૭॥

-: રાગ ધોળ પદ – ૧૪ :-

(ઢાળ – મારી સાર લેજો અવિનાશી રે.)

ત્યારે બોલી સખીની સાહેલીરે, મુખથી મરજાદ પરિમેલીરે;
મારે કે'વું છે કાંઇ કેણરે, બોલીશ વાંકાં વસમાં વેણરે ॥૧॥
આ જો આશ્ચર્ય સરખી વાતરે, દિસે નાનડીઓ ઘણી ઘાતરે;
એને જગમાં કોઇ ન જાણેરે, એતો પોતે પોતાને વખાણેરે ॥૨॥
એતો આજ કાલ્યનો નહિ કાળોરે, જાણું છું જાત્ય નંદજીનો લાલોરે;
શિખ્યો કામણ ટુમણ કાંઈરે, મંત્ર મોરલીમાં નિત્ય ગાઈરે ॥૩॥
એતો ફોગટ ફુલ્યો ફરેરે, એતો અબળાતણાં મન હરેરે;
એતો ઘરનો છે ધુતારોરે, એને કોણ કહેછે સારોરે ॥૪॥
સહુ કોઈ રહ્યું છે સામું જોઈરે, મુખપર કહી નથી શકતું કોઈરે;
કામણ મોરલીમાં કાંઈ કર્યુંરે, તેણે અબળાનું મન હર્યુંરે ॥૫॥
તેણે લાગ્યો હરિજીશું હેડોરે, વળી તેનો કા'ન ન મુકે કેડોરે;
ગોપી ભુલી ઘરનાં કાજરે, મેલી લોક કુટુંબની લાજરે ॥૬॥
આપ ઈચ્છાએ હરિવર વરીરે, હવે બેઠી ઠેકાણે ઠરીરે;
એને મનમાન્યો વર મળ્યોરે, હશે હેત તે પ્રીતે મળ્યોરે ॥૭॥
એમાં અમારૂં શિયું ગયુંરે, ભલે સુખ જો સખીને થયું રે;
એને અભાવ થયો છે અમારો રે, નિષ્કુલાનંદનો સ્વામી એને સારોરે ॥૮॥

-: રાગ ધોળ– પદ– ૧૫ :-

એવું સુંણીને બોલી સુંદરી, સખી સાંભળ તો કહું વાત;
હો બેની, એમ ન કહ્યે એહને । વળી વિચાર વિના જે બોલવું,
તેતો જીવ જણાવે જાત્ય; હો૦ ॥૧॥
સખી બોલીને કેમ બગાડીએ, બોલ્યું અણબોલ્યું કેમ થાય; હો૦ ।
જે કોઈ વચન નિસરે મુખથી, તેતો પાછુંકેમ સમાય; હો૦ ॥૨॥
તું ન જાણીશ નંદજીનો લાડીલો, એ છે અખિલ ભુવનનો આધાર; હો૦
સખી શેષ મહેશ ને શારદા, એને કોઈ ન પામે પાર; હો૦ ॥૩॥
એનો બ્રહ્મા તે ભેદ જાણે નહિ, વળી વેદ ન પામે પાર; હો૦ ।
સખી અનેક જનને ઉદ્ધારવા, આવી લીધો છે આ અવતાર; હો૦ ॥૪॥
તમે જાણો છો એમ તો એ નથી, એ છે પંચ વિષયને પાર; હો૦ ।

જેને વચને તે વિકાર વામીએ, તેને કેમ વળગે વિકાર; હો૦ ।।૫।।
એતો ચૈતન્ય ઘનમય મૂરતિ, એને સ્પરશે નહિ પંચભૂત; હો૦ ।
એનું પુરણકામ જો નામ છે, વળી કા'વે અખંડ અચ્યુત; હો૦ ।।૬।।
દીન જાણી દયાળે દયા કરી, થયા નિર્ગુણ સગુણ સ્વરૂપ; હો૦ ।
એ છે કોટી કલ્યાણની મૂરતિ, એ છે કોટી કૃપાનું રૂપ; હો૦ ।।૭।।
હાથ જોડીને હરિ આગળે, રહીએ દીન આધીન એમ; હો૦ ।
સખી નિષ્કુલાનંદના નાથને, કટુ વચન જો કે'યે કેમ; હો૦ ।।૮।।

-: રાગ ધોળ– પદ– ૧૬ :-

મારા બોલ્યા સામું જોઇ શ્યામરે, રોષ રખે ધરતા તે રામરે ।
કોઇ નવ સરે જો કામકે; આવીને આ ભવમાં રે ।।
મોટા મન ધરજ્યો ધીરરે, ગુણવંત ગુણના ગંભીરરે ।
ઉનું ટાઢું થાય થોડું નીરકે; તવાઇને તવ્યમાંરે ।।૧।।
અમારા છે અવગુણીયા અનેકરે, હરિ હૈયે આણશોમાં એકરે ।
અધમ ઉદ્ધારણ જે ટેકકે; પાળજ્યો તે પ્રીતશુંરે ।।
વડાને નવ લાગે વિકારરે, જેની મતિ અપરમ પારરે ।
નવ થાય કેણે નિરધારકે; આદેશ અજીતશુંરે ।।૨।।
વજ્રને જેમ વિંધ્યું નવ જાયરે, વેંધતલ સામું વિધાયરે ।
અનેક જો કરીએ ઉપાયકે; નિશ્ચે નિષ્ફળ છેરે ।।
શશી જેમ શીતળ આપરે, તેને તન લાગે નહિ તાપરે ।
સ્પરશે નહિ પુણ્ય ને પાપ કે; નાથ નિરમળ છેરે ।।૩।।
દિસો છો કાંઇ દિલના દયાળરે, દીનબંધુ દીનપ્રતિપાળરે ।
નટવર નંદ ગોવાળકે; નિરખી નયણાં ઠર્યાંરે ।।
નિષ્કુલાનંદના સ્વામીરે, અલબેલા અંતરજામીરે ।
તમને નિરખી સુખ પામી કે; સર્વે કારજ સર્યાંરે ।।૪।।

-: રાગ ધોળ– પદ– ૧૭ :-

(ઢાળ – સખી રે આજ આનંદ મારા ઉરમાં.)

જીરે સજજ થાઓને સુંદરી, મુકી પરી આવ્યાનીરે આશકે, સુંદર સુંદરી
જીરે પ્રીત તજોરે પ્યારની, ચાલો ચાલો પિયુજીને પાસકે; સુંદર૦
જીરે પંનર-નવને પરહરી, તજો પંચ વિષયનીરે પ્રીતકે, સુંદર૦
જીરે અલ્પ સુખ આ સંસારનાં, તેની પશુ કરે પ્રતીતકે; સુંદર૦
જીરે ભર્યો ભવ ભંડાર કલેશનો, અંધઅંધ કે'વાય જે કૂપકે; સુંદર૦
જીરે જડ દુઃખ મિથ્યાને મેલી કરી, રહો સતચિત આનંદ રૂપકે; સુંદર૦
જીરે મોટાં ભાગ્ય કરી માનજ્યે, પામી અખંડ વર અવિનાશ કે; સુંદર૦
જીરે નિષ્કુલાનંદના નાથનાં, રહ્યો ચરણ કમળનાં જો દાસકે; સુંદર૦

-: રાગ ધોળ– પદ– ૧૮ :-

("ગોપીનાથ આવો મારે આંગણે એ ઢાળ.")

સખી આજ આનંદ વધામણાં, મારે હૈડેરે સખી હરખ ન માયકે
દીન દયાળે દયા કરી, બળવંતેરે મારી ગ્રહીછેરે બાંયકે, આજ૦
સખી નેહ જણાવ્યો નયણમાં, જાણી વાલપ્યરે સુણી મુખનાં વેણ કે, આજ૦
સખી કરુણા રસમય મૂરતિ, નાથ નિરખીરે કાંઇ ઠરિયાં છે નેણકે, આજ૦

સખી છબી છબિલાની જોઈને, મન મોહ્યુંરે જોઈ વાલાનું મુખકે, આજ૦
ચિત્ત ચોરી લીધું લાલ લટકે, વણ દિઠેરે નવ થાય જો સુખકે, આજ૦
સખી નટવર કુંવર નિરખી, ઘણું હરખીરે મારા હૈડામાંયકે, આજ૦
સખી પૂરણ પુણ્યે તે પામીએ, ભાગ્ય મોટાંરે મુખ કહ્યાં ન જાયકે, આજ૦
સખી ધન્યધન્ય અવસર આજનો, આજ પ્રગટ્યોરે અતિ નવો આનંદકે, આ૦
મારૂંજીવિત સફળ કરી જાણિયું, રાજી થયારે સ્વામી સહજાનંદકે, આ૦
મુને વિસારી નહિ મારે વાલમે, સહજાનંદેરે મારી કરીછે સારકે, આજ૦
સખી નિષ્કુલાનંદના નાથને, જાઉં વારણેરે હું તો વારમવારકે, આજ૦

-: રાગ ધોળ– પદ– ૧૯ :-

(ઢાળ – વરઘોડો વાલાજીનો નીસર્યો રે.)

જેનાં પુણ્ય હશે તે વર પામશેરે, તેતો વામશે તનડાંના તાપરે;
અખંડવર એક છેરે. ટેક૦
મનવાંછિત મહાસુખ માણશેરે, વળી જાણશે જે પિયુનો પ્રતાપરે; અ૦
સખી વરીએ તો અમર એ વરનેરે, જેનું એવાતણ અખંડ અભંગરે; અ૦
સખી સુખ અલ્પ આ સંસારનાંરે, તેનો સમઝુ ન કરે કેદી સંગરે; અ૦
સખી મૂર્ખ મનુષ્યની મંડળીરે, તેતો સંસારનાં સુખ સરાયેરે; અ૦
સખી વિવેકી રહેછે તેથી વેગળારે, તેનો સ્વપ્નામાં સંગ ન ચા'યરે; અ૦
સખી સનકાદિકે શુકે શું કર્યુંરે, દત્ત ભરત રહ્યા છે જેથી દૂરરે; અ૦
સખી નિષ્કુલાનંદના સ્વામી વિનારે, બીજું અન્યભજે જાણો ભૂરરે; અ૦

-: પદ– ૨૦ :-

અહો ધન્ય ધન્ય ભાગ્ય આ ભૂમિનાંરે,અહો ધન્ય ધન્ય વૃક્ષ વેલી વનરે;
અલોકિ રીત આજનીરે૦ ટેક૦
અહો ધન્ય ધન્ય સર સરિતા સિંધુરે, સ્પરશિ હરિ પદ થયાં છે પાવનરે; અ૦
અહો ધન્ય ધન્ય ખગ મૃગ જાતનેરે, જેનો આરે સમામાં અવતારરે; અ૦
અહો ધન્ય ધન્ય અશ્વ તે એહનેરે, જેને ઉપર છે હરિ અશવારરે; અ૦
અહો ધન્ય ધન્ય સતસંગી સંતનેરે, જે કોઈ સદાય રહેછે હરિ સાથરે; અ૦
જેને અરસ પરસ રહે એકતારે, હરિ હેતે જમે છે જેને હાથરે; અ૦
અહો ધન્ય ધન્ય સુર નર નાગનેરે, જે કોઈ વસીયા આ બ્રહ્માંડે વાસરે; અ૦
તેતો અંતરે ઈચ્છેછે તન ધારવારે, થાવા ચરણ કમળના દાસરે; અ૦
તેતો કોણ જાણે જે કેમે હશેરે, તેનો મર્મ જાણે છે મહારાજરે; અ૦
શમ દમ આદિ જે આગ્યે કહ્યાંરે, તેતો તન ધરી રહ્યાં આજરે; અ૦
સર્વે સમાજ સહિત પધારિયારે, સંત જનને તે આપવા સુખરે; અ૦
અહો ધન્ય ધન્ય સર્વે એ જનનેરે, મોટાં ભાગ્ય ન જાય કહ્યાં મુખરે; અ૦
કહ્યું નથી જાતુંરે સુખ મુખથીરે, જેવું આપ્યું છે અલબેલે આજરે; અ૦
મારા અંતરમાં બેસીને બોલિયારે, હતું કે'વાનું જેટલું કાજરે; અ૦
વિવા વરણવ્યો પદ છંદ વિશમાંરે, કહ્યું સંક્ષેપે સર્વેનું રૂપરે; અ૦
વર નર તો એક નારાયણ છેરે, બિજા સર્વે છે સખીને સ્વરૂપરે; અ૦
એવું નિશ્ચે જાણીરે જન સર્વેનેરે, રે'વું સખી સ્વરૂપે સર્વે અંગરે; અ૦
વર નિષ્કુલાનંદનો નાથ છેરે, રાખો હેત પ્રીત સ્વામીને સંગરે, અલોકિ૦

॥ ઈતિશ્રી વૃત્તિવિવાહ સંપૂર્ણમ્ ॥